

નવાં પુસ્તકો

૧	છેલ્લું પ્રયાણ	ઝ. મેઘાણી	૨–૪
૨	પરિભ્રમણ ભા-૨	,,	૩–૮
૩	રેલગાડીની સૃષ્ટિ	,,	૧–૦
૪	કાવ્ય-સાહિત્યનાં વહેણો	પ્રો. પાઠક	૩–૦
૫	પંખીનો મેળો	ઈશ્વર પેટલીકર	૨–૮
૬	પાછલે બારણે	પન્નાલાલ પટેલ	૨–૮
૭	હિરોશિમા	અનુ: નિરુ દેસાઈ	૧-૧૨
૮	લા-મિઝરેબ્લ ભા. ૧-૨	મૂ. ભટ્ટ	૪–૪
૯	'૫૭–જલિયાંવાલા	દર્શક	૩–૦
૧૦	આપણે આંગણે ઊડનારાં	વર્મા - પરમાર	૪–૪
૧૧	છ-પક્ષિ પુસ્તિકાઓ ભા.૧-૨	,,	૩-૧૨
૧૨	દેશદેશની લોકકથાઓ ભા.૧-૨	,,	૬–૦
૧૩	પરિકથાઓ ભા. ૧-૨	,,	૬–૮
૧૪	રૂપકથાઓ	,,	૩–૦
૧૫	ગગનને ગોખ	,,	૩–૮
૧૬	સાથી	રા. ના. પાઠક	૫–૦
૧૭	સોહાગ	,,	૨–૮
૧૮	માનવતાનાં મૂલ	,	૪–૦
૧૯	ભાષા-લેખન	કે. કા. શાસ્ત્રી	૧–૦
૨૦	જંગલનો રાજા : ટારઝન		૪–૦
૨૧	ઘરને માર્ગે	અનુ: મકરન્દ દવે	૪–૦
૨૨	મા વિનાનાં	બાબુભાઈ વૈદ્ય	૨–૮
૨૩	શિખરિણી	ચંદ્રવદન મહેતા	૧-૮
૨૪	પૂનમ રાત	જગદીપ વિરાણી	૨–૦
૨૫	વારસ	ઉમેશ કવિ	૨–૮
૨૬	દક્ષિણ ભારતનાં તીર્થધામો		૨–૦
૨૭	પાંખો ફફડાવી	તનસુખ ભટ્ટ	૨–૮
૨૮	દેવ અને દાનવ	મયૂર	૧–૮
૨૯	ગાંધીબાપુ ભા.૧-૨	રા.ના પાઠક	૯–૦
૩૦	દીઠું મેં ગામડું જ્યાં	ર. અદાણી	૨–૮

ભારતી સાહિત્ય સંઘ લિ.

પોસ્ટ બૉક્સ નં ૯૭૮ મુંબઈ-૧

પોસ્ટ બૉક્સ નં. ૭૩ અમદાવાદ

સોહાગ

રામનારાયણ નાગરદાસ પાઠક

ભારતી સાહિત્ય સંઘ લિ.
ભીમરાજ બિલ્ડિંગ : ૪૦૫, કાલબાદેવી : મુંબઈ ૨
ફરનાન્ડીઝ પુલ નીચે : ગાંધીરસ્તો : અમદાવાદ

પહેલી આવૃત્તિ : ૧૯૪૭

કિંમત
અઢી રૂપિયા

પ્રકાશક
ભારતી સાહિત્ય સંઘ લિ. વતી
તારાચંદ માણેકચંદ રવાણી
ફરનાન્ડીઝ પુલ નીચે, ગાંધીરસ્તો
અમદાવાદ

મુદ્રક
ગોવિંદલાલ મોહનલાલ જાની
શ્રી કૃષ્ણ પ્રિન્ટરી: રતનપોળ
અમદાવાદ

ગુજરાતનાં સૌભાગ્યરક્ષક

યુવક-યુવતીઓને

સમર્પણ

બે બોલ

'માનવતાનાં મૂલ'ની પ્રસ્તાવના લખ્યા બાદ શ્રી. કાકાસાહેબ સાથે હરિજન પ્રશ્ન ઉપર વાતચીત થતાં તેમણે કહ્યું, 'હરિજન યુવાનો અભ્યાસમાં આગળ વધી રહ્યા છે. હરિજન કન્યાકેળવણી એટલી આગળ વધી નથી. એથી એમના લગ્નજીવનને અંગે સમાજમાં જે ખળભળાટ થશે. તેની ઉપર બે ચાર નવલકથાઓ લખાવી જોઈએ.' આ વિચારથી પ્રેરાઇને આ વાર્તાનું પહેલું પ્રકરણ પાંચેક વર્ષ પહેલાં મેં લખેલું. બે વર્ષ પહેલાં 'નવસૌરાષ્ટ્ર' માં ચાલુ વાર્તા આપવાનો નિર્ણય થતાં એને જ સળંગ નવલકથારૂપે લખવાનો વિચાર કર્યો, અને પરિણામે આ વાર્તા તૈયાર થઈ છે.

'નવસૌરાષ્ટ્ર'ના તંત્રી અને મારા જૂના મિત્ર શ્રી. કકલભાઈ કોઠારીએ એને પોતાના પત્રમાં પ્રથમ પ્રસિદ્ધ કરી અને એનું નામ કરણ કર્યું છે તે બદલ અહીં તેમનો આભાર માનું છું.

દર અઠવાડિયે કટકે કટકે વાર્તા લખવાનો આ મારો પ્રથમ પ્રયાસ છે. આમાં જણાવેલા કેટલાક વિચારો અને પ્રસંગો પ્રવાહથી જુદા છે. અત્યારનાં સંક્રાંતિકાળમાં યુવક–યુવતીઓમાં જે ખમીરની આવશ્યકતા છે એને અનુરૂપ એ વિચારો હોઈ વાચકવર્ગ તેને અપનાવશે એવી આશા છે.

સ૦

૧

ગુજરાત કૉલેજના દરવાજામાંથી વર્ષાઋતુની સાબરમતીના પૂરની માફક વિદ્યાર્થીઓનો પ્રવાહ નીકળવા લાગ્યો. વૌડાપૂરમાં ઊછળતા તરંગોની પેઠે પૂરી થયેલી સભાના વક્તાઓના વ્યાખ્યાનો ઉપર ચર્ચાના તરંગો ઊછળી રહ્યા હતા.

'પેલો શાહ કેટલો જોશોરથી દલીલો કરતો હતો!' રમેશ બોલ્યો: 'એની છટા કંઈ ઓર છે.'

'તે હશે પણ' ભીડને લીધે બાજુમાં ખસી આવતાં અનિલકુમારે કહ્યું: 'મને તો પરમારનું વક્તવ્ય સૌથી વધારે ગમ્યું.'

'મને પણ.' કહેતી સરયૂ રમેશનો ખભો પકડીને સહેજ ઊભી રહી. એની નજર સમક્ષ પરમારનો તેજસ્વી ગંભીર ચહેરો તરવા લાગ્યો. પરમારના ભરાવદાર ગોળમટોળ, હાસ્ય શ્યામલ ચહેરા પર ઓપતાં સોનેરી ફ્રેમનાં ચશ્મા સરયૂને ખાસ ગમતાં. એણે અનિલની સામે જોઈને કહ્યું, 'પરમારની દલીલ કેટલી પદ્ધતિસરની અને સચોટ હતી. પેલો શાહ તો જેમ આવે તેમ ફેંક્યે રાખતો હતો...'

'મને તેની એક દલીલ સૌથી વધારે અસરકારક લાગી.' અનિલે આગળ ચાલતાં કહ્યું: 'વંદેમાતરમ્ બોલનારા આપણે ભારતમાતાનાં ચાલીસ કોટી સંતાનોમાંના કોઈ વૃદ્ધને માથે બે મણનાં બેગ–બિસ્ત્રો મૂક્યા પછી હાથમાં ટિફીન બાસ્કેટ અને કરંડિયો પકડાવતા શરમાતાં નથી. પોતાના હાથમાં ઉપાડતાં શરમાઈએ છીએ. આપણા પિતા જેટલી ઉંમરના વયોવૃદ્ધ મજૂર તરફ આપણને વડીલભાવ પ્રગટતો જ નથી. આપણે કયે મોઢે સમાજવાદ, સામ્યવાદ અને સર્વોદયની વાતો કરીએ છીએ.'

'બસ મને પણ એ જ વાક્ય સૌથી વધારે ગમેલું.' સરયૂએ હર્ષમાં ઊછળી પડતાં કહ્યું.

*

સરયૂ અને રમેશ બન્ને ભાઈબહેન હતા. સરયૂ કોલેજના બીજા વર્ષમાં હતી, રમેશ છેલ્લા વર્ષમાં હતો. અનિલ રમેશનો મિત્ર અને સહાધ્યાયી હતો. અમદાવાદનાં જૂના ગર્ભશ્રીમંત તેને પ્રતિષ્ઠિત કુટુંબનો સંસ્કારી નબીરો હતો. શ્રીમંતોના લાડમાં ઊછરેલા છોકરાઓમાં ભાગ્યે જ જોવા મળે તેવી ગંભીરતા અને એની વૈષ્ણવ કુટુંબની ભગવદીય માતા તરફથી મળી હતી, એમ સૌ કહેતા.

રમેશના પિતા શાંતિલાલ ઝવેરી અમદાવાદ શહેરસુધરાઈના પ્રમુખ હતા. ચુસ્ત ગાંધીવાદી તરીકેની તેમની ખ્યાતિ હતી. જિલ્લા હરિજન સેવક સંઘના તેઓ ઉપપ્રમુખ હતા. શહેરની અને તાલુકાઓની નાનીમોટી અનેક જાહેર સંસ્થાઓમાં તેઓ પ્રમુખ, ઉપપ્રમુખ, ટ્રસ્ટી કે મુરબ્બી હતા.

સરયૂ લાડકોડમાં ઊછરેલી ચાર ભાઈ વચ્ચે એકની એક બહેન હતી. શાંતિલાલને સરયૂ ઉપર દીકરાથી વિશેષ વહાલ હતું. એને રાજી રાખવા ગમે તે કરવા તેઓ સદા તત્પર રહેતા. સરયૂ ઘેર

આવી ત્યારે શાંતિલાલ સોફા પર આડા પડયા છાપું વાંચી રહ્યા હતા. સરયૂએ છાપું લઇ લેતાં હોંશભેર કહ્યું: 'બાપુજી, આજે પેલા પરમારે કમાલ કરી.'

'કેમ શું હતું?' છાપાનાં પાનાં સરખાં કરતાં જરાપણ રોષે ભરાયા વિના શાંતિલાલ બોલ્યા.

*

પિતાની પાસે બેસી જરા શ્વાસ શમતાં સરયૂ બોલી: 'પરમારે આજે ગાંધીવાદની એટલી સરસ તરફેણ કરી કે સમાજવાદીઓ અને સામ્યવાદીઓનાં મોં સાવ સીવાઈ જ ગયા.'

'એ છોકરો હોશિયાર છે.' કહી શાંતિલાલ છાપું વાંચવા લાગ્યા. સરયૂ ઊઠીને ઘરમાં ગઈ. આજે પિતાજીએ પોતાની વાત બરાબર ધ્યાનથી ન સાંભળી એમ એને લાગ્યું. ઘરમાં એની બા રસોઇયાને સૂચનાઓ આપતી હતી ત્યાં જઇને સરયૂએ મોટેથી બૂમ મારી: 'ક્યાં ગઈ બા, ઓ બા!'

'કેમ સરયૂ' એની બાએ બહાર આવતાં ધીમે સાદે પૂછ્યું: 'શું છે બેટા, ક્યારે આવી? કેમ મોડું થયું?'

'ચાલી આવું છું.' સહેજ શાંત પડતાં સરયૂ બોલી, 'આજે અમારી કોલેજમાં લેક્ચર હતું.'

'એમ કે? કોણે કોણે ભાષણ કર્યાં?'

'ભાષણ બધા બહુએ કર્યાં. પણ પેલા પરમારે આજે કમાલ કરી.'

'એમ કે? કયો પરમાર?' રસોડા તરફ નજર કરતાં સરયૂની બાએ પૂછ્યું.

'પેલા જી. બી. પરમાર લૉકૉલેજમાં ભણે છે તે. નહીં, તે દિવસે આપણે ઘેર અનિલકુમાર સાથે આવેલા ?'

'આવ્યા હશે. મને યાદ નથી.'

'તું સાવ ભૂલકણી છે.' સરયૂ સહેજ ચિડાઈ.

'ઉભી રહે જરા હું મહારાજને બતાવી આવું.'

સરયૂ પોતાના અભ્યાસખંડમાં આવી ત્યાં રમેશ ચોપડીઓ મૂકતો હતો. 'કેમ સરયૂ જમવાને કેટલી વાર છે ?'

'બાને પૂછ, મને ખબર નથી.'

'વાર હોય તો ચાલ તને પેલા ગણિતના બે દાખલા બતાવી દઉં.'

'મારે ગણિત શીખવું જ નથી.'

'કેમ શું થયું વળી !'

'તને શીખવતાં જ ક્યાં આવડે છે ?'

'તો કોઇ સારો શિક્ષક રાખીએ.'

'મારે તો હવે દાક્તરી લાઇન લેવી છે.'

'તારું મગજ અત્યારે ઠેકાણે નથી. બાથરૂમમાં જઇને નાહી લે એટલે જરા ઠંડક થાય.'

'મશ્કરી કરે છે ? બાપુજીને કહેવું પડશે.' કહેતી સરયૂ આંખો કાઢીને બહાર ચાલી ગઈ. પોતાની વાતમાં આજે માતપિતાએ કશું ધ્યાન ન આપ્યું એમ લાગવાથી સાચે જ સરયૂનું મગજ ઉશ્કેરાયું હતું. પણ એમાં એનાં માતપિતાનો મુદ્દલ વાંક ન હતો.

*

મહારાષ્ટ્ર સોસાયટીમાં એક બંગલાની અગાસીની ખોલીમાં બે જણ સાથે રહેતા હતા. એક પરમાર અને બીજો શાસ્ત્રી. બન્ને

સાથે કૉલેજમાં સાથે ભણતા હતા. બન્ને હાથે રાંધી ખાતા હતા. બન્નેની ઉંમર સરખી હતી. શાસ્ત્રી લહેરીલાલો હતો. પરમાર ગંભીર હતો.

પરમાર કૉલેજમાંથી ખોલી પર આવ્યો ત્યારે શાસ્ત્રીએ એક કવર તેના હાથમાં મૂક્યું. પરમારે કોટ કાઢ્યો, ખુરશી બારી પાસે લીધી અને કવરને જૂની બ્લેડની ધારથી કરચ ન પડે એ રીતે એક બાજુથી ધીમે રહીને ખોલ્યું. કાગળ બહાર કાઢ્યો. પેન્સિલના ઝાંખા, ગામઠી વેપારીના અક્ષર હતા. અજાણ્યાને વાંચવા મુશ્કેલ પડે એવા અક્ષરો પરમાર ઝપાટાબંધ વાચવા લાગ્યો. અને એ પૂર્ણ પરિચિત હતા.

પણ પત્ર વાંચતાં એના પ્રફુલ્લ ચહેરા ઉપર કરચલી પડવા લાગી. એની આંખોમાં શોકની અને દુ:ખની છાયા તરવા લાગી. પત્રમાં લખ્યું હતું:' ' હવે તારે કેટલુંક ભણવું છે ? તને કાંઈ વિચાર થાય છે કે નહીં ? દહ રૂપિયા દીધે મણ બાજરો મળતો નથી. મારાથી હવે માથે ભારો લઈને ત્રણ ગાઉ ચલાતું નથી. તારી માને તાવ રહ્યા કરે છે. બીજો ધંધો કશો છે નહીં. તું કાંઈક સારી પાયરીએ ચડીશ, સારું કમાઈશ ઈ આશાએ આટલા દહાડા કાઢ્યા. હવે તો ગળે આવી ગયા છીએ. તને અમારી જરાય દયા નથી આવતી ? બેનને તેડાવવી છે પણ ક્યાંઈ નાખી નજર પૂગતી નથી. તારાં સાસરિયા ઘોડાં ખૂંદી રહ્યા છે પણ અહીં આટલાં પાંચ જણના ખાડા પૂરાતા નથી ત્યાં એને ક્યમ કરીને તેડાવવી ? તું તો ડાહ્યો છો. સમજુ છો એટલે થોડું લખ્યું ઝાઝું કરીને માનજે. તારી માના ને બધાના રામ રામ વાંચજે, વળતો કાગળ તરત નાંખજે. કશી ફકર કરીશ મા. હવે કામધંધે લાગ એટલું અમારું કહેવું છે. અમારો આધાર તું છો. "

*

કાગળ પૂરો થયો એટલે પરમારે એક ઊંડો નિઃશ્વાસ મૂક્યો. શાસ્ત્રી અત્યાર સુધી મૂંગો બેઠો હતો. વારંવાર પરમાર સામે જોયા કરતો હતો. એણે પત્ર પૂરો થતાં પૂછ્યું: 'કેમ કાંઈ શોકસમાચાર છે ?'

'વાંચ એટલે ખબર પડશે.' કહીને પરમારે પત્ર આપ્યો.

શાસ્ત્રી વાંચવા લાગ્યો.

દ્વારકાથી ત્રણ ગાઉ દૂર ચરકલા નામે એક નાનકડું ગામ છે. ત્યાં હરિજનના ચાર ઘર હતાં. ચારમાં ભીમો આગેવાન ગણાતો. લાકડાંના અને ખડના ભારા વેચવા, છૂટક મજૂરી કરવી એ એમનો ધંધો હતો. વણાટકામ કે ચમારકામ કોઈ કરતા ન હતા. ગાયકવાડી ગામ હોઈ ચાર ધોરણ સુધીની નિશાળ હતી. માસ્તર ભલો અને માયાળુ હતો. એણે ભીમાને કહેલું, 'તમે છોકરાને ભણાવજો. આગળ જતાં હોંશિયાર થશે.'

'તમ જેવાની વાણી ફળો.' કહીને ભીમો ગળગળો થઈ જતો.

દ્વારકા ભારા નાંખવા જતાં સરકારી દવાખાનાના દાક્તરની ઓળખાણ થઈ. એ દાક્તર ગુજરાત તરફનો હતો. પરગજુ હતો. ખાદી પહેરતો અને હરિજન તરફ ખાસ પ્રેમ રાખતો. એણે ભીમાને ઉત્તેજન આપ્યું. ગોવિંદે ચાર ચોપડી પાસ કરી એટલે દાક્તરે અરજી લખી આપી અને શિષ્યવૃત્તિ કરાવી દીધી. દ્વારકાની અંગ્રેજી નિશાળમાં ગોવિંદ દાખલ થયો. પહેલે વરસે પાસ થવું અને પહેલો બીજો નંબર રાખવો એ ગોવિંદને માટે સહજ હતું. એનું સર્વ લક્ષ ભણવામાં જ હતું.

કોમના રિવાજ પ્રમાણે એનું વેશવાળ અને લગ્ન બે વરસને આંતરે થઈ ગયું. છતાં ગોવિંદે અભ્યાસ ન છોડયો. ભીમો જરા

તણાઈને કામ કરતો, ગોવિંદની મા અને નાની બહેન પણ ભારા વેચવા આવતાં. ગોવિંદ કોઈ વાર કહેતો: 'તમે ભારા ઉપાડીને આવો ને હું પાટીદફતર લઈને ખાલી ચાલ્યો આવું. તે મને ગોઠતું નથી.' ત્યારે તેનાં વહાલસોયાં, તું માબાપ કહેતાં: 'ઇમાં શું બેટા, ભણી-ગણીને બાજંદો થઈશ પછી તો અમારે આ ભારા નઈ ઉપાડવા પડે ને?'

*

ગોવિંદ મેટ્રિકમાં બીજે નંબરે પાસ થયો. કૉલેજમાં જવા માટે એને શિષ્યવૃત્તિ મળી. ગોવિંદ અમદાવાદ આવ્યો. ગણિત લઈને ચોથા વરસે માન સહિત બી. એ. ની ઉપાધિ મેળવી ત્યારે એના માબાપ અને પેલા પરગજુ દાકતરના હર્ષનો પાર ન રહ્યો. દાક્તર એ વખતે નવસારી હતા. તેમણે છાપામાં વાંચ્યું અને તારથી અભિનંદન મોકલ્યાં, સાથે પત્ર લખ્યો: 'તમારા બાપા હવે થાક્યા છે. પણ તમે ના થાકશો. આગળની શિષ્યવૃત્તિ માટે ગોઠવણ કરું છું. એલ. એલ. બી. નું સાથોસાથ પૂરું કરો. તમને ન્યાયાધીશ તરીકે ન્યાય ચૂકવતા જોવાની મારી ઇચ્છા છે.'

માબાપનું મન મનાવી, દાકતરની ઇચ્છાને માન આપી ગોવિંદ ફરી અમદાવાદ આવ્યો અને કાયદાનો અભ્યાસ કરવા લાગ્યો.

મોંઘવારીનાં કારમા વરસો મહામુસિબતે ખેંચતા ભીમાની ધીરજ ખૂટી અને તેણે આપણે વાંચી ગયા તે પત્ર લખાવ્યો. પણ હવે છ માસ માટે અધૂરું મૂકાય તેમ ન હતું. ગોવિંદ સહેજ મૂંઝવણમાં પડ્યો. શાસ્ત્રીએ પત્ર વાંચી જ કહ્યું: 'ગોવિંદ, તું એકાદ સારું ટ્યુશન રાખ તો?'

'ટ્યુશન મેળવવા મેં ઓછા પ્રયાસ નથી કર્યાં.' ખિન્ન મને ગોવિંદ બોલ્યો: 'પણ મને એમાં સફળતા નથી મળી.'

'એ પણ આપણા સમાજનો એક જુલમ જ ગણાય ને!'

'જુલમ શું રૂઢિ? ઘર આગળ સ્ત્રીઓનાં મન ન માને એટલે શું કરે? તારો જ દાખલો જોને. આપણે અહીં સાથે રાંધી ખાઈએ છીએ પણ તારે ઘેર તારી બા અને બાપા મને ઘરમાં આવવા દેશે?'

'એ લોકો ગામડામાં રહે એટલે, લોકલજ્જાથી કરે. બાકી આમ કોઈને વાંધો નથી.'

'એ તો તારી ઉપરના પ્રેમને લીધે.'

'તો હવે શું કરીશ?'

'કંઈક રસ્તો તો કાઢવો જ પડશે.' વાત ચાલે છે ત્યાં બારણા પર ટકોરા પડયા.

'કોણ?' શાસ્ત્રીએ ઊઠીને બારણું ખોલ્યું: 'ઓહો અનિલકુમાર' બોલ્યો.

'આવો' ગોવિંદે ઊઠીને ખુરશી આપી.

'આપણે નીચે જ બેસીએ.' નીચે સાદડી પર બેસતાં અનિલ

'કેમ શી વાતચીત ચાલી રહી હતી?'

'અમસ્થી ઘર સંબંધી ગોવિંદે કહ્યું.

'ઠીક હું અત્યારે ખાસ કામે આવ્યો છું.'

'બોલો શો હુકમ છે?'

'આવતી કાલે મારો જન્મ-દિવસ છે.'

'હા!' શાસ્ત્રીએ તપેલીમાં પાણી રેડતાં અટકી જઈને સામે જોયું.

'તમને બન્નેને ચાપાણી માટે નિમંત્રણ છે.'

'નિમંત્રણ પહોંચ્યું.'

'ના એમ નહીં. આવવાનું જ છે.' કહી અનિલે શાસ્ત્રી સામે

જોયું: 'શાસ્ત્રી, આ પરમારને ચોક્કસ લેતો આવજે. એ શરમાળ અને એકાંતી માણસ પાછો નહીં આવે.'

'એવું કશું નથી.'

'ચાલો ત્યારે રજા લઉં.' અનિલ ઊઠયો.

'બેસોને, ચા થાય છે.'

'હમણાં પીને જ નીકળ્યો છું.'

'ઠીક, આવજો અનિલભાઈ,' પરમાર બારણા સુધી આવ્યો.

'આવજો, તમે હા પાડો એકવાર.'

'આવીશ.'

'બસ થેંકયું.' હાથ મેળવીને અનિલ ઝપાટાબંધ દાદરો ઊતરી ગયો.

★

એક વિશાળ દીવાનખાનામાં ખુરશી ટેબલ ગોઠવ્યાં છે. સરખે-સરખા પચાસેક મિત્રો નાસ્તાપાણી માટે એકત્ર થયા છે. લહેરથી વાતચીત કરતા ટેબલ પર પડેલી વિવિધ વાનીઓ પર સૌ હાથ મારી રહ્યા છે.

અનિલની સામેની હારમાં રમેશ અને સરયૂ બેઠાં છે. બાજુમાં પરમાર અને શાસ્ત્રી બેઠા છે.

'આજે પરમાર કંઈક ઊંડા વિચારમાં હોય તેમ લાગે છે.' રમેશે કહ્યું.

'ના ના,' લુખ્ખું હસતાં પરમાર બોલ્યો: 'મારું ધ્યાન તમારી વાતો સાંભળવા તરફ છે. સૌ બોલે તો પછી સાંભળે કોણ?'

'એ બધા ફિલોસોફર કહેવાય.' સરયૂ સહેજ હસીને બોલી: 'એમની ગંભીરતા એ જ એમની સાચી મૂડી ગણાય.'

'પરમાર એવા સોગિયા નથી.' અનિલે બચાવ કર્યોઃ 'પણ એ ઓછા બોલાવે છે આપણે એમની પાસેથી એ ગુણ શીખવો જોઈએ.

'ખાસ કરીને સરયૂ બહેને.' શાસ્ત્રી જે અત્યાર સુધી ખાવામાં મશગૂલ હતા તેમણે પેટને કંઈક રાહત આપવા શરૂ કર્યું.

'તમે તો બોલશો જ નહીં, શાસ્ત્રી બુવા,' સરયૂ તલવારનો વાર કરવા તત્પર બને તેવી રીતે સ્હેજ ઊંચી થઈને બોલીઃ 'તમારી જીભ તો વિલાયત પહોંચે તેટલી લાંબી છે.'

'એટલા માટે તો હું વિલાયત ગયો નથી. વિલાયતના રેડિયામાં મારો અવાજ સંભળાય છે.'

*

'પરમારની જીભ શાસ્ત્રીએ લઈ લીધી છે.' અનિલ બોલ્યો, 'સરયૂ બહેનને લેકચર કરતાં શીખવું હોય તો, એણે શાસ્ત્રીને ટ્યુટર તરીકે રાખવા જોઈએ.

'પરીક્ષાના વિષયોનું તો ઠેકાણું નથી ત્યાં લેકચરની વાત શા વાસ્તે કરો છો?' રમેશ બોલ્યો.

'રમેશ, તું વચ્ચે ના બોલીશ' સરયૂ ચિડાઈ 'તને ગણિત બહુ આવડે છે તે જાણું છું.'

'હવે તમે ભાઈ બહેન અહીં મારે ઘેર ન લડશો,' અનિલ બોલ્યોઃ 'નકામો મારો જન્મદિવસ બગડશે.'

'ને અનિલભાઈ, તમે એને એક મેટ્રિકનો દાખલો લખાવી

જુઓ. મેં તો બાપુજીને કાલે જ કહી દીધું છે, મારે ઇંગ્લિશ અને મેથેમેટિક્સ માટે એક ટ્યુટર જોઇએ.'

'તમારે ટ્યુટર રાખવો જ હોય તો હું શોધી આપું.' શાસ્ત્રીએ કહ્યુ.

'તું શું શોધી આપીશ, માથું ?' સરયૂ મોં મરકાવીને બોલી.

'મશ્કરી નથી, સરયૂ બહેન, તમે રાજી થાઓ એવો ટ્યુટર,' ગંભીર બનીને શાસ્ત્રીએ કહ્યું.

'કોણ કોઈ તારો જાણીતો છે?' રમેશે પૂછ્યું.

'તે વિના કહું. મારો નહીં આપણા સૌનો જાણીતો છે. અંગ્રેજી અને મેથેમેટિક્સનો નિષ્ણાત, વળી લેકચર કરતાં શીખવું હોય તો તે પણ શીખવે.'

'જો પાછો ગમ્મત કરે છે?'

'સરયૂબહેન તમે ચિડાઓ નહીં. જો નક્કી હોય તો બાપુજીને પૂછીને કહેજો, એટલે ગોઠવી આપીશ.'

એ કોણ છે એ તો કહે, સાવ વાણિયા ભાઈની માફક ગોળ ગોળ વાતો શું કરે છે?'

'કેમ, રમેશ? બાપુજીની ઇચ્છા હોય તો વાત કરું. નકામી સોનાની જાળ પાણીમાં નથી નાંખવી.'

*

'ચોક્કસ છે, સરયૂને બાપુજીએ કહ્યું છે. તપાસ કરશું.'

'ત્યારે જો આપણી પાસે જ બેઠા છે એ ગૃહસ્થ પોતે..'

'કોણ પરમાર ?' અનિલે પરમાર સામે જોયું: 'ખરી વાત ?'

'મારો વિચાર છે'

'સરસ.' રમેશ બોલી ઊઠયો.

'કેમ સરયૂ બેન, તમે મૂંગા થઈ ગયાં ?'

'બાપુજી હા પાડે તો મને તો ગમે જ ને. પરમાર જેવા શીખવનાર ક્યાંથી મળે ?'

'તો તો તમે આવતે વર્ષેજ બી. એ. માં પસાર થઈ જાઓ.' અનિલે કહ્યું.

'તમે પણ અનિલભાઈ ઠીક છો !'

'ના, પણ આ વસ્તુનો ગંભીરતાથી વિચાર કરવો હોય તો તમારા પિતાજીને પૂછી જોજો.' શાસ્ત્રીએ કહ્યું.

'હાસ્તો, આ કંઈ ગમ્મત નથી.' અનિલે ગંભીર બનતાં કહ્યું: 'તમને કયો સમય અનુકૂળ આવે ?' રમેશે પૂછ્યું.

'ગમે તે. સવાર, સાંજ.'

'અને તમારી જરૂરિયાત કેટલી ?

'તમારા સાથે એવી ચોખવટની જરૂર ન હોય, રસયૂબહેનને સહાય કરવાનું મળે અને મારી થોડી આર્થિક મુશ્કેલી દૂર થાય એટલે પત્યું.'

'ઠીક ત્યારે, આવતી કાલે હું મારા બાપુજીને પૂછીને જવાબ આપીશ.'

'ભલેને બે ત્રણ દિવસ પછી આપો, ઉતાવળ નથી.'

'તમારે ઉતવાળ નથી. મારે છે. મારો અભ્યાસ બગડે છે.' સરયૂ બોલી.

'કેમ, તમે લોકો ક્યાં સુધી ખાયા કરશો?' શાહે બૂમ મારી.

'ચાલો ભઈ, આપણે તો વાતોમાં રહ્યા, ઊઠો.'

સૌ હાથ ધોવા માટે ઊઠીને ઊભા થયા.

૨

દીવાનખાનાના વિશાળ ખંડમાં ચાર ખૂણે જાડી રંગીન જાજમ બિછાવેલી છે. જાજમ ઉપર વાદળી રંગના ગલેફ ચઢાવેલા સોફા અને ખુરશીઓ ઢાળેલા છે.

એક સોફામાં શાંતિલાલ ઝવેરી આડા પડયા હોય તેમ બેઠા હતા. તેમણે કિનાર વિનાનું આખું ખાદીનું ધોતિયું અને તેવું જ બાંડિયું પહેર્યાં હતાં. તેમના માથામાં ચમકતી ટાલ તેમની બુદ્ધિ અને સમયનો ખ્યાલ આપતી હતી. દાંડી વગરની ચાંપવાળાં ચશ્મા તેમના ગોળ અને ગોરા ચહેરા સાથે ભળી જતાં હતાં.

સામે શેતરંજી પર ત્રણ જણા બેઠા હતા. તેમના પહેરવેશ જુદી જાતના હતા. પણ તેમની વાતચીતની ઢબ ઉપરથી ખવાસ સરખાં જણાતાં હતા. એકે લીલી કિનારનું સહેજ મેલું ધોતિયું અને ગજીનું ખમીસ પહેર્યું હતું. માથે લાલ ફેંટો બાંધ્યો હતો. બીજાએ રાખોડી રંગનું પાટલૂન ને ઉપર લીટીવાળું ખમીસ પહેર્યાં હતાં. વાળ ઓળીને એણે વચ્ચે સેંથો પાડયો હતો. ત્રીજો જુવાન

ઓડિયાવાળો હતો. એની મૂછની અણીઓ ગાલને અડતી હતી. એણે લેંઘો શર્ટ અને માથે સફેદ ટોપી પહેર્યાં હતાં. ત્રણમાં આધેડ જેવો લાગતો માણસ શાંતિલાલ સાથે વાત કરી રહ્યો હતો.

*

'ઝવેરી બાપા તમારે આટલી વાત રાખ્યા વગર છૂટકો નથી.'

'તમે લોકો વારંવાર આવીને આ રીતે લપ કરો એ મને પસંદ નથી.' શાંતિલાલે સહેજ રોષભર્યા અવાજે કહ્યું અને સોફા પર પગ લાવી સામી ભીંતે જોઈ રહ્યા, જ્યાં મહાત્માજીનો ફોટો તેમની સામે હસતો ઊભો હતો.

'આ વાર તો તમારે બાપા, આટલી મહેરબાની કરવી જ પડશે. તમારે ભરોસે અમે બંધાઈ આવ્યા છીએ.'

'ઠીક જાઓ આ વખતે તમારી વાત રાખું છું, આ જુવાનિયા તો બગડી ગયા છે પણ તારું બુઢ્ઢાનું મોં રાખવું પડે છે.'

'બસ બાપા, જીવતા રહો.' વૃધ્ધે પાઘડી ઉતારી માથું નમાવ્યું. એ જ વખતે બાજુના અભ્યાસખંડમાંથી નીકળીને પરમાર દીવાનખાના પાસેથી પસાર થયો. એને જોતાં જ શાંતિલાલ બોલી ઊઠ્યા: 'કેમ પરમાર ચાલ્યા?'

'જી હાં.' પરમાર બારણામાં સ્હેજ અટકીને ઊભો રહ્યો.

'આ ભાઈને પણ નિમંત્રણ આપો.' શાંતિલાલે વૃદ્ધ સામે જોઈને કહ્યું.

'તમે ય પધારજો શાબ.' વૃદ્ધ બોલ્યો. પછી શાંતિલાલ તરફ ફરીને સંકોચાતો હોય તેમ ધીમેથી પૂછ્યું:

'આપને કાંઈ સગામાં થાય?'

'એ તમારી જાતના છે.'

'ઇમ ?' વૃદ્ધે નવાઇ પામીને પરમાર સામે ફરીથી ધારીને જોયું. 'હોય બાપા, વણા કોઇના બાપની છે?'

*

'પરમાર,' જવા માટે તૈયાર ઊભેલા પરમાર સામે જોઈને શાંતિલાલે કહ્યું: 'આ લોકોએ એક મંદિર બંધાવ્યું છે. તે કહે છે, તમારે હાથે ખુલ્લુ મુકાવવું છે. મેં ઘણી ના કહી પણ...'

'બાપાની મદદ હોય તો જ ઇ કામ થાય. હમણે અમારા વાસમાં બઉ સુધારો કર્યા છે. નિહાળ કરી આલી છે, પરારની સાલ કૂવો બંધાવી આલ્યો 'તો.'

'એ બધી જૂની વાતો જવા દો,' શાંતિલાલ ગરવા અવાજે બોલ્યા: 'કેમ પરમાર, તમેય ચાલશો ને સાથે? આ રવિવારે ગોઠવ્યું છે.'

અવાજમાં કે ચહેરા પર ગમો અણગમો દેખાડયા વિના પરમારે હંમેશની ઢબે જવાબ આપ્યો: 'આપની ઇચ્છા છે તો આવીશ.'

'કેમ તમારું કેમ ચાલે છે?'

'ઠીક ચાલે છે.' કહી પરમારે નમસ્કાર કરીને રજા લીધી.

પગથિયાં ઊતરતાં એના મનની વેદના વ્યક્ત કરતો એક નિઃશ્વાસ નીકળી પડયો: પિસ્તાળીસની સાલમાં જુદા કૂવા, જુદી નિશાળ અને જુદું મંદિર!' અને સાઇકલ પર ચડીને એ રસ્તે પડયો. આટલી ટૂંકી ચર્ચાથી પણ એનું કોમળ હૃદય અત્યંત દુભાયું હતું અને ઓછા બોલા સ્વભાવથી એની વેદના એના મનને લાંબો વખત સુધી વ્યથા આપતી હતી.

*

બપોરે ચાપાણી પીતાં શાંતિલાલે સરયૂને પૂછ્યું: 'કેમ બેટા, તારો અભ્યાસ કેમ ચાલે છે?'

'સરસ' સરયૂ સહેજ અટકી, પછી બોલી: 'આ જોમેટ્રી અને એલજિબ્રામાં તો મને કશી જ સમજ પડતી નહોતી. મને એમાં રસજ ન હતો. આઠ દિવસમાં એ બન્ને સબજેક્ટ સમજાવા લાગ્યા છે અને તેમાં રસ પણ પડતો જાય છે.'

'ના, પરમાર હોશિયાર છોકરો છે. જરા ડલ લાગે છે નહીં રમુ?'

'ના બાપુજી', રમેશે કહ્યું: 'એ મૂળથી જ શાંત સ્વભાવનો છે. એના સહાધ્યાયીઓ વાત કરે છે ને કે કૉલેજમાં ય એનું ધ્યાન લેક્ચરમાં જ હોય અને એની રૂમે જુઓ તો અભ્યાસનાં જ પુસ્તકો વાંચતો હોય.'

'એમ, ત્યારે મારી અસર ખોટી ઠરી.'

'એમ જ' રમેશે કહ્યું: 'અરે એટલું જ નહીં પણ મેં એને ભાગ્યે જ સિનેમા થિયેટરમાં જોયો છે.'

'બાપુજી, મને યાદ આવ્યું' સરયુ બોલી. 'ભુલી જાત નહીંતર,' ચાનો કપ નીચે મૂકીને સરયૂ બોલી ઊઠી.

'કેમ કાંઈ એકદમ સાંભરી આવ્યું?' શાંતિલાલ હસતાં હસતાં બોલ્યા.

'કાલે એક સુંદર પિકચર આવવાનું છે.'

'ઓ...હો...હો' શાંતિલાલ ખડખડાટ હસી પડ્યા. પાછા તુરત ગંભીર થતા બોલ્યા: 'તેનું શું?'

'મારી બાને મેં સવારે કહેલું તો એમણે કહ્યું કે, તારા બાપુજી સાથે ચાલશે તો જઈશું.'

'તમને વળી સિનેમાનો પાછો શોખ થયો કે શું?' શાંતિલાલે હસતાં હસતાં સરયૂની બા સામે જોયું.

'એ કહે છે, જોવા જેવી ફિલમ છે.'

'ના, કોઈ, 'તુકારામ' કે 'તુલસીદાસ' જેવી હોય તો વળી મન થાય.' શાંતિલાલે ધર્મભાવથી ગદ્ગદ થયેલા સૂરે કહ્યું.

'આ એવી જ છે બાપુજી.'

'તો તમે જઈ આવજો.'

'ઠીક અમે જઈ આવશું.' ચાનો છેલ્લો ઘૂંટડો પાડતો મૂકીને સરયૂ ઊભી થઈ ગઈ.

'તું તો સાવ બાળક જેવી જ રહી સરૂ!' શાંતિલાલનો અવાજ સહેજ કડક બન્યો.

'બીજાને માટે એટલો બધો આગ્રહ ન રાખીએ, આગળ જતાં દુઃખી થવાય.'

'હું આવીશ સરુ! તારા બાપુજી ના આવે તો કંઇ નહીં. એ તો હવે આશ્રમમાં જઈને રહેવાના છે.'

ટ ન ન ન...ઘડિયાળમાં ટકોરો પડયો. શાંતિલાલે ઊભા થતા કહ્યું: 'આજે પાંચ વાગે અમારી ટ્રસ્ટીઓની એક મીટિંગ છે.'

રસોયો આવીને 'ટ્રે' ઉપાડી ગયો. મંડળ વિખરાયું.

★

૩

રાત્રે, ઝવેરી કુટુંબ કૃષ્ણ સિનેમામાં વખતસર આવી પહોંચ્યું અને બૉક્સમાં ગોઠવાયું.

છેલ્લી ટોકરી વાગી. પડદો ઊંચકાયો. જાહેરખબરો : રણમેદાનના દેખાવો, અને ચિત્રપટની જાહેરાત સમા પાત્રો અને કલાકારોની નામાવલિ એક પછી એક રૂપેરી પડદા પર સરકવા લાગ્યાં.

ચિત્રપટનો પ્રવેશ ઊઘડ્યો તેવી જ સરયૂ એની બા સામે જોઈ બોલી ઊઠી : જો બા, આ મુંબઈના એક લક્ષાધિપતિ ભાટિયાનો બંગલો છે. અને જો આ જુવાન મોટરમાંથી ઊતર્યો એ જ આ પિક્ચરનો નાયક!

'એ કોણ? શેઠનો છોકરો છે?'

'ના બા, એની થોડી વાત તને કહી દઉં એટલે તને સમજ પડશે.'

'હા કહે.'

'આનો બાપ સમશેરબહાદુર, શેઠનો જૂનો નોકર હતો. એ ગુજરી ગયો ત્યારે આ છોકરાનો હાથ શેઠને સોંપતો ગયો.'

'હા.'

'સમશેરબહાદુરે હુલ્લડ વખતે શેઠના એકના એક જુવાન દીકરાનો જાન બચાવેલો.'

'વાહ.'

'એવા એ નિમકહલાલ નોકર પ્રત્યેની પોતાની વફાદારી શેઠે પૂરેપૂરી અદા કરી. સગા દીકરાની માફક એને ઉછેર્યો, કેળવ્યો. અત્યારે એ એલ. એલ. બી. નો અભ્યાસ કરે છે.'

'અને જો બા, આ બગીચામાં ફરવા નીકળી એ જ શૈવલિની, આ કથાનકનું બીજું મુખ્ય પાત્ર એ શેઠની એકની એક વહાલસોઈ પુત્રી છે, કેવી પતંગિયાની પેઠે બગીચામાં ફૂલો વીણે છે. એની સાડી અને વેણી કેવાં ભળી જાય છે.'

'મુંબઈગરાં બૈરાંને વેણીનો બહુ શોખ' સરયૂની બા બોલી: 'એ બાજુ દક્ષિણી લોકો વધારે રહ્યા ને....!'

'અને એ સંગીત કેવું મધુર ગાય છે. આપણો સંગીતશાસ્ત્રી તો રેગ્યુલર આવતો જ નથી. એ જ માટે જુદા જુદા વિષયોના જુદા જુદા શિક્ષકો રાખેલા છે.'

× ×

દૃશ્ય પલટાતાં જતાં હતાં. ઘડીક માદીકરી મૂંગા બની જોઈ રહ્યાં.

'જો બા, શેઠની સાથે ખડગબહાદુર વાત કરે છે. કેટલો તેજસ્વી એનો ચહેરો છે અને કેવું પહાડી શરીર છે.'

'ગુરખા એવા જ હોય બેટા,'

'કેટલા હેતથી શેઠ એની સાથે વાત કરે છે.'

પૂરી પાંચ મિનિટ ન થઈ ત્યાં સરયૂ ભાવ પ્રદર્શિત કરવા લાગી.

'સૌ સાંજનું ભોજન લે છે. શૈવલિની ખડગબહાદુરને જેવા આવથી ચાહે છે તે અહીં પહેલવહેલું દેખાય છે.'

'કદાચ આ છોકરી ખડગબહાદુર સાથે પરણી જશે!' સરયૂની બા બોલ્યાં.

'તું જોયા તો કર, આ પિકચરના લેખકે તદ્દન નવો જ આઈડિયા રજૂ કર્યો છે.'

'ઠીક જોઈએ.'

બન્ને જોવામાં તલ્લીન બન્યાં. ખડગબહાદુર ઉપર શૈવલિનીનો વધતો જતો પ્રેમ બતાવવા એક પછી એક પ્રસંગો, એના પ્રત્યેનું તીવ્ર આકર્ષણ વ્યક્ત કરતા એના મનોભાવો, પડદા પર રજૂ થયે જતા હતા. સરયૂ હવે પાત્રો સાથે એકતાન બની. જાણે એ ભાવો પોતાના હૃદયમાં ઘૂંટતી ન હોય. એના મનોમંદિરમાં કોઈ ખડગ-બહાદુરનો પ્રવેશ થતો હોય તેવી ભાવોર્મિ સરયૂ અનુભવવા લાગી.

× ×

દશ્યો ઝપાટાબંધ પલટાતાં જતાં હતાં. ખડગબહાદુરના હૃદયમાં શૈવલિનીના ભાવોનું પ્રતિબિંબ પડવા લાગ્યું. યૌવનસહજ વૃત્તિથી ધીમે ધીમે એનું હૃદય પણ બળતું જતું હતું.

'જો સરયૂ, હું નહોતી કહેતી.'

'પણ તું જો તો ખરી, આગળ શું બને છે? તેં પૂરી સ્ટોરી વાંચી નથી, હવે તું મને ડિસ્ટર્બ ના કરીશ.'

રૂપેરી પડદો પ્રસંગોને આગળ વર્ણવતો જતો હતો.

એ તો બન્ને પ્રેમીજનોના સૂક્ષ્મ ભાવોને આલેખતો ખસતો જતો હતો.

સરયૂ એકાગ્રપણે જોઈ રહી.

ચકોર શેઠાણીની નજર આ વસ્તુને કળી ગઈ. એણે શેઠને વાત કરી. શૈવલિનીને માટે સુયોગ્ય મુરતિયાની શોધખોળ માટે મંગલાચરણ થયું.

× ×

ચિત્રપટ આગળ વધ્યું.

સરયૂના હૃદયના ધબકારા વધતા જતા હતા. પરસ્પર વિરોધી દિશામાં થતા પ્રયાસો શૈવલિનીના ભાવીને ઝેરૂં બનાવ્યે જતા હતા. એના પ્રત્યેની સહાનુભૂતિ સરયૂના ચહેરા પર સ્પષ્ટ રીતે અંકિત થતી જતી હતી.

× ×

ખડગબહાદુર શૈવલિનીને આ ખતરનાક માર્ગનાં અનિષ્ટ પરિણામો બતાવી એ માર્ગેથી વળી જવા સમજાવી રહ્યો હતો. પણ એમાં એ નિષ્ફળ નીવડયો. કમલવેલમાંથી નીકળવા મથતો પોતે જાણે વધારે ઊંડો ઊતરતો જતો હતો.

સરયૂ યે કંઈક સંતોષ અનુભવ્યો. આ બાજુ શેઠની નજર એક ગર્ભશ્રીમંતના, સુશિક્ષિત યુવાન પર ઠરી. શેઠાણી શૈવલિનીનું મન વરતી તેને વાળવા મથી રહી હતી. શૈવલિની પોતાને ધારેલે પંથે જવા વધારે નિશ્ચયી બનતી જતી હતી. ખડગબહાદુરને એ હિંમતભેર સાહસ કરવા ઉત્તેજના આપ્યે જતી હતી.

× ×

પણ ખડગબહાદુરના પગમાં બેડી પડી હતી. એક વિચારે એના મનનો કબજો લીધો. મહાપ્રયત્ન કરવા છતાં એને એ હઠાવી ન શક્યો. એના અંતરનું મંથન પડદા પરથી પ્રતિધ્વનિ પાડતું સરયૂના કાને અથડાવા લાગ્યું.

'મારા પિતાને લાખોની મિલકતની રખેવાળી સોંપાઈ હતી. સોંપાયેલી મિલકતને ઉચાપત કરી જવામાં તેમને કોઈ રોકનાર ન હતું. પણ ગુરખો કદી વિશ્વાસઘાત ન કરે, એ પ્રતિષ્ઠાને બળે તેઓ એ વિશ્વાસ મેળવી શક્યા અને શેઠે પોતાના એ ટેકીલા નિમકહલાલ નોકરના આત્માને વફાદાર રહી મને એક કુટુંબીજન માફક ઉછેર્યો, કેળવ્યો, વાત્સલ્ય બતાવી મારાં કોડ પૂર્યાં. એનો દ્રોહ મારાથી કેમ થઈ શકે?'

સરયૂને થયું બનેલી બાજી હમણાં બગડી જશે.

ખડગબહાદુરની વિચારમાળાનો સુમેળ હવે આવી લાગ્યો, એણે વિચાર્યું: 'તો તો આખી ગુરખા જાતિને કાળું કલંક ચોંટે!'

એ નિશ્ચય પર આવ્યો, અને મન સાથે નિર્ણય પાકો થતાં જ એના ચહેરા પર ક્ષાત્રતેજ ઝળકી ઊઠયું. જોરાવર દુશ્મનને પરાસ્ત કર્યાનો આનંદ એણે અનુભવ્યો.

'શાબાશ' રમેશના મુખમાંથી ઉદ્‌ગાર નીકળી પડયા.

× ×

સરયૂ તો કોઈ સંગ્રામમાં ઝૂઝતી હોય તેમ સમરસ બની ગઈ હતી. આ નિર્ણયથી ખડગબહાદુર પ્રત્યે એને માન થયું. પણ શૈવલિની આ નિર્ણય જાણશે ત્યારે એના પર જે ભયંકર વજ્રપાત થશે, એ આઘાત એ સુકોમળ બાળા શી રીતે સહી શકશે? એ વિચારે એનું મન ઉદાસ બની ગયું.

પડદો પોતાનું કામ કર્યે જતો. એ જાણે આ ભાવોથી અલિપ્ત હોય તેમ માર્ગભ્રમણ કરી રહ્યો હતો.

શૈવલિનીના ઉઘાડા વિરોધને ગણકાર્યા વિના લગ્નની વાતને પાકી કર્યે જતા પિતા પ્રત્યે શૈવલિનીનો રોષ વધતો જતો હતો. પણ મોંએ ચડાવેલી, સદાય પોતાનું ધાર્યું કરાવનારી પોતાની સ્વમાની દીકરી આમાંથી ક્યાંક ન કરવાનું કરી બેસશે તો? એ વિચારે એ હિંમત હારી જતા. અને મનમાં રીબાતી, પાણીડાં પાડતી, અને એ આંસુથી શૈવલિનીને સમજાવવા મથતી, એવી એની માતાનો વિચાર આવતાં શૈવાલની ઘડીભર થંભી જતી. પણ બીજી જ પળે ખડગબહાદુર પ્રત્યેનું જબ્બર આકર્ષણ એને બીજી દિશામાં બમણા વેગથી ઘસડી જતું હતું.

મધ્ય વિરામની ટોકરી વાગી અને પડદો પડ્યો. દીવાઓનો પ્રકાશ પથરાયો અને કલ્પિત સૃષ્ટિમાં વિહરતાં મનુજ બાળો પૃથ્વી પર ઊતરી આવ્યાં.

સરયૂના દિલમાં શૈવાલિનીના વિચારોનો પડઘો પડ્યો અને એ બબડી: 'યે મીન બી પાનીમેં રહા તડપ રહા દીસતા હૈ, પરમેસર કી માયા કૈસી હૈ!'

★

૪

શૈવલિનીના દુઃખમાં સરયૂ ભાગીદાર બની એના ચહેરા પર શોક અને ઉદ્વેગની છાયા ઢળી એની બાએ સરયૂ સામે જોયું. એ ગભરાઈ: "સરયૂ, કોઈ આવે છે, ઘેર જઈશું ' સરયૂએ હાથને ઈશારે ના પાડી અને શાંત રહેવા સૂચવ્યું. સૂક્ષ્મમાં સૂક્ષ્મ તાર ઝણઝણી રહ્યા હતા. એ વખતે શૈવલિનીએ દરવાજા તરફ જોયું. કાનના પડદા પાસે રાહ જોઈ રહેલા શબ્દો મનમાં ઊતર્યા. ઊંડો નિઃશ્વાસ નાખી એ બોલી: "ખડગબહાદુર આટલો નિર્બળ હશે એમ નહોતું ધાર્યું. ગુરખાનો બેટો કાયર નીવડ્યો. રૂઢિના બંધન તોડવા સહેલા નથી. પણ એ માટે ય હું તૈયાર થઈ. એને તો કશું કરવાનું કારણ ન હતું. હજી એક પ્રયાસ મારે કરવો જોઈએ." એકદમ એ ઊભી થઈ. ઘડીવાર એના ચહેરા પરથી ઉદાસી હટી ગઈ. ઝપાટાબંધ પગથિયાં ચડી એ ઉપર ગઈ.

સરયૂના ચહેરા પર તેજની સુરખી છવાઈ. આશાથી એની આંખોનો ભાર હળવો થયો. એક શ્વાસ લઈને એણે પોતાની માના સામે જોયું, અને બોલી: 'હવે ધ્યાનથી જો જો બા.'

'એમાં શું જોવું' તું ?' સરયૂની મા સ્વાભાવિક અવાજે બોલી: 'એય જણુ છેવટે નાસી જશે, અને માબાપ બીચારાં હાથ ઘસતાં રહેશે !'

'મેં તને શરૂઆતમાં શું કહ્યું છે ?'

'શું ? મને યાદ નથી.'

'કે આ પિક્ચરનો આઇડિયા જુદી જાતનો જ છે. જો આ ખડગબહાદુર આવ્યો. હવે શાન્તિથી જોયા કરજે !'

ખડગબહાદુર સંતપ્ત હૃદયે એક સોફા પર આવીને ફસકાઈ પડ્યો. એના હૃદયમાં ફરી તુમુલ યુદ્ધ શરૂ થયું છે. ગામા અને સેન્ડોનું મલ્લયુદ્ધ ચાલી રહ્યું છે. દેવાસુર સંગ્રામમાં કોણ જીતે છે એ પ્રશ્ન છે. એક તરફ પિતા સમાન શેઠ પ્રત્યેની વફાદારી, વિશ્વાસ, ગુરખા જાતિની ટેકની રક્ષા, બીજી બાજુ એક સુકોમળ હૃદયની, પ્રેમાળ, પોતાને અર્થે પ્રાણ પાથરતી બાળાનું જીવન: ભારે વિષમ સમસ્યા એની સમક્ષ ખડી થઈ. ધર્મસંકટમાંથી માર્ગ કાઢવા ખડગબહાદુર મથી રહ્યો હતો. ઘડીક એની ટેક અને વફાદારી જીતતાં તો ઘડીક શૈવલિની ઉપરનો અનુરાગ ઊછળીને એના હૃદયને આવરી લેતો.

સરયૂ ખડગબહાદુરના ભાવોર્મિમાં ઘૂમરી ખાવા લાગી. ફરી ફરીને એ સ્થાને આવી જવા લાગી.

પડદો ઝપાટાબંધ સરકતો જતો હતો. મંથન, વ્યથા, ઊર્મિલતા, વિરહગીત એક પછી સરયૂના મન પરથી પસાર થવા લાગ્યા. ખડગબહાદુર મૂઢ બનીને બેઠો હતો, એવામાં શૈવલિની ધીમે પગલે, ભારે હૈયે આવી પહોંચી. આવીને એણે નીચું જોઈ બેઠેલા ખડગબહાદુરની પીઠ પર ધીરે રહીને હાથ મૂક્યો. ખડગબહાદુરે પાછું વાળી જોયું. શૈવલિનીને જોતાં મનમાં ગભરાટ છૂટ્યો. છતાં સ્વસ્થતા જાળવી એમ ને એમ બેસી રહ્યો.

સરયૂનો જીવ આનું છેવટ જોવા તલપાપડ થતો હતો. એ પોતે અંત જાણુતી હતી. છતાં જાણે દરેકેદરેક ભાવના દશ્ય એને નવીન, આકર્ષક અને સુખદુ:ખની લાગણીજનક લાગતાં હતાં.

શૈવલિની પાસે બેઠી. ખડગબહાદુરના હાથ પોતાના હાથમાં લીધાં. ખડગબહાદુર હજી એમ ને એમ બેઠો હતો. મનની દઢતા જાળવવા એ મહાપ્રયત્ન કરી રહ્યો હતો. થોડા દિવસ પહેલાંનો એનો વિજયી નિશ્ચય જાણે ડગી જશે એવો ભય તેને વિહ્વળ બનાવી રહ્યો હતો. શૈવલિનીનો હાથ પીઠ પર અને માથા પર ફરવા લાગ્યો ખડગબહાદુર પાણી પાણી થવા લાગ્યો. પ્રેક્ષકો સહર્ષ જોઈ રહ્યા. એમને આ દશ્ય આહ્લાદક લાગ્યું પીંજરના પંખી ખડગબહાદુરને પીંજરમાં પુરાતો જોઈ ખુશી થયા. રાગીજનો રાગમસ્ત બનીને રાચવા લાગ્યા. સ્નેહબદ્ધ સંસારીઓ સ્નેહનો વિજય જોઈને હરખાવા લાગ્યા. પ્રેમપાશમાં પડેલા પ્રેમની પરાકાષ્ટા જોઈ પ્રસન્ન બન્યાં. સરયૂએ સંતોષની લાગણી અનુભવી. પળ બેપળ, ક્ષણ બેક્ષણ એમ ને એમ વીતી ગઈ.

ખડગબહાદુર નીચી નજર કરી બેઠો હતો. એકીટશે જાજમના ચિતરામણ તરફ તાકી રહ્યો હતો. એના મનમાં આવી રહેલું તુમુલ યુદ્ધ એની અંતિમ કક્ષાએ પહોંચ્યુ હતું બહારથી એ મન ઉપર મહામહેનતે કાબૂ રાખી રહ્યો હતો. એના હાથ શૈવલિનીને મસળી નાખવા સળવળી રહ્યા હતા. એનું હૈયું શૈવલિનીના હૈયા સાથે ચંપાવા અધીર બન્યું હતું. શૈવલિની સ્વસ્થ હતી. એના ચિત્તમાં ઊઠેલા તોફાનના રજકણો શમી રહ્યાં હતાં. ધીમે ધીમે એનો પ્રાણ એની ઇન્દ્રિયોમાં આવીને વસી રહ્યો.

એટલામાં ખડગબહાદુરે જાજમ પરથી નજર ઉપાડી લીધી. એણે ડોક ઊંચી કરી. શૈવલિનીના મુખ પર એક દષ્ટિપાત કર્યો.

એની નજરમાં નજર પરોવી એનું હૈયું વાંચવા લાગ્યો. શૈવલિનીનો હાથ એણે ધીમે રહીને પોતાના હાથમાં લીધો. એ હાથ જે હાથના સ્પર્શથી એક નહિ અનેક વખત મીઠી ભાવોર્મિઓ અનુભવી હતી, એ હાથ જેના સ્પર્શથી એ શીતળતા અનુભવતો, જેના સ્પર્શ માટે એ મહિનાઓ સુધી તલસ્યો હતો, જે હાથ, શરીર પર ફરતાં એની સમગ્ર વૃત્તિઓ વિહ્વળ બની જતી તે હાથને ખડગબહાદુરે ધીમે રહીને પોતાના હાથમાં લીધો, ચાંપ્યો. શૈવલિની સામે એ અનિમેષ જોઈ રહ્યો. નયનોનું પ્રેમપાન કરતાં એણે એક ઊંડો નિઃશ્વાસ નાખ્યો. એના શરીરમાંથી એક કંપારી પસાર થઈ ગઈ. એ ધીમે રહીને ઊભો થયો. શૈવલિની સામેથી નજર ઊંચકી લેતાં, એનો હાથ હાથમાંથી છોડતાં જાણે એ પોતાની ચામડી ઊતરડી નાખતો હોય તેવી મર્મવેદના અનુભવી રહ્યો.

સરયૂ એના ચહેરા સામે જોઈ રહી. એની આ શંકા સાચી. એ શંકાથી એનું મન ધ્રુજવા લાગ્યું. ખડગબહાદુરના ચહેરા પરની કુમાશ હજુ હટી ન હતી. એનું ગુણુદર્શનહાસ્ય હજી એના ચહેરા પર જાણે ફરકી રહ્યું હતું.

ખડગબહાદુરનો પૂર્વનિશ્ચય વિજયી નીવડતો હોય તેમ તેણે શૈવલિનીનો હાથ ધીમે રહીને નીચે મૂકયો. એ ચમકી ગઈ. છતાં ખડગબહાદુર શું કરે છે તે જોઈ રહી. ખડગબહાદુર જાણે કંઈક બોલવા માગતો હોય તેમ ઊભો હતો. એના હોઠ ફરકતા હતા, પણ જીભ ઊપડતી ન હતી. એની ઇન્દ્રિયો જાણે જડ થઇ ગઈ હતી. પોતે લેવા ધારેલા પગલાથી શૈવલિનીની જે દશા થશે એ વિચારે એનું હૈયું ધબકી રહ્યું હતું. પણ એણે મનને મજબૂત કર્યું. શૈવલિની સામે એણે હાથ જોડયા. માથું નમાવ્યું. આખરે એના મુખમાંથી ઉદ્ગાર સરી પડયા: 'શિલૂ! તું મને ભૂલી જા. આપણું જોડાણ અશકય છે.'

સરયૂ આ કશુ સમજી શકે તે પહેલાં ખડગબહાદુરે પીઠ ફેરવી. શૈવલિની તે જડવત જોઈ જ રહી. ખડગબહાદુરને બે ભુજામાં જકડી રાખવાનું, બારણામાં વચ્ચે ઊભા રહી એનો માર્ગ રોકી રાખવાનું એને મન થયું પણ એના પગ ઊપડ્યા નહિ. એ તે જોઈ જ રહી. અને ખડગબહાદુર ધીમે પગલે બહાર નીકળ્યો.

સરયૂ જોઈ રહી. વિચારવા લાગી. ખડગબહાદુર ક્યાં જતો હશે? શા માટે જતો હશે! શૈવલિની કેમ એને રોકી લેતી નથી? એવા અનેક પ્રશ્નો એના મનમાં એકસામટા ઊડ્યા. પણ એના જવાબ મળે તે પહેલાં ખડગબહાદુર પગથિયાં ઊતરીને બંગલાની બહાર નીકળીને એણે ભાડૂતી ગાડી કરી, સ્ટેશને પહોંચ્યો. ઉત્તર તરફ જતી રેલ્વેમાં એ જઈ બેઠો. મનની મથામણોને દઢતાથી અળગી કરવા મથતો, મેઇલટ્રેન કરતાં બમણી ઝડપે દોડતા મનને શાંત કરવા ભગીરથ પ્રયત્ન કરતો; એ હિમાલયની તળેટીના છેલ્લા ટરમીસે ઊતર્યો અને ત્યાં તરાઈને માર્ગે ચાલી નીકળ્યો. પાછું વાળી જોયું નહિ.

સરયૂ અર્ધ બેભાન બની જોઈ રહી. એની બાને પણ સજજડ આઘાત થયો. પોતાની માન્યતા મુજબ બન્યા છતાં એને આઘાત લાગ્યો. રડતી શૈવલિનીને એની માતા આશ્વાસન આપવા લાગી. પણ બધા પ્રયત્ન વ્યર્થ નીવડ્યા. એના પિતાએ વિચાર્યું: 'લગ્ન જલદી થઈ જાય તો એનું મન ઠેકાણે પડી જશે. તિથિ નક્કી થઈ. શૈવલિનીની માતા એના મનને મનાવી રહી હતી, પણ કારી ફાવતી ન હતી. લગ્નદિન આડા ચોવીસ કલાક રહ્યા. શૈવલિનીનાં નેત્રજળ સુકાતાં નથી. છેલ્લી રાત્રી આવી પહોંચી. શૈવલિનીએ આખરી નિર્ણય કરી લીધો. પોતાનો ઓરડો બંધ કર્યો. ઝેરી દવાની શીશી પેટીમાંથી બહાર કાઢી. બસ એક મિનિટમાં એ હતી ન હતી થઈ જાત. પ્રેક્ષકોના મુખમાંથી છેલ્લી આહ નીકળવી બાકી હતી ત્યાં

બારણા પર ધડાક કરતો અવાજ થયો. શૈવલિની ચમકી અને ચમકતાં હાથમાંથી પ્યાલી પડી ગઈ બારણાં ઉપર ધડાકા વધવા લાગ્યા. સામેની ખુલ્લી રહેલી એક બારીમાંથી નોકર અંદર કૂદી આવ્યો. બારણાં ઉઘાડ્યાં. માતા દોડીને દીકરીને બાઝી પડી. એની આંખમાંથી આંસુની ધારા ચાલી.

સરયૂની બાએ સરયૂનો હાથ એક હાથે પકડી લીધો અને બીજો હાથ છાતીએ ચાંપ્યો. એના હૃદયના ધબકારા વધી રહ્યા હતા.

શૈવલિની માતાની છાતીમાં માથું ઢાળીને હીબકે હીબકે રડવા લાગી. વાત્સલ્યભરી માતાએ ગદ્‌ગદ્‌ કંઠે કહ્યું: ' બેટા, ભગવાને લાજ રાખી નહિતર હું શું કરત ? તું છાની રહી જા. હું અત્યારે ને અત્યારે આપણા દિનુને મોકલું છું. ખડગને પાતાળમાંથી શોધી લાવશે. મારા સમ છે હવે એક આંસુ પણ પાડ તો. '

શૈવલિનીનું હૈયું વધારે ભરાયું. માતાના હૃદયની ઉદારતા આગળ પ્રેક્ષકોના હૈયાં નમી પડ્યા અને સાથોસાથ પડદો પડી ગયો. દીવા પ્રગટી નીકળ્યા અને ખુરશીઓમાં બેઠેલી પ્રતિમાઓ ઘડીભર સ્તબ્ધ બની ગઈ.

ઝવેરી કુટુંબ ઘેર આવ્યું ત્યારે પણ સરયૂની બાનો જીવ હેઠો બેઠો નહોતો. એ વારંવાર સરયૂની સામે જોયા કરતી હતી અને એનો હાથ પોતાના હાથમાં લઈ લેતી હતી.

' કેમ બા, ' સરયૂ ઘેર આવતાં બોલી: ' હું કહેતી હતી એમ જ થયું નાં ? '

' આખી દુનિયામાં આમ બને છે. છોરૂ કછોરૂ થાય માવતર કમાવતર થોડાં થાય છે. એના બાપે તો ધામધૂમ કરી, પણ બીચારી માનો જીવ મરતી દીકરીને જોઈ ન શક્યો. '

' હવે ખરી મારી બા. ' સરયૂ માને વળગી પડી.

૫

ચાર ઘટાદાર લીમડાની વચ્ચે એક નાના ઓટલા પર પછેડીઓ, ધાબળા વગેરે પાથરીને બેઠક ગોઠવી છે. બે નવાં ગોદડાં પાથરી બેઠક ઉપર ગાદલાના વીંટાના તકિયા બનાવ્યા છે. ઓટલા ઉપર તકિયાને અઢેલીને વચ્ચોવચ્ચ શાંતિલાલ ઝવેરી બેઠા છે. એમનાં કપડાં અને ચહેરા ઝગમગી રહ્યાં છે. એમની બાજુમાં ભાતીગર સાડી પહેરીને સરયૂ બેઠી છે. એના કાનમાં ગોળ સફેદ ઝુમર જેવાં બુટિયાં લટકી રહેલાં છે. બીજી બાજુ રમેશ અને પરમાર સાદાં સફેદ ખાદીનાં લેંઘા ખમીસ પહેરીને બેઠા છે. ઓટલાની કોર ઉપર વાસના બે આગેવાનો બેઠા છે. એમનાં કપડાં અને ચહેરા મહેમાનો આગળ ઝાંખા લાગે છે.

ઓટલા ફરતાં નાનાં મોટાં બસો અઢીસો માણસો ઉભાં છે. કેટલાંક નાનાં છોકરાં આગળ બેઠાં છે. છોકરાંના અંગ ઉપર કોઇને એકલી ચડ્ડી, તો કોઇને ચડ્ડી વગરનો ઉઘાડાં બટનવાળો કોટ પહેર્યો છે. એ કોટમાંથીય પીઠ અને કોણી દેખાતાં હતાં. કોઇએ માથે કાળી ધોળી, મેલી ઘેલી અને ફાટલી ટોપીઓ ઓઢી હતી. રંગબેરંગી ઓઢણાં ઓઢીને કાખમાં છોકરાં તેડીને બાઇઓ દૂર ઊભી

છે. કેટલીક બહેનોએ વાળ ઓળીને કપાળમાં મોટાં ચાંદલા કર્યા છે અને આંખમાં આંજણુ આંજ્યાં છે. તો કોઇએ વાળની ઊડતી લટોને ઓઢણાના છેડાથી ઢાંકવા પ્રયાસ કર્યા છે. ઘોંઘાટ ઘડીક શાંત થઈ જાય છે તો ઘડી પછી પાછો છોકરાંનો રડવાનો અને માતાઓની ધમકીનો અવાજ શોરબકોર મચાવે છે.

×

ઝવેરી 'શેઠ' બોલવા ઊભા થયા એટલે એકદમ શાંતિ પથરાઈ ગઈ. એમણે ઉપદેશના ચાર શબ્દ કહ્યા. હવે ઝૂટ સુધરી જવાનું કહેલું અને આખરે મહાત્માજીની જય બોલાવી બેસી ગયા. ઝવેરી શેઠના અતિ આગ્રહને વશ બનીને પરમારને બે શબ્દ બોલવા પડયા:

'આ દુનિયામાં દુઃખ ભોગવ્યા વગર સુખ મળતું નથી. આપણી ઉપર જે અન્યાય થઈ રહ્યો છે તેમાં આપણે ભાગીદાર છીએ. એ અન્યાયનો સામનો કરવામાં આપણે ભારે દુઃખ પામવાં પડશે. અત્યારે ન છૂટકે ભોગવીએ તેના કરતાં સામે ચાલીને ભોગવેલું એ દુઃખ ઓછું હશે. પોતાના હક્ક માટે લડવું એ આપણી ફરજ છે. કોઈ આપણને પૈસા આપે. કોઈ આપણને સગવડ આપે, કોઈ આપણાં દુઃખ ટાળે, એવી આશા રાખવી તે કાયરતા છે. એ બાયલાપણું છે. આપણે પોતે જ આપણું સુખ, આપણા હક્ક મેળવવાના છે. આપણે પોતે જ આપણી ગંદકી, કુસંપ, અજ્ઞાન ટાળવાનાં છે. એમાં જે મદદ કરે તે આપણા આંખમાથા ઉપર, બાકી બીજાની સામે મોં વકાસીને બેસી રહેવાનો વખત હવે ચાલી ગયો છે.'

પરમાર બેઠા એટલે ઝવેરીએ સરયૂ સામે જોયુ: 'કેમ બેટા, એક ભજન બોલીશ ને?'

સરયૂ: 'ના બાપુજી' કહીને નીચું જોઈ ગઈ. એનાં ઢળેલાં નેત્રો ગાલમાં પડેલા ખાડા સામે નીરખી રહ્યા.

'એમ તે ચાલે, આ લોકોને આપણે કંઈક સંભળાવવું જોઈએ ને?'

'પણ બાપુજી...' સરયૂએ રમેશ અને પરમાર તરફ જોઈ ફરી માથું ધુણાવ્યું.

આખરે થોડી આનાકાની પછી એ ટટ્ટાર થઈ. ગળું ખંખાર્યું અને ભજન શરૂ કર્યું. સૌ એકકાન થઈ સાંભળી રહ્યાં:

'સબસે ઊંચી પ્રેમ સગાઈ.' એ ભજન પુરું થયું ત્યાં સુધી શાંતિ છવાઈ રહી. પછી તરત જ અંદરોઅંદર વાતો શરૂ થઈ. ઝવેરી શેઠ ઊઠયા અને સભા વિખેરાઈ.

સરયૂએ કહ્યું: 'બાપુજી, અમે વાસમાં જરા ચક્કર લગાવી આવીએ?'

'ભલે, જઈ આવો.'

'ચાલો રમેશભાઈ, પરમાર!'

'એમાં શું જોવું છે?' પરમારે કહ્યું.

'તમારે માટે નવું ના હોય પણ મારે આ વસ્તુનો સ્ટડી કરવો છે!'

સરયૂના આગ્રહને વશ થઈ બન્ને મિત્રો સાથે ચાલ્યા.

'ડોસા,' સરયૂએ એક વૃદ્ધને કહ્યું: 'અમને તમારાં ઘર બતાવશોના?'

'અરે ઓનબા, અમારાં ગરીબનાં ઘરમાં શું જોવાનું હોય? ઘર તો તમારાં નસીબદારનાં. અમારાં તો ઘોલકાં.'

'મારે ઘોલકાં જોવાં છે.!'

'આવોને તો કુણ ના કહે છે! ઓલી છોડીઓ, પરી ખસો. ઓનને મારગ દ્યો.'

'ભાઈ તમે આમના હેંડો. છોકરાં, તમે છેટાં રહો.'

પણ છોકરાં છેટાં રહે? એ તો સરયૂ, રમેશ અને પરમાર ઉપર પડતાં આવે છે. ઊંચા મોં વકાસીને જોઇ રહ્યાં છે.

×

એક ઘર આગળ ઊભા રહી જતાં વૃધ્ધે કહ્યું: 'લ્યો આવો અંદર' આગળ આવીને સરયૂએ ઓટલા પર ચડી બારણામાં ઊભા રહીને અંદર ઓરડામાં નજર કરી: 'વાહ તમારા ઘરનો શણગાર તો મજાનો છે. રમેશ તું જો તો ખરો' કહીને સરયૂએ પાછા ફરી જોયું. પરમાર દૂર ઓટલાને છેડે ઊભો હતો. રમેશ સરયૂની પાસે ગયો અને ઘર જોવા લાગ્યો. સામી ભીંતે ફોટાની હાર ટીંગાડી છે. ચાકળા ચોડયા છે. રંગબેરંગી શીંકામાં મોટા શીશા લટકે છે. લીંપીગુંપીને ઓરડા ચોખ્ખા રાખેલા છે.

સરયૂએ પાછા ફરીને પરમારને કહ્યુ: 'તમારી બાજુ પણ આવાં જ ઘર કે?'

'આના કરતાં વધારે સ્વચ્છ અને દેખાવડાં' પરમારે કહ્યું.

'એમકે? એનું શું કારણ?'

'આ શહેરની નજીક છે એટલે લોકો આળસુ અને વ્યસની વધારે છે. અમારે ત્યાં તો દર પખવાડિયે ઘરની અંદર અને બહાર ઓ-ળીયા થઈ જાય.'

'વાહ !' સરયૂ બોલી ઊઠી: 'પણ તમે ઓરડામાં ક્યાં જોયું છે. કેવા સરસ આભલાંવાળા ચાકળા ચોડ્યા છે ?'

'એ તરફનું તમે જોયું નથી.' પરમાર ધીમેથી પગથિયું ઊતરતાં બોલ્યો: 'ચોળી, ચણિયા ને ઓઢણાં ઉપરણાં જુઓ તો તમે છક થઈ જાઓ.'

'પણ પરમાર, તમે ઓટલા પર પેલી ગોદડી જોયેલી કે ? કેટલી સરસ હતી.'

'એ તો સાવ સાદી ગણાય' પરમારે આગળ ચાલતાં કહ્યું. 'અંદર રંગબેરંગી દોરાથી વેલબુટ્ટા પાડે છે. એ જુઓ તો તમને ભારે નવાઈ લાગે !

'તમારા લોકોમાં કારીગરી તો ઘણી છે.' રમેશે કહ્યું.

×

'પરમાર,' સરયૂએ પરમારની પાસે આવીને સામે જોતાં પૂછ્યું: 'તમને એમ નથી લાગતું કે જો આ બહેનોને નવરાશ વધારે મળે તો એ 'આર્ટ' ખૂબ ખીલવી શકે ?'

'અમારા તરફ ગામડામાં ચાર મહિના ચોમાસાના નવરાશ હોય છે. તેમાં આ કામ કરે છે. રોજ તો નવરાશ શાની મળે ?'

'તમારી પોતાની પાસે આવા ભરતકામના નમૂના હશે કેમ ?' પરમારે હસીને કહ્યું: 'કેમ તમારે એની નકલ કરવી છે ?'

'નકલ નહિ, હું બાને બતાવવા માગું છું.'

'એક ઓશીકાનું કવર અને ગોદડી છે તે તમને બતાવીશ.'

'થેંક્યુ.'

ત્રણેય વાત કરતાં મોટર પાસે આવી પહોંચ્યા. શાંતિલાલે સરયૂને પૂછ્યું: 'કેમ જોઈ આવ્યા?'

'જીહા, બાપુજી. એ લોકોનાં ઘર તો બહુ સરસ છે.' સરયૂએ હથેલી ધરીને કહ્યું.

'તે છે જ તો. અમે તો અહીં ગાંધીજી સાથે બહુ વાર આવેલા છીએ. આ લોકોના આંગણાં સાફ કરેલાં છે.'

'એમ કે? છતાં અહીં ગંદકી ઘણી છે.' સરયૂએ કહ્યું.

'લે તું આવી જા હવે, રમેશ, ચાલો.' પરમાર આગળ બેઠા. સરયૂ ને રમેશ શાંતિલાલની પાસે પાછળ બેઠાં. ટોળું મોટર ફરતું ફરી વળ્યું.

'ચલાઓ ડ્રાઇવર!'

મોટર ચાલી. લોકોએ 'ગાંધીજીકી જય' 'ઝવેરી બાપાની જય' બોલાવી. મોટરના અવાજ સાથે અથડાઈને જય પાછી ફરી. શાંતિલાલે પરમારનેજ ઉદ્દેશીને બોલતા હોય તેમ કહ્યું: 'આ લોકોનો પ્રેમ ભારે છે.'

પરમાર કશું બોલ્યો નહીં. સરયૂની કુતૂહલવૃત્તિ સંતોષવા એણે ઘણા સવાલજવાબ કર્યા પણ તેના દિલમાં એક વસ્તુ ભાલાની અણીની જેમ ભોંક્યા કરતી હતી. હરિજનો પ્રત્યે મુરબ્બીવટ રાખીને કોઈ વાસમાં આવે, ઘરમાં નજર કરે. ઘરવખરી, ખોરાક પોશાકની ટીકા કરે કે દયા ખાય એ એને જરા પણ પસંદ ન હતું. 'ઝવેરી

બાપાની જય' સાંભળીને તો એના કાન બહેરા થઈ ગયા. એમાં ય ઝવેરી શેઠે 'આ લોકોના પ્રેમ'ની નિશાનીરૂપે એ જે'ને ઓળખાવી ત્યારે એના મનમાં જ્વાળામુખી પ્રગટેલો.

પણ બે મિનિટ પૂરી ન થઈ ત્યાં એ જ્વાળામુખી ઉપર શીતળ જળ છંટાતું હોય તેમ સરયૂ બોલી: 'બાપુજી, પરમાર થોડા શબ્દ જ બોલ્યા પણ એમની લાગણી એમાં કેવી ભરી હતી?'

'એમ જ હોય' ઝવેરીએ કહ્યું: 'આપણને અંગ્રેજોની ગુલામી કેવી સાલે છે? તેમ સવર્ણ કોમના જુલમો પરમાર જેવા સમજુ અને શાણા જુવાનોને વધારે વસમા લાગે.'

*

'પરમાર,' સરયૂએ પૂછ્યું, પરમારે પાછું વાળી જોયું અને સાંભળવા તત્પર બન્યો: 'તમે અમદાવાદ જિલ્લાના કલેકટર હો તો શું કરો?'

'આ લોકોને ગામની વચ્ચે વસાવે.' રમેશ બોલી ઊઠ્યો.

'અને તારો જેવાને વાસમાં એ રહેવા મોકલી આપે.' સરયૂએ ચાબખો ચોડ્યો.

ઝવેરી શેઠ સુદ્ધાંઆ સાંભળીને હસી પડ્યા. સરયૂએ રમેશને એક ધબ્બો મારીને કહ્યું: 'મશ્કરી કરે છે. બાપુજી, મારો પ્રશ્ન સીરિયસ હતો.'

'તે કોણ ના પાડે છે?' ઝવેરીશેઠ બોલ્યા. 'રમેશ કહે છે તે વાત પણ ખરી છે. એમને સૌને આપણી વચ્ચે સમાવી લેશું ત્યારે જ આભડછેટ જશે. ખાનપાન, ભણતર, ધંધો બધામાં આપણે

અને અન્ય વર્ણોમાં ભેદભાવ નથી, તેમ હરિજન ભાઈઓનું પણ સમજવું જોઈએ.'

'આજે આપણે બહુ લેઈટ થયાં છીએ.' સરયૂએ કાંડાં ઘડિયાળ સામે જોઈને કહ્યું: 'પરમાર, તમે આજે આપણે ત્યાં જ સીધા ચાલજો. કેમ બાપુજી?'

'જરૂર, આજે આપણે સાથે જ જમશું. બે ઘડી આરામ લઈને પછી' ઝવેરીશેઠે કહ્યું: 'ભલે જાય!'

'જીના, હું તો સીધો જઈશ! પરમારે કહ્યું.

'હવે પોતે મોંઘા થશે!' સરયૂ બોલી.

'તમને કોઈ દિવસ અમે ક્યાં નોતર્યા છે. આ તો સહેજે મોડું થઈ ગયું છે તો સાથે જમી લેશું.' રમેશે સરયૂને ટેકો આપ્યો.

'એ તો આવશે.' પરમાર કશું બોલ્યો નહિ એટલે શાંતિલાલે વાત ખીલે બાંધી.

સરયૂ મનમાં વાતે ચડી: 'આજ પરમાર પહેલવહેલા આવે છે તે બાએ સાદી રસોઈ કરાવી હશે તો કાંઈક બનાવડાવી લઈશ. એ બિચારા રોજ પેલા શાસ્ત્રીના હાથનાં ભાખરાં ખાય છે. છતાં કેવા આનંદી અને તંદુરસ્ત રહે છે. ખરેખર આ જુવાન કોઈ જુદી જ જાતનો છે. એ કોઈ પૂર્વજન્મનો સંસ્કારી આત્મા હોવો જોઈએ નહિતર આવી અજ્ઞાન કોમમાંથી આટલી હદે કેમ આગળ વધી શકે?'

સરયૂ થોડી વાર શાંત રહી. મોટર ઝપાટાબંધ ચાલી જતી હતી.

સૌ એકદમ ચૂપ થઈ ગયા હતા. વળી સરયૂનું મન બોલવા લાગ્યું: 'કાદવમાંથી કમળ ખીલે છે એમ આવો ગુણવાન, આવો વિદ્વાન માણસ એ કોમમાં પેદા થયો છે. આ માણસ અમદાવાદ જેવા શહેરમાં કોઈ સંસ્કારી કુટુંબમાં જન્મ્યો હોત તો આજે એણે યુરોપ–અમેરિકામાં જઈને નામ કાઢ્યું હોત. અરે આ તો અમદાવાદ આવી ગયું.' સરયૂની વિચારમાળા તૂટી અને એ પરમારની ઉન્નત ગરદન અને પહોળા ખભા સામે એકીટશે જોઈ રહી.

★

૬

કૉલેજના રવેશમાં શાસ્ત્રીને એકલો ઊભેલો જોઇને સરયૂ તેની પાસે ગઈ. શાસ્ત્રી જાણે સરયૂને જોઈ ન હોય તેમ અચાનક પાછો ફર્યો અને બોલ્યો: 'ઓહો સરયૂબાળા! તમે છો કે?'

'ના એ તો ગિરિબાળા છે!' કહીને સરયૂ હસી.

'ત્યારે તો તપ કરવા હિમાલય જવું પડશે.'

'શાસ્ત્રી, તમે બહુ મશ્કરીખોર છો હોં કે!'

'એમાં મશ્કરી શાની? સીધી વાત છે! તમે પોતે કહ્યું: 'ગિરિબાળા છું' ત્યારે મેં કહ્યું: 'કોઈ મહાદેવને પ્રસન્ન કરવા હિમાલય જાઓ!'

'અમારે તો જ્યાં રહીએ ત્યાં હિમાલય અને જે મળે તે મહાદેવ!'

'ઓ...હો...હો' શાસ્ત્રી એની ખાસ ઢબે ખડખડાટ હસી પડયો.

'અરે પણ મિ. શાસ્ત્રી ! હું તમારી પાસે એક ખાસ કામે આવી છું.' સરયૂ ગંભીર બનતાં બોલી.

'ફરમાવો.' શાસ્ત્રીએ નાટકી ઢબે હાથ જોડયા.

'મારે જરા તમારી રૂમ પર આવવું છે. તમે કયારે જવાના ?'

'તમે તૈયાર હો તો હમણાં જ.'

'પણ મિ. પરમાર હશે કે ?'

'એવું શું કામ છે ?'

'એમની પાસે થોડા ભરતકામના સુંદર નમૂના છે. એ મારે જોવા છે.'

'હા...' શાસ્ત્રીએ ડોકું નમાવ્યું. 'છે ખરા, પણ એ તો હું તમને બતાવી શકીશ. એ ભાઇસાહેબ તો પૂરા પીરિયડ ભર્યા પછી જ આવવાના. આપણી જેમ એમનું ધાંધિયા ખાતું નહિ.

'તો આપણે જરા મોડા નીકળીએ.'

'નારે, ચાલોને એ તો આવી પહોંચશે.'

નીચે ઊતરીને બન્ને જણ સાઇકલ પર મહારાષ્ટ્ર સોસાયટી તરફ ચાલી નીકળ્યા.

×

રસ્તામાં આગલે દિવસે કરેલા પ્રવાસની વાતો સરયૂ શાસ્ત્રીને કરવા લાગી. શાસ્ત્રી વચ્ચે ટાપસી પૂર્યે જતો હતો અને સરયૂની વાતમાં પોતે તલ્લીન બન્યો હતો. એટલામાં મકાન આવ્યું.

રૂમ ખોલીને શાસ્ત્રીએ કહ્યું: 'આવો સરયૂબેન !'

સરયૂ અંદર આવીને ઊભી રહી. ચારે તરફ એક નજર કરીને બોલી: 'આટલી સંકડાશમાં તમે લોકો કેમ કરીને રહી શકો છો ?'

'અમે તો રબ્બર જેવા છીએ. મોટા મહેલમાંય ન સમાઇએ અને આટલી રૂમ પણ અમને કોઇ વાર મોટી પડે છે !'

'તો તમે પેલી ચીજો બતાવશો કે પરમારની રાહ જોઇશું ?'

'તમારી મરજી ! બેસવું હોય તો ચાપાણી બનાવું.'

'તમારો ટાઈમ થયો છે ?'

'અમારે તો જ્યારે ચા પીવાની મરજી થાય ત્યારે ટાઇમ !'

'તો લાવો હું બનાવી આપું.'

'અરે આપને તસ્દી અપાય ?' કહીને શાસ્ત્રીએ કોટ ટોપી ઉતારી સ્ટવ સળગાવવાની શરૂઆત કરી.

'સરયૂબેન તમે પેલી ખુરશી લઇને બારી પાસે બેસો.'

'હું જરા આ દેખાવ જોઉં છું. પાછળનો સીન નાઇસ છે હાં, શાસ્ત્રી ?'

'છેસ્તો. અમારી પસંદગી મોળી ન હોય.' સરયૂ બારી બહાર લોકોલેજના રસ્તા પર જોઈ રહી. કોઇક સફેદ પાટલૂન અને રાખોળી કોટવાળો સાઈકલ સવાર દેખાયો, ત્યાં એનું મન બોલી ઊઠયું: 'પરમાર આવ્યા ખરા.' પણ સાઇકલ નજીક આવી અને એ જુવાનને ચશ્મા નથી એમ સરયૂએ જોયું ત્યારે એ સહેજ નિરાશ મને બબડી: 'આ તો કોઈ બીજો છે.'

×

ત્રણચાર વાર આશાનિરાશાના ઝોલાં ખાધાં ત્યાં શાસ્ત્રીએ બૂમ મારી: 'લ્યો સરકાર, આ તૈયાર !'

'ઓહો શાસ્ત્રી, તમે તો ઝડપ કરી !'

'ઝડપ તો તમે કરી.' કહી શાસ્ત્રી બારી બહાર ડોકાયો: 'આજ ભાઈસા'બ ક્યાં ચડી ગયા !'

સરયૂને થયું: 'મારે ઘેર તો નહીં ગયા હોય. ગઈકાલે લેસન નથી લીધું તે કદાચ આજ ગયા હોય ! ચા ગરમ હતી છતાં એણે ઝપાટાબંધ પૂરી કરી. રૂમાલથી મોં લૂછતાં કહ્યું: 'ઠીક મિ. શાસ્ત્રી હું જઈશ હવે !'

'કેમ તમારે પેલા નમૂના નથી જોવા ?'

'હા હા. એ તો સાવ ભૂલી જ ગઈ.'

શાસ્ત્રીએ પરમારનો બિસ્ત્રો ખોલ્યો. ઓશીકું કાઢી બે હાથે ધરીને સામે ઉભો રહ્યો: 'જોઈ આ કારીગરી ?'.

સરયૂ જોઈ રહી. રંગબેરંગી વેલબુટ્ટાનું ભરતકામ ઓપી ઊઠતું હતું.

સરયૂએ ઓશીકું હાથમાં લીધું: 'અંદર આટલું કડક કેમ છે ?'

'તમારાં જેવાં મુલાયમ ઓશીકાં અમારા દેશમાં ન હોય. અમારી તો ડુંગરાળ ભૂમિ, તે આવાં જ ઓશીકાં સારાં.' કહીને શાસ્ત્રીએ ખરું કારણ કહ્યું: 'એ લોકો બિચારા રેશમ જેવું રૂ ક્યાંથી કાઢે. આમાં તો જૂના ગાદલાના ચૂંથા ભર્યા હશે ને કાં જૂની ગોદડિયોના ગાભા નાખ્યાં હશે !'

'એ તો બહુ ખરાબ. આટલી સુંદર આર્ટ એવી ગંદી ચીજ ઉપર શા માટે કરતાં હશે !'

'શેખ! અમારે ત્યાં દીકરી વારપરબે આવા આલેખ કરી રાખે અને નવરા દિવસે ભરત ભરે. પછી પહેલે આણે ચાકળા, ચંદરવા, ચોળી, ખોથાં બધું સાથે લઈ જાય.'

'ક્યાં લઈ જાય.'

'સાસરે બીજે ક્યાં.'

સરયૂને ઊંડાણમાં કંઈક શેરડો પડ્યો હોય તેમ લાગ્યું. છતાં એ પોતે સમજી ન શકી કે શાથી એમ અચાનક અણગમાનો ભાવ થઈ આવ્યો. એણે શાસ્ત્રીને કહ્યું: 'પેલી ગોદડી બતાવો તો?'

ગોદડી ખુલ્લી કરતાં અંદર ગોળ વર્તુળો દોર્યાં હતાં. ચાર વર્તુળ વચ્ચે નાનું ફૂલ, લાલલીલા દોરાથી એનું ભરતકામ ઊડીને આંખે વળગતું હતું. 'આ ભરતકામ કોણે કર્યું હશે' એવો સવાલ પૂછવાનું સરયૂને મન થયું પણ શાસ્ત્રી બિચારો શું જાણે એમ ધારી મન વાળી લીધું. પોતાને અણગમતી, અજાણ શંકા ઉદ્ભવેલી તે જોકે સ્પષ્ટરૂપે સરયૂ સમજી શકી ન હતી છતાં, એ શંકા દૃઢ થાય એવા અકલ્પ્ય ભયથી એણે એ પ્રશ્ન પૂછવાની હિંમત ન કરી. મનથી જ ખુલાસો કરી લીધો: 'એમની બાએ અગર બહેને કરેલું ભરતકામ હશે.' થોડી વાર રહીને એ ઊઠી. 'ઠીક શાસ્ત્રી, તસ્દી માફ કરજો. આ બધું મૂકી દો.'

'મૂકી કેમ દે? આ તો આમ ને આમ પડ્યું રહેશે. પરમાર આવશે ત્યારે કહીશ કે તમારી શિષ્યા આવી'તી તે બધું વીંખીને ચાલી ગઈ!'

'નહિ નહિ, એવું ના કરશો શાસ્ત્રી.' સરયૂ સાચે જ ગભરાઈ

ગઈ. 'એ માણસ તો બહુ સીરિયસ છે. એને ખરાબ લાગી જાય. લાવો હું જ મૂકી દઉં.'

'બસ થેંક્યું.' શાસ્ત્રીએ કહ્યું: 'આપ જઈ શકો છો, ફરમાવો તો તમે અહીં પધારેલાં એ વાત પણ ના કરું.'

'એ વાત કરવામાં હરકત નથી. ચાલો સાહેબજી.' હાથ ઊંચો કરીને સરયૂ નીચે ઊતરી.

×

સાઈકલ લઇને દરવાજા બહાર નીકળે છે ત્યાં સામેથી દોડતી આવતી સાઇકલને બ્રેક મારીને પરમાર નીચે ઊતરી ગયો. પાસે આવતાં હસીને બોલ્યો: 'કેમ સરયૂબેન, તમે આજે અહીં?'

'તમારી પાસે આવી હતી.'

'મારે જરા આજે પ્રોફેસરને ઘેર જવું પડયું. માફ કરજો. આવોને રૂમ ઉપર!'

'ના થેંક્યું. હવે હું જઈશ.'

'પણ શું આવ્યાં'તાં, તરત પાછાં કેમ ચાલ્યાં?'

'તરત નહિ. અર્ધો પોણો કલાક બેઠી. શાસ્ત્રીએ ચાપાણી પાયાં.'

'એમકે? તો સારું.' પરમાર ઊભો રહ્યો. સરયૂએ કહ્યું: 'હું તો પેલા ભરતના નમૂના જોવા આવેલી.'

'હા, સાચું. હું તો સાવ વિસરી જ ગયો. ચાલો ઉપર બતાવું.'

'જોઇ લીધા. શાસ્ત્રીએ બતાવ્યા.'

'એમ કે?'

'હા, ઘણા જ કલામય છે.'

'વખત હોય તો આવો ઉપર બેસીએ!'

સરયૂએ સાઇકલ દરવાજા તરફ ફેરવી, પણ મોંએથી વિવેક કર્યો: 'મને બહુ મોડું થશે પરમાર!'

'એમ હોય તો ભલે જાઓ.' પરમાર દરવાજે ઊભો રહ્યો. 'ફરી કોઈવાર નિરાંતે આવજો.'

'એમ કરીશ, સાહેબજી.' કહીને દરવાજામાં પાછા જવા માટે વાળેલી સાઈકલ સડક તરફ ફેરવીને સરયૂએ પેડલ ચલાવ્યું. એક હાથ ઊંચો કરી ને સાયકલ મારી મૂકી.

*

સડકે વળાંક લીધો ત્યાં પાછું વાળી સરયૂએ જોયું તો પરમાર અંદર ચાલ્યો ગયો હતો. સરયૂને થયું: 'આગ્રહ ક્યો છતાં ના પાડી તેથી પરમારને જરા માઠું લાગ્યું. એ બહુ માની છે. આટલી વાર રોકાઇ તેમ પંદર વીસ મિનિટ વધારે રોકાઇ હોત તો એમને સંતોષ થાત. એમના ચહેરા પરથી દેખાઇ આવતું હતું. પણ તો પછી એણે શા માટે કહ્યું કે ઠીક ત્યારે આવજો? ચાલો, હવે ફરી કોઈ વાર નિરાંતે આવીશ!'

થોડી વાર એ સાઇકલ સાથે એકલી ચાલી. મને આરામ લીધો. વળી પાછું મન ચાલવા લાગ્યું: એ ભરતકામ કોણે કર્યું હશે. પરમારનાં બેને પોતાને સાસરે લઈ જવા કર્યું હશે કે એમની બા પિયરથી લઈ આવ્યાં હશે? પરમાર પરણ્યા તો નહિ હોય. જોકે એ લોકો બહુ નાની ઉંમરે પરણે છે પણ પરમાર તો નાનપણથી

ભણવા માટે બહાર નીકળી ગયા છે અને એમના વિચારો પહેલેથી ફોરવર્ડ છે એટલે એમણે બાળલગ્ન કર્યાં હોય એ સંભવિત નથી ! નદીનો પુલ વટાવતાં થોડી વાર આસપાસના દેખાવ સરયૂ જોઈ રહી ભદ્ર આગળથી તે સાઈકલ પર ઘર તરફ ચાલી ત્યારે એને વિચાર આવ્યો: 'શહેરની ધમાલમાંથી માણસે ચાર છ મહિને એકાદ વાર બહાર દૂર કરી આવવી જોઈએ. રમેશ તૈયાર થાય તો બાને લઈને દ્વારકાં, ગિરનાર વગેરે બાજુ જઈ આવીએ. એ પ્રદેશ ઘણો રળી-આમણો છે. ત્યાંના લોકોની આવી ભરત-ગૂંથણની કળા પણ જોવા મળશે. અને પરમાર પણ સાથે આવે તો ?'

એનું મન કલ્પનાની પાંખે ચડી ગયું.

★

૭

'આ છોકરીની ડગળી ખસી ગઇ લાગે છે.' શાસ્ત્રી ચાના પ્યાલા ધોતાં મનમાં બબડયા. ' અને આ પરમાર માળો બોલતો નથી. જાણે આવી વાતોમાં કશું સમજતો ન હોય એમ લાગે છે. પણ એનું ય એની પાછળ કાંઇક ખસ્યું હોય એમ લાગે છે.'

હાથ લૂંછતો એ બારી પાસે ઊભો અને બહાર નજર કરી તો રસ્તા પર બન્ને જણ સામસામાં ઊભાં હસી રહ્યાં છે. સાઇકિલો મૂંગી મૂંગી સાંભળી રહી છે. ' બસ ખલાસ ' શાસ્ત્રીનું મોટું મગજ બોલી ઊઠયું: ' આ છોકરી એનાં માબાપને કૂવો અવાડો કરાવશે.' થોડી વાર જોઈ રહ્યો પછી ' આપણે શું ! દુનિયા એમ જ ચાલી જાય છે. પરમારને આવો નહોતો ધાર્યો. બાકી તો શું ?'

પરમાર આવ્યો. ' કેમ, શાસ્ત્રીબુવા, શું ચાલે છે ?'

શાસ્ત્રીને પરમારની બોલવાની ઢબ અને અવાજમાં રહેલો ઉત્સાહ જુદાં લાગ્યાં. રોજ ગંભીર ચહેરે ઓરડીમાં પ્રવેશતો અને કોટ ઉતારી પાંચ મિનિટ ખુરશીએ બેઠા પછી, પાંચ સાત સવાલો

પૂછ્યા પછી મોં ખોલનારો પરમાર એકદમ ખબરઅંતર પૂછવા લાગે, એ શાસ્ત્રીને નવીન લાગ્યું. 'બીજાના સ્વભાવ પલટે એમાં આપણે શું ' શાસ્ત્રી મનમાં બબડ્યો, 'આપણે આપણો સ્વભાવ ન પલટવા દેવો..' એમ વિચારી શાસ્ત્રી બોલી ઊઠ્યો: 'લહેર છે યાર, આ દુનિયામાં આપણે તો મોજ કરવા અવતર્યા છીએ.'

'તો બસ.' કરીને પરમારે કોટ ખીંટીયે લટકાવ્યો અને બારી પાસે ખુરશી એંચીને બેઠો. બહાર નજર કરીને શાસ્ત્રીને પૂછ્યું: 'આજ સરયૂબેન અહીં શું આવ્યા 'તાં ?'

'એ તો તમે એમને નહીં પૂછ્યું હોય ?'

'એમણે સીધો ઉત્તર ન આપ્યો.'

'ત્યારે હવે કાલે મને કૅાલેજમાં મળશે ત્યારે પૂછી જોઇશ.'

×

'કોઈએ મારો બિસ્તરો ખોલ્યો લાગે છે.' પરમારે પથારી સામે જોઇને કહ્યું.

'મેં એને ઘણું કહ્યું કે તમે વીંખવું રહેવા દો. એ ભાઇસાહેબનું પછી ભલું પૂછવું. છતાં બસ એ તો એક પછી એક બધું ફેંદવા માંડી. હવે આમાં નહીંતર કંઇ મોટી તાજમહાલની કારીગરી હતી ?'

'કોણે સરયૂબેને આ જોવા માટે ખોલેલું ?'

'ત્યારે. મેં તો ધોળે દીએ બધું જોયેલું છે.'

'આમાં શું જોવાનું હતું !' પથારી સરખી કરતાં પરમાર બોલ્યો.

'એ તો ભાઈ, આપણે શું જાણીએ ?' શાસ્ત્રી ભારે મોં રાખીને બારી પાસે ઊભો રહ્યો. 'બાકી એને આ નમૂના બહુ ગમી ગયા.'

'ઓશીકું વધારે ગમ્યું હશે !' ઓશીકાની ફૂલવેલ સામે તાકી રહેતાં પરમાર બોલ્યો. 'જઈને ભેટ આપી આવ.' શાસ્ત્રીના હોઠે આવીને શબ્દો પાછા વળી ગયા. પરમાર પ્રત્યેની માનબુદ્ધિથી એવું છીછરું વાક્ય એના મોંમાંથી બહાર નીકળી ન શક્યું. છતાં જરા ગમ્મત ખાતર, આ વાતમાં રહેલો રસ માણવા એ બોલ્યોઃ 'ઓશીકાં કરતાં એને ગોદડી બહુ ગમી.'

'શું કહેતાં'તાં ? દોરા સરસ ભર્યા છે એમ ?'

'ના ના.' શાસ્ત્રીએ માથું ધુણાવ્યું. : 'એ તો કહે આ ભરત કોણે ભર્યું હશે ? હવે મને તો એની કશી ખબર ન મળે. આવી હકીકતો થોડીક તમારે મને લખીને આપી જવી. કોઈ પૂછે તો તરત જવાબ આપવા થાય.'

'મશ્કરી કરો છો શાસ્ત્રી ?'

'ના પણ એ વખતે પછી બહુ મૂંઝવણ પડે છે. તમે જ કહોને એ વખતે મારે એમને શો જવાબ દેવો ?'

'તને ખબર છે શાસ્ત્રી.' એકદમ પ્રેમાળ અવાજે પરમાર બોલ્યો.

શાસ્ત્રીને અવાજમાં આવેલી કુમાશ અને ચહેરામાં આવેલી ચમક જોઈને નવાઈ લાગી. એણે ગંભીર બની જઈને ધીમેથી કહ્યુંઃ 'ના. તમે કહો તો ખબર પડે.'

'આ ભરત તારી ભાભીએ ભરેલું છે. પહેલે આણે એ લઈ

આવેલી. ' કહેતાં પરમારના ચહેરા પર ફરી હાસ્ય ફરકી રહ્યું. એની નજર સામે એક સૂકા મુલકનું ડુંગરી ગામ ખડું થયું. ગામને છેવાડે આવેલો નાનકડો વાસ દેખાયો, અને વાસનાં પાંચ સાત ઘરમાં વચલી ઓસરીએ ઊભેલી એક મુગ્ધા એનાં મનઃચક્ષુ સામે તરવા લાગી. બાવન બાગની ચૂંદડીમાં શોભતો એનો ઘઉંવર્ણો દેહ, વચ્ચે લીલાં માંજવાંથી ઓપી નીકળેલો એનો ભરાવદાર નમણો ચહેરો, આંજણ આંજેલી કાળી હરણી જેવી નિર્દોષ અને વિશાળ આંખો, આંખો ઉપરની જાડી ભમ્મર અને મોટું ઊજળું રાતા ચાંલ્લાથી શોભતું કપાળ, કાનમાં પહેરેલાં સોનાનાં ઠોળિયાં, ઠોળિયાંની પાછળ લટકતા રૂપેરી છડા. ભરાવદાર ડોકમાં કાળા દોરાથી બાંધેલું નાનકડું રૂપાનું માદળિયું. મજબૂત ગોળ કાંડામાં ચપોચપ બેઠેલી સોનાની ચીપવાળી લાલ ચટક ચૂડલીઓ, કમખાની બાંય સાથે ચોટી ગયેલી સુડોળ ભુજાઓ, મહેનતુ, ખડતલ અને કુદરતી સૌંદર્યે ઓપતી એ મુગ્ધ બાળા પરમારની દૃષ્ટિ સમીપ આવીને ઊભી રહી.

*

સૂકા થોરનાં ભુંભલાં બળતણ માટે એકઠા કરીને, ખરબચડી થઈ ગયેલો એના હાથની હથેળીઓને બરછટ આંગળીઓમાંથી આવી સુંદર કળા શી રીતે નિર્માણ થઈ હશે એ વિચાર પરમારને આવ્યો, અને એનું તત્ત્વજ્ઞાની મગજ બોલી ઊઠ્યું:

' જે પ્રાકૃતિ છે, જે સ્વાભાવિક છે, એ જ સુંદર છે. એ જ મંગળકારી છે. કેવા ઊંડા પ્રેમથી એ મને ચાહે છે. પોતાની સાહેલીઓ આગળ પોતાના વિદ્વાન અને ભણેલા પતિની વાતો કરતાં એની જીભ થાકતી જ નથી. હું રજાઓમાં ઘેર જાઉં છું તે પહેલાં જ એ ઘેર આવી જાય છે. મારા બાપા તેડવા જાય કે ન જાય તોય પોતાના ભાઈને તેડીને પોતાને મેળે સાસરે આવે છે. અને બીજી બહેનપણીઓના વર મજૂરી કરે છે ને પોતાનો વર ભણીગણીને મોટો

'માજિસ્ટર' થવાનો છે. એમ કહીને એ કેવી નિર્દોષ ભાવે હસી પડે છે. ગઈ દિવાળીએ હું અહીં આવ્યો ત્યારે તો સાથે આવવા તૈયાર થયેલી. મેં જ્યારે કહ્યું મારું પૂરું થતું નથી ત્યાં તારું કેમ કરીને કરીશ! ત્યારે કેવો તરત એણે જવાબ આપેલો કે, 'હું મજૂરીએ જઈશ ને તમને ય મદદ કરીશ. આપણે ઓરડી લઈને રહેશું. તમે ભણવા જજો. હું કમાવા જઈશ. ખરેખર સોનલનું જેવું રૂપ છે એવાં જ એના ગુણ છે.'

'કેમ પરમાર કાંઈ બહુ વિચારે ચડી ગયા?' શાસ્ત્રીએ રંગમાં ભંગ પાડયો.

'ના અમસ્થો! કહીને પરમારે પથારી સરખી કરી.

શાસ્ત્રી થોડી વારે ધીમેથી બોલ્યો: 'ના, કહો ન કહો પણ સરયૂબાળા જેવી ડાહીને સમજુ છોકરી આપણે જોઈ નથી.' પરમાર સામે જોઈને શાસ્ત્રીએ છેલ્લું વાક્ય ઉચ્ચાર્યું: 'પાછી વિવેકી પણ એવી જ.'

'સંસ્કારી માબાપની શિક્ષિત કન્યા વિવેકી ને સમજુ હોય એમાં શી નવાઈ?'

કહીને પરમારે પથારી બાજુ પર મૂકી...

૮

નાહી ધોઈ, માથું ઓળી, વેણી ગૂંથી, કપાળમાં નાનીશી ટીલડી કરીને સરયૂ પોતાના અભ્યાસ-ખંડમાં આવી. બે હાથે કપડાં સંકોરીને એ ખુરશીમાં બેઠી. આજે એનો પહેરવેશ જુદી જાતનો હતો. પહેલી નજરે જરા વિચિત્ર લાગે તેવો હતો. શહેરી લોકો નવાઈ પામીને જોઈ રહે તેવો ને ગામડાંના લોકો શહેરી માણસોની નિત નવી આછકલાઈ પર હસે તેવો હતો.

એણે કાઠિયાવાડની કણબણો પહેલે આણે પહેરે તેવો ભાતીગર ને આભલાં જડેલો ચણિયો પહેર્યો હતો. આઠ આંગળનો વાદળી પટ્ટો ને ઉપર લાલ ચોળિયાના રંગમાં ફૂલ ભરીને અંદર ટીલડીઓ ચોડી હતી. આ ચણિયો એણે ગ્રામઉદ્યોગ પ્રદર્શનમાંથી ખાસ પસંદ કરીને વેચાતો લીધો હતો. આજ સુધી પોતાની બેનપણીઓને બતાવવાના કામમાં જ આવતો. આજે એણે એ મૂલ્યવાન વસ્ત્ર ધારણ કર્યું. ઉપર પટોળાં જેવી સાડી પહેરી હતી. ખભાથી આઠ દસ આંગળની નીચી બાંયવાળું કાપડું પહેર્યું હતું. કાળાં મોળિયાં

ને લીલી અતલસનું લાલ ટીપકીવાળું કાપડું, ચણિયા ને સાડીની સાથે ભળી જતું હતું. હાથમાં દોઢ આંગળના ઘેરાવાનાં સફેદ હાથી દાંતનાં બલોયાં પહેર્યાં હતાં. તાજેતરમાં પ્રવાસે નીકળેલી અમેરિકન સહેલાણી સ્ત્રીઓના હાથમાં આવાં બલોયાં જોઈને આ છેલ્લી ફેશન સરયૂએ પસંદ કરી હતી. પણ કેટલાંક મિત્રોએ મશ્કરી કર્યાથી એણે એ કાઢી નાંખ્યાં હતાં. આજ એ બલોયાંની ચમક સામે એ એકી-ટશે જોઈ રહી હતી.

'અરે, હમણાં નવ થશે!' એ મનમાં બોલી અને તરત ગણિત ખોલ્યું. ગણિતની નોટ કાઢી. આગલા દિવસના શીખવેલા બે દાખલા, એને ફરી ગણી રાખવાના હતા. પણ એ તો સાવ ભૂલીજ ગયેલી. ગણિત શોધતાં જ એને ધ્રાસ્કો પડયો. પરમાર જરૂર ચિડાશે, કોઇ વાર ખાસ કામ હોય ને પાઠ તૈયાર ન કર્યો હોય તો પણ એ ચિડાઈ જતો ને સખત ઠપકો આપતો.

સરયૂએ પેન્સિલ લીધી. નોટમાં દાખલો ઉતાર્યો. રીત યાદ કરવા લાગી. પણ એની સામે ઠપકાભર્યા ચહેરે જોતો પરમાર જ યાદ આવ્યો. મનને મહામહેનતે ઠેકાણે લાવીને સરયૂએ દાખલો નોટમાં લખ્યો. ગણવા લાગી પણ આંકડા આડાઅવળા થવા લાગ્યા. ઉપરની રકમ નીચે લખાય ને નીચેની ઉપર. એણે રીસમાં પેન્સિલ ટેબલ પર પછાડી. આ કરતાં તો સંગીત, નૃત્ય, ચિત્ર કે એવી કોઈ આર્ટ શીખી હોત તો સારું હતું. આ ગણિત મને શા ખપમાં આવવાનું હતું? બે મિનિટ થઈ એટલે એણે ઘડિયાળ સામે જોયું. 'દસ મિનિટ બાકી છે.' હમણાં આવી પહોંચશે ને મેં કશું કર્યું નથી. નોટમાં ચેકાચેકીથી બિલાડાં ચિતરાયાં હતાં. સરયૂ પેન્સિલથી એ એક ભૂંડને આકાર આપવા લાગી. ઉપર નીચેની

રકમોના આંકડાને લંબાવીને એણે ફૂલની પાંખડીઓ બનાવી. ભાજક અને ભાજ્યની વચ્ચેની લીટીને એણે કાટખૂણે લઇને ઓશીકાનો આકાર બનાવ્યો. વચ્ચે વેલબુટ્ટા કરવા લાગી. ગણિતની વાત ભૂલાઈ ગઈ ને એમાં એવી તલ્લીન બની ગઈ કે જાણે દસ મિનિટ પળવારમાં પસાર થઈ ગઈ અને પરમારના બૂટનો અવાજ સંભળાયો ત્યારે એ ચમકી ઊઠી.

એકદમ પાનું ફેરવી નાખ્યું ને ગણિતમાં નજર ખૂંતાડી, દાખલો ક્યાં છે તે શોધવા લાગી. પણ એને ગણિતના આંકડા દેખાય તે પહેલાં પરમાર બારણામાં આવીને ઊભો રહ્યો. સરયૂનો ઝાકઝમાળ થતો પોશાક ઊડીને એની આંખે વળગ્યો. એણે ટેબલ તરફ દૃષ્ટિ વાળી લીધી અને ઓરડામાં દાખલ થતાં પૂછ્યું: 'આજ તો કાંઈ બહુ એકાગ્ર બની ગયાં છો.'

×

'એકાગ્ર શું બનશે, મને તો આમાં કશી સમજ પડતી નથી ભાઇસા'બ.' લાડભર્યો છણકો કરીને સરયૂએ ગણિત નોટ ઉપર પછડાયું.

'કેમ, કાલે તો તમે— કહેતાં હતાં કે બરાબર સમજ પડી ગઈ છે.'

'હા, એ વખતે લાગ્યું'તું કે સમજાઈ ગયું.'

'તો ચોવીસ કલાકમાં ભૂલી ગયાં!' પરમારનો અવાજ કડક બન્યો: 'એકવાર તરતાં શીખેલો માણસ ફરી ભૂલી જઈ શકે ખરો?'

સરયૂ પરમારનો અવાજ પરખી ગઈ. એ ગંભીર બનીને નીચે મોંએ હાથના બલોયાંને ફેરવવા લાગી. કશું બોલી નહીં.

'આમ થશે તો આપણા બન્નેની આબરૂ જવાની. બન્નેની

મહેનત પાણીમાં જાય. ચાલો ફરી શીખવું.' કહીને પરમારે ગણિત ઉપાડી લીધું. નોટનું પાનું ફેરવીને સરખું કરે છે ત્યાં સરયૂની ચિત્રકળાનું પ્રદર્શન દેખાયું. 'વાહ, તમે પણ આમ રમત કરશો તો નાપાસ થવાનાં સરયૂબેન!'

'મારે નાપાસ જ થવું છે.'

'હમણાં હમણાં હું જોઉં છું કે તમારું ધ્યાન ભણવામાં નથી.' સરયૂનું વાક્ય જાણે ન સાંભળ્યું હોય તેમ પરમાર બોલ્યો.

'મને હવે ભણવામાં બિલકુલ રસ નથી. મારે તો કોઈ ગામડામાં જઈને ગરીબોની સેવા કરવી છે.' સરયૂ ભાવનાવશ બનતાં બોલી: 'ઘણી વાર બાપુજી મને કહે છે કે આ ભણતર નકામું છે. સ્ત્રીઓને માટે તદ્દન નકામું છે. તમે જ કહોને આ ગણિત મને ભાવી જીવનમાં શું ઉપયોગી થવાનું છે?'

'ચોવીસ કલાક પહેલાં તો તમે વિલાયત જવાની અને મોટાં રેંગ્લર થવાની મહત્ત્વાકાંક્ષા દર્શાવતાં હતાં. ચાલો, ધ્યાન આપો; ગ્રામસેવાની તમારી ફિલસૂફી પછી ચલાવજો.'

પરમારે ગણિત સામે મૂક્યું. પેન્સિલ લીધી અને નોટમાં દાખલાની રીત સમજાવવા લાગ્યા

'તમે બહુ કડક શિક્ષક છો.' સરયૂ બોલી.

'ભાગ્યશાળી વિદ્યાર્થીને જ કડક શિક્ષક મળે છે.' પરમાર વધારે કડક સ્વરે બોલ્યો. 'ખોટાં લાડ લડાવનાર માબાપ અને શિક્ષકને હું છોકરાઓનો દુશ્મન ગણું છું.'

×

સરયૂ પરમારના ચહેરા પર વિલસી રહેલા નિશ્ચયના સામે

ઘડીભર જો રહી. એણે ધાર્યું કે ઓરડામાં પગ મૂકતાંવેંત પરમાર પોતાનો પોશાક જોઈને તાજ્જુબ બનશે. અને ભરતકામના નમૂના વિષે પૂછપરછ કરશે. તેને બદલે ગણિતના દાખલા ઉપર ઠપકાની પુષ્પાંજલિ શરૂ કરી! સરયૂ પરમારના હૈયાના કઠોર કવચને પોતાનાં હીરાકસી જેવાં તીક્ષ્ણ પાણીદાર નેત્રોથી ભેદીને એ કયા તત્ત્વોનું ઘડેલું છે તે જોવા મથી રહી. પણ એ કવચ ભેદી શકાયું નહીં.

'હવે આપણા બન્નેનો સમય જાય છે હો, સરયૂબેન!'

'આજે મારું માથું દુઃખે છે, પરમાર! તમે કાલે આવજો.' બીજા શિક્ષકોને મહિનામાં આઠ વાર રજા આપતી એવા સત્તાવાહી અવાજે સરયૂ બોલી અને ખુરશી પાછી ખસેડીને ઊભી થઈ.

×

પરમાર એના ગુસ્સાભર્યાં મોં સામે પગવાર જોઈ રહ્યો. એકદમ લોહી ધસી આવવાથી એના ગુલાબી ચહેરા પર જાણે લાલ ચૂમકીઓ ઊપડી આવી હતી. એની આંખમાં રોષ હતો. ઘડીભર કોઈ ન બોલ્યું. પરમાર એના પોશાક સામે જોઈને મનમાં બબડ્યો: 'આ બાળા ગમે તે પહેરે પણ એના અંગ ઉપર એ ઓપી નીકળે છે. આવો ભૂત ભડકામણો સાડલો, ચણિયો ને ચોળી એને કેવાં ભળે છે? કાલિદાસે કહ્યું છે તે અક્ષરશઃ ખરું છે:

'किमिवहि मधुराणां, मंडन नाकृतिनाम्?'

'ઠીક ત્યારે હું જાઉં છું.' પરમાર બોલ્યો, 'કાલે આ બન્ને દાખલા કરી રાખજો.'

સરયૂએ કશો જવાબ ન આપ્યો. નમસ્કાર કરીને પરમાર

ચાલ્યો ગયો. એના મનમાં થયું: 'સરયૂ કદાચ વધારે વખત નહિ ભણી શકે. એનું મન વ્યગ્ર બનતું જાય છે. ગામડાંની સેવાની વાત કરે છે પણ એ ભાવનામાં સારું છે. ચાલો હશે.' પરમાર સાઈકલ પર ચડીને સરયૂનો વિચાર કરતો ચાલ્યો.

સરયૂ થોડી વાર એમ ને એમ ઊભી રહી. પરમાર ગયા પછી પણ એ બારણાં સામે જોઈ રહી. શૂન્યમનસ્ક બનીને સ્થિર ચિત્તે ઊભી રહી. ઘડી વાર પછી એનું મન બોલ્યું: 'આ તે કંઈ માણસ છે. આના કરતાં તો શાસ્ત્રી કેટલો મજાનો માણસ છે. બિચારો અરધોઅરધો થઈ જતો હતો. ખરેખર આનુવંશિક સંસ્કાર એ કોઈ જુદીજ વસ્તુ છે.' થોડી વાર રહીને પાછી બીજે પાટે ગાડી ચડીઃ 'નહિ નહિ, પરમારને અન્યાય થાય છે. એનો સ્વભાવ મૂળથી જ દૃઢનિશ્ચયી છે. અને જીવનમાં એટલી દૃઢતા નહોત તો શું એક ગામડાના હરિજનનો છોકરો આટલો આગળ વધી શક્યો હોત, અને એનું કહેવું શું ખોટું હતું ! મારે જ સમજવું જોઇએ. મારું સદ્‌ભાગ્ય છે કે મને આવો શિસ્તપ્રેમી કડક છતાં પ્રેમાળ શિક્ષક મળ્યો છે. શબ્દોમાં કડકાઈ ભલે હોય પણ એના હૃદયમાં તો પ્રેમના સુકોમળ ઝરણાં જ વહી રહ્યાં છે.

* *

'સરયૂબેન ! બા બોલાવે છે.'

'આવી.' કહીને સરયૂ વિચારવમળમાં જાગી, ધીમે પગલે ઓરડામાથી બહાર નીકળી.

૯

બપોરના ચારેક વાગે શાંતિલાલ ઝવેરી ચાપાણી પીને જરા આડા પડ્યા હતા તે વખતે એક મોટર આવી ને તેમના બંગલામાં દાખલ થઈ.

શાંતિલાલે જોયું તો મોટરમાંથી મંગળદાસ ઊતરીને પગથિયાં ચડતા હતા. શાંતિલાલ એકદમ ઊઠીને સામા આવ્યા. બારણામાં ઊભા રહીને હાથ જોડ્યા: 'પધારો-પધારો, મંગળદાસ શેઠ, આજ તો કંઈ કૃપા કરી.'

શાંતિલાલ સાથે હાથ મેળવતાં મંગળદાસ બોલ્યા: 'વિચાર થયો કે ચાલો આજે ઝવેરી શેઠની સલામીએ જઈ આવીએ.'

'વાહ, મહેરબાની.'

બન્ને જણ આવીને સોફા પર બેઠા.

'કહો, તબિયત કેમ છે?' શાંતિલાલે પૂછ્યું.

'મજાની. તમે કેમ છો?'

'આપણે લહેર છે. આનલકુમાર હમણા કાંઇ દેખાતા નથી?' શાંતિલાલે પૂછ્યું.

'એ દલ્લો, એ જરા ભણવામાં વધારે રચ્યોપચ્યો રહે છે.'

'હા એ ખરું.' શાંતિલાલે હસીને ટાપસી પૂરી, થોડી વાર રહીને બારણા તરફ જોઈ બૂમ મારીઃ 'સરયૂ, બેટા, ક્યાં ગઈ?'

×

'આવી બાપુજી.' સરયૂ એકદમ ઉતાવળી આવી, ઓરડામાં દાખલ થઈ. મંગળદાસ શેઠને જોઈ જરા અચકાઈને નીચે જોઈ ગઈ.

'જો આ મંગળદાસ કાકા આવ્યા છે, તારી બાને કહે ચા મુકાવે.'

'નહિ શેઠ, હમણાં જ ચા પીધી છે.'

'એક કપ ગરમ પાણીમાં શું?'

'સરયૂ તો બહુ મોટી થઈ ગઈ.'

'હા થાય જ ને. વેલ ને દીકરીને વધતાં કાંઈ વાર લાગે છે?'

'ઈંટરમાં છે નહીં?'

'જી હા.'

'હમણાં કંઇક ગંભીર બની ગઈ છે. પહેલાં તો બહુ રમતિયાળ ને તોફાની હતી!'

'અરે ભાઈ, એવી ને એવી જ છે. આ તો તમને અચાનક જોયા એટલે, બાકી એની મસ્તી એવી જ છે. ઘરમાં એનું જ ચાલે છે.'

'એમ કે ? ત્યારે તો અમને ભારે પડી જશે.'

×

કહી મંગળદાસ ખડખડ હસી પડયા. એ જ વખતે સરયૂની બા ઓરડામાં દાખલ થયાં. જે જે કરી મંગળદાસ શેઠને આવકાર આપ્યો: 'આવો શેઠ. આજ તો તમે ભૂલા પડયા !'

'ના બહેન, ખાસ આવ્યો છું.'

'ત્યારે તો મોટી મહેરબાની કરી, પણ એકલા કેમ આવ્યા ?'

'તમે તો એનો સ્વભાવ જાણો છો. તમારી પેઠે એ પણ બહુ બહાર નીકળતી નથી.'

'છે તો નરવાં ને ?' સામેની ખુરશી પર બેસતાં સરયૂની બાએ પૂછ્યું: 'અને અનિલકુમાર હમણાં દેખાતા નથી ?'

'આ વખતે એને છેલ્લું વરસ છે એટલે અભ્યાસમાં પડયો છે. અને એ બહુ બહાર રખડવામાં માનતો નથી.'

'સારા ઘરનાં છોકરાંને એ જ શોભે ને ?'

'કહો શો હુકમ છે ?' મંગળદાસ સામે જોઈને શાંતિલાલ બોલ્યા.

'ખાસ તો શું ? ગઈ કાલે રાતે અમે બન્ને જરા નિરાંતે બેઠા હતાં ત્યારે વાત નીકળી કે આપણે હવે આમ ઉપલક વાત ન રાખતાં કંઈક ચોક્કસ કરી લઈએ તો ઠીક. સામાન્ય રિવાજ તો એવો છે કે આવી બાબતમાં તમારે જ સામેથી કહેવાનું હોય પણ આપણો એવો સંબંધ છે કે ગમે તે વાત કરે સરખું જ છે.'

'અરે શેઠ એમ કેમ કહો છો ? આપ ફરમાવો તો અમે બન્ને–ત્રણે ત્યાં આવશું.'

'અને અમારાં શેઠશ્રી તો માનમાં રહીને ઘેર જ રોકાયાં છે ને ?' સરયૂની બાએ હર્ષ બતાવતાં કહ્યું: 'હજી તો સરયૂ ભણે છે.'

શાંતિલાલે ગંભીર પણે કહ્યું: 'બે વર્ષમાં બી. એ. થઈ જાય પછી વિચાર કરશું.'

'ત્યારે તમે સમજ્યા નહીં શેઠ.' મંગળદાસે વચ્ચે કહ્યું: 'આપણે આમ એકબીજા વાતો કર્યા કરીએ છીએ પણ જ્યાં સુધી ગોળધાણા ખાઈ ગળ્યાં મોં કર્યાં નથી ત્યાં સુધી બધું અનિશ્ચિત ગણાય. એટલું થઇ જાય તો પછી બીજું તો ભલેને બે વરસ થાય. એમ તો અમારે અનિલને હજી વિલાયત મોકલવો છે !'

'વિચાર કરીને હું જવાબ દઇશ.' શાંતિલાલે કહ્યું: 'માઠું ન લગાડશો, આપના જેવા સામે ચાલીને પૂછે એટલે મારે દિવસ નક્કી કરવાપણુંયે ન હોય, પણ આ જમાનો તો આપ જાણો છો, છેવટનું નક્કી કરતાં પહેલાં જરા સરયૂને પણ પૂછવું જોઈશે.'

'હા, હા, ચોક્કસ.' મંગળદાસ બોલ્યા, 'તમે તો સુધારક ગણાઓ. તમારાથી એમ ને એમ કશું ન થાય એ હું ક્યાં નથી સમજતો ?'

'એટલું જ નહીં' શાંતિલાલે પોતાનો નેતાગીરીનો પ્રૌઢ અવાજ કાઢતાં ઉમેર્યું: 'સરયૂ અને અનિલ બન્ને એકવાર મળે, ખુલ્લે દિલે વાતચીત કરે, બન્ને સંમત હોય તો પછી આપણે એની ઉપર આપણી મહોર મારીએ.'

'બરાબર છે. આપણે એ વાત કબૂલ છે.'

'ના શેઠ, મારી કંઈ ભૂલ થતી હોય તો કહેજો.'

'આપની ભૂલ થાય જ નહીં. આખા શહેરને સલાહ આપનારની ભૂલ કેમ થાય ?'

'એ તો સૌ માન રાખે છે ત્યાં સુધી ઠીક છે, નભે છે.' શાંતિલાલ ગરવાઈ જઇને બોલ્યાઃ 'બાકી નગરશેઠપણું તો તમારા કુળનો વારસો છે.'

'એ તો સાપ ગયા ને લિસોટા રહ્યા. હવે તો આપ દોરે તેમ અમારે દોરવાનુ પડે છે.'

'લ્યો શેઠ, ચા પી લ્યો.'

'હવે આવો ત્યારે શેઠાણીને લેતા આવજો' સરયૂની બાએ ચાનો કપ હાથમાં આપતાં કહ્યું.

'જરૂર, તમે બોલાવશો તે દિવસે હાજર થશું.'

'એમ કશું ઉતાવળે નક્કી. નહીં થાય!' શાંતિલાલ વચ્ચે બોલ્યા.

'ના ના, અમારે ઉતાવળ ક્યાં છે. ચાર છ મહિને તમને યોગ્ય લાગે ત્યારે!'

ચાપાણી પી, પાનસોપારી લઈ મંગળદાસ ઊઠયા : 'ચાલો શેઠ, રજા લઇશ.'

'બેઠા છો હવે.

'મારે આજે રાતે મુંબઈ જવાનું છે.' કહી મંગળદાસ ઊઠયા.

'એમ કે? ઠીક ત્યારે પધારજો.'

દરવાજા સુધી શાંતિલાલ વળાવવા ગયા. નમસ્કાર કરી વિદાય આપી. પાછા આવી સોફા પર પડયાઃ સરયૂની બા સામે ઘડીભર જોઈ રહ્યા. મોટર બહાર નીકળી રસ્તે પડી એટલે બોલ્યા :

'છોકરો છે બુદ્ધિશાળી.'

'અને જીવરો છે. સ્વભાવે ઠીક છે,"

'જોઇએ હવે.'

'હા, આપણે ક્યાં ઉતાવળ છે.'

×

સરયૂ આખી વાત સમજી ગઈ હતી. મંગળદાસ સાથેની વાતચીત પરથી એ પામી ગઈ હતી. એના મગજમાં એક સામટા અનેક વિચારો ધસી આવ્યા. અનિલકુમાર વિષેની એની છાપ એણે ફરીને યાદ કરી, 'દેખાવડો અને મિલનસાર જુવાન છે, ધનાઢ્ય છે, એટલો બધો બુદ્ધિશાળી નથી અને શરીર સુદૃઢ ન ગણાય.' મન વિચારી રહ્યું છે ત્યાં ઊંડાણમાંથી અવાજ સંભળાયો :

'સુદૃઢ શરીર અને તીવ્ર બુદ્ધિ, શાંત અને તેજસ્વી ચહેરો ગુણની તો ખાણ. પરમારની સાથે અનિલની કે બીજા કોઈની સરખામણી જ ન થઈ શકે.'

'પણ એવી સરખામણી જ શા માટે કરવી ? જ્યાં હું પોતે જ એ વિચાર સહન કરી શકતી નથી તો માતપિતા સગાંસંબંધી શી રીતે સાંખી શકવાનાં હતાં ? એવા ઝાંઝવા પાછળ દોડી મરવામાં શો લાભ છે ?'

×

સરયૂ વિચાર કરતાં ઘડીભર થંભી ગઈ. એકીટશે ઉપરની છત સામે તાકી રહી.

'મને આજ આવા વિચારો કેમ આવે છે ? કોઈ સારો સદ્‌ગુણી જુવાન જોયો એટલે એની સાથે પરણવાનું મન કરવું એ મારા જેવી ખાનદાન ઘરની છોકરીને શોભતું નથી.'

'પણ પરણવાનો પ્રશ્ન જ અત્યારે ક્યાં છે? હજી તો અભ્યાસ કરું છું. પરણીને પગમાં બેડી નાંખવાથી તો ભાવી સ્વપ્ન ઊડી જાય છે. મારે તો બી. એ. પસાર કરી યુરોપ–અમેરિકાની સફર કરવી છે. બસ અત્યારે એવા વિચારો કરવા જ ન જોઈએ. માબાપો એવા વિચાર કરીને ઘરનું વાતાવરણ કલુષિત કરે છે.'

સરયૂએ મક્કમ રીતે વિચારોને દબાવી દીધા. એ જ વખતે ઘડિયાળમાં પાંચના ટકોરા પડયા. સરયૂને તરત યાદ આવ્યું: 'આજે અત્યારે શાસ્ત્રીને બોલાવ્યા છે. તે આવવા જોઈએ.'

ઊઠીને એ અભ્યાસગૃહમાં ગઈ.

૧૦

શાસ્ત્રીએ દીવાનખાના આગળ ઊભા રહી બૂમ મારી, ‘ સરયૂબેન, છે કે ? ’

‘ આવો. ’ સરયૂ ઊઠીને બહાર આવી, ‘ તમારી જ રાહ જોવાય છે. ’

‘ કહો બહેન, શો હુકમ છે ? ’ ખુરશી ખસેડીને બેસતાં શાસ્ત્રી બોલ્યો. રૂમાલ કાઢી પવન નાંખતાં મોંમાંથી સૂ સૂ એવા ફૂંફાડા મારતો ‘ બહુ ગરમી પડે છે.’ કહી બેચેની દર્શાવવા લાગ્યો.

‘ મારે તમને એક તકલીફ આપવાની છે. ’

‘ ફરમાવો. ’

‘ અમારા બા વૈષ્ણવધર્મ પાળે છે. ’

‘ એ હું જાણું છું. ’

‘ તમે ક્યાંથી જાણો ? ’

'તમારા ઘરના ફોટાઓ ઉપરથી. જુઓ સામે શ્રીનાથજીની છબી લટકે છે. આ અહીં મુરલીધર અને બાલમુકુન્દ બિરાજે છે.'

'ઠીક હવે તમારી સાહિત્યની પ્રતિભા પછી બતાવજો.' કહી સરયૂ હસી અને પછી બોલી, 'જાણે મારાં માતુશ્રીને યાત્રાએ નીકળવાનું ઘણા વખતથી મન છે.'

'જરૂર, કાશી, પ્રયાગ, ગોકુળ–મથુરા, શ્રીનાથદ્વારા ઘણાં સ્થળો છે. એ સ્થળે જવા માટે સ્પેશિયલ ટ્રેનો પણ ઊપડે છે.'

'તમે પૂરું સાંભળ્યા વિના બોલો છો એ બરાબર નથી, શાસ્ત્રી.'

'હાજી કહો, હવે વચ્ચે નહીં બોલું.' શાસ્ત્રી અદબ વાળી હોઠ બીંસી બેઠો.

'તમે કોઈ સિનેમા થિયેટરમાં એક્ટર થયા હોત તો નામ કાઢત.'

'આ જગત એક સિનેમા જ છે ને. જીવતાં બોલપટ રોજ જોયા કરીએ છીએ અને મનમાં એની નકલ થયા કરે છે.'

'મૂળ વાત રહી જાય છે, શાસ્ત્રી.'

'જી હા. કહો.'

'બાનો વિચાર આ વખતની યાત્રામાં ગિરનાર, પ્રભાસ, સુદામાપુરી, દ્વારકા વગેરે સ્થળે જવાનો છે.'

'ઘણું જ સારું. એ મુલક બહુ રળિયામણો છે.'

'રળિયામણો હોય કે નહિ, આપણે તો બાને યાત્રા થાય એટલે બસ. અને મને જરા ભૌગોલિક અને ઐતિહાસિક દૃષ્ટિએ થોડું જાણવાનું મળે.'

'બરાબર છે.'

'તો એને માટે તમે અમને થોડી માહિતી પૂરી પાડો.'

'એ તો પરમારને કહ્યું હોત તોયે કહી શકત.'

'એ જરા વધારે ગંભીર છે અને એમને સમય પણ પૂરો હોતો નથી'

'હું નવરો છું કેમ?'

'એમ તમે ગેરસમજ નહીં કરતા.' કહેતાં સરયૂએ શાસ્ત્રીને શાંત પાડતાં કહ્યું, 'તમારી મિત્ર તરીકે હું સહાય માગું છું. જરૂર પડયે કદાચ તમને સાથેય લઈ જવા પડે.'

'તો સેવક તૈયાર છે.'

'ઠીક હવે ગંભીર બની મને જરા લાઈન દોરી આપો. રેલ્વે ક્યાં થઈને જાય, બીજા વર્ગનું ભાડું, ધર્મશાળા અગર બીજી ઊતરવાની સગવડ, જોવાલાયક સ્થળો, ધાર્મિક, ભૌગોલિક અને ઐતિહાસિક સ્થળોની માહિતી વગેરે આપો.

શાસ્ત્રી ગંભીર બન્યો. એણે એક મોટો કાગળ લીધો. ઉપર સુંદર અક્ષરે ગામનાં નામ લખ્યાં. સુરેખ નકશો દોર્યો. ધર્મશાળા, મંદિર, પર્વત, નદી, વગેરેના નિશાન કર્યાં. ભાડાના દર લખ્યા. ક્યાં કેટલા દિવસ રોકાવું એ પણ ગોઠવી આપ્યું. કયો મુલક લીલો-સૂકો એ પણ કહ્યું. અંતમાં ઉમેર્યું, 'તમે પહેલા સીધાં ગિરનાર જજો. ત્યાંથી પોરબંદર, પોરબંદરથી જામનગર થઈ દ્વારકા.'

'દ્વારકાની આસપાસનો પ્રદેશ રળિયામણો ખરો કે?'

'તદ્દન વેરાન, આપણને સામેથી ખાવા ધાર તેવો.'

'ખરું પૂછો તો શાસ્ત્રી, મને આ ગીચ જંગલ જેવા પ્રદેશ ગમતા જ નથી. દાખલા તરીખે ચરોતર, જ્યાં જુઓ ત્યાં આંબા

આંબલી, લીમડા, મહુડાનાં મોટાં ઝાડ. એમાં નજર ટૂંકી થઈ જાય. સપાટ મેદાનોના પ્રદેશમાં દૂર ક્ષિતિજ સુધી નજર પહોંચે. સૂકી હવા ખુશનુમા પણ લાગે. લીલોતરીમાંની ભેજવાળી હવાથી રોગ વધે, જ્યારે સૂકી હવામાં ગંભીર ક્ષયરોગીઓ પણ સાજા થઈ જાય.'

'આપણે ક્યાં ક્ષયરોગી છીએ.'

'ઠીક શાસ્ત્રીજી, તમે પોતે સાથે આવશો ને?'

'મારે રજાઓમાં ઘેર થોડું કામ છે નહિતર જરૂર આવત. તમે પરમારને લઈ જાઓ ને?'

'પરમાર તો આવશે જ.'

'બસ તો પછી મારી શી જરૂર છે?'

'તમે હો તો પરમારને અને રમેશભાઈને ગમે.

'રમેશભાઇ હોય પછી પરમારને એકલાપણું નહીં લાગે. છતાં તમારો આગ્રહ હશે તો હું આવીશ.'

'બસ થૈ ગયું.' સરયૂએ હર્ષાવેશમાં શાસ્ત્રીનો હાથ પકડી દબાવ્યો. પછી ઊભી થઇને પ્રવાસના નકશા સાથે રસોડામાં ગઈ.

'બા, ઓ બા!'

'કેમ બેટા!'

'તું ક્યાં ચાલી જાય છે વારંવાર?'

'આવીને કહે શું કામ છે.'

'જો આ પેલા શાસ્ત્રીએ આપણી યાત્રાનો નકશો બનાવ્યો છે.'

'પણ તારા બાપુજીની સંમતિ લીધી?'

'એમની સંમતિ જ છે.'

'ના. પણ એમને કાને વાત તો નાખવી જ જોઇએ.'

'એ હું કરી લઇશ. તમે ચિંતા ન કરશો. માશીબા પણ સાથે આવવાનાં છે.'

'એમ ? તો તો વધારે સારું.'

'રમેશભાઇ, પરમાર અને શાસ્ત્રી પણ આવશે.'

'એ બધાને પૂછ્યું ?'

'હા. ભાઇને તો એ બધું જોવાની ઘણી હોંશ છે, એને ગિરનારની તળેટીમાં પડેલા અશોકના શિલાલેખની લિપિ ઉકેલવી છે, અને તેની ઉપરથી થિસિઝ લખવો છે અને પરમાર સાથે હોય તો મારું ભણવાનું ન પડે.'

'એ તો બરાબર છે.'

'અને શાસ્ત્રી આ બધાં સ્થળનો ભોમિયો છે.'

'એ તો ઘણો ખપમાં આવશે. મારે પૂજા કરવી હોય તો બીજાને બોલાવવો નહીં. ક્યારે નીકળવાનું રાખ્યું છે ?'

'બસ આવતે અઠવાડિયે નાતાલની રજામાં જઇ આવીએ.'
'ઠીક. આજ રાતે છેવટનું નક્કી કરશું.'

શાસ્ત્રી મનમાં વિચાર કરી રહ્યો હતો. આની સાથે પ્રવાસમાં જવામાં જોખમ છે. ન કરે નારાયણ ને બન્ને જણ ક્યાંક સંતલસ કરીને નાસી જાય તો પછી મારે ક્યાં જવું ?' પણ બીજી જ પળે વિચાર ફર્યો ' ના ના, પરમાર એવું નો કરે. અને સરયૂ પણ એમ તો ખાનદાન માબાપની છોકરી છે. બાકી એને આ પ્રવાસનો તુક્કો ખરો સૂઝ્યો. પરમારનો મુલક જોઇને એ નિર્ણય કરવાની હશે. પણ એમાં શું જોવું'તું. એ ઓખામંડળની ખાવા ધાતી ધરતી જોઇને એનો બધો મોહ ઊતરી જશે. એમાં એક લાભ થશે. જો પરમારને

ગામ જવાનો આગ્રહ રાખશે તો પરમાર પરિણીત છે એ વસ્તુ બહાર આવતાં આ બધી પંચાત મટી જશે.શાસ્ત્રી વિચાર–હિંડોળે હીંચકે છે ત્યાં સરયૂ આવી, 'કેમ શાસ્ત્રી બુવા, માફ કરજો તમારે બેસી રહેવું પડ્યું.'

'ત્યારે હું રજા લઉં ?'

'કેમ, બેઠા છો હવે. ચા આવે છે. અને થોડીવારમાં પરમાર પણ આવશે.'

'પરમાર આજ નથી આવવાનો.'

'કેમ ?' સરયૂ એકદમ ઢીલી પડી જતાં બોલી.

'મારી સાથે ઘેરથી નીકળ્યો હતો. મેં એને વાત કરેલી કે તમે કાઠિયાવાડનો પ્રવાસ ગોઠવવા મને બોલાવ્યો છે એટલે તેઓ એકદમ ચમકયા અને મને કહ્યું, 'તો પછી અત્યારે સરયૂબેનને ભણવાનો સમય નહીં રહે. એમને કહેજો હું કાલે આવીશ.'

'પણ એમને આવવામાં શી હરકત હતી. આજે પ્રવાસની તારીખો ગોઠવી પત્રો લખાઈ જાતને. એમણે આવવુંજ જોઈતું હતું.'

'ખરી વાત છે.' શાસ્ત્રી બોલ્યો, એનો એક દિવસનો પગાર કાપી લેજો. એને ય ખબર પડે.'

'એમ નહીં શાસ્ત્રી, તમે ગમ્મત નહિ કરો. પણ એક કલાક એમણે આપવાનો છે. એમાં હું ગણિત શીખું કે ભૂગોળ એ તો મારી મરજીની વાત છે. કેમ ખરું કે નહીં ?'

'એ તો ખરું જ ને. તમે નૃત્ય શીખવવાનું કહો તો એણે નાચવું પણ જોઈએ.'

'શાસ્ત્રી તમારી આ એક કુટેવ ગણાય.' સરયૂ ચિડાઈ. 'કંઈ

પણ ગંભીર વાત ચાલતી હોય તે વખતે ગમ્મત ન કરવી જોઈએ.'

'ગમ્મત નહિ કરું બસ. ચાલો સાહેબજી.'

'બેસો, ચા પીતા જાઓ.'

ચા પીતાં શાસ્ત્રીએ જોયું કે સરયૂનો બધો રસ જાણે ઓસરી ગયો હતો. એને ક્યાંઈ ચેન પડતું ન હતું. એ પોતે પણ આટલી હદે નિરાશ થઈ જવાનું કારણ સ્પષ્ટ રીતે સમજી શકતી ન હતી. આખરે કંટાળાભર્યા સ્વરે એ બોલી, 'શાસ્ત્રી, પરમારને કશું તમે કહેતા નહીં, એ લાગણીપ્રધાન છે તે ક્યાંક માઠું લાગી જશે. હું જ એમને પૂછી લઈશ કે તેઓ શાથી ન આવ્યા.'

'તો વધારે સારું.' કહી શાસ્ત્રી ઊઠ્યો. 'ચાલો સરયૂબેન, સાહેબજી!'

'જય જય આવજો. તકલીફ માફ કરજો.'

'આમાં તકલીફ શાની. તમારી સાથે સૌરાષ્ટ્રમાં તીર્થસ્થાનની યાત્રા થશે.'

'એ તો થશે જ.' કહી સરયૂ બારણામાં ઊભી રહી.

શાસ્ત્રી ફરીથી લટક સલામ કરી ચાલ્યો ગયો.

સરયૂ બારણામાં ઊભી ઊભી વિચારે ચડી. પરમાર કેમ નહીં આવ્યો હોય એ એને હજી સમજાતું ન હતું. એને કશું કહ્યાનું એને યાદ આવતું ન હતું. એને થયું પરમારે ન આવવું હોય તો જણાવવું જોઈએ. અગાઉથી કહી મોકલવું જોઈએ. આ લોકો આટલું ભણ્યા છતાં જવાબદારી શી ચીજ છે તે સમજતા જ નથી. આજ સાંજે ફરવા માટે એ બાજુ જઈશ. કદાચ એની તબિયત ઠીક નહિ હોય. પણ કહે છે બંદર સુધી સાથે હતા. તો

પછી એને કંઈક ખરીદી કરવી હશે. આમ અનેક વિચારો કરતી એ ક્યાંઇ સુધી ઊભી રહી. પછી ઊંડો નિઃસાસો મૂકી ઘરમાં ગઈ. અભ્યાસખંડ તરફ નજર સુધ્ધાં નાખ્યા વિના રસોડા ભણી ગઇ. ત્યાં એની બા બેઠી બેઠી શાક સુધારતી હતી એના ખોળામાં માથું ઢાંકી એકદમ રડવા લાગી.

'કેમ શું થયું સરુ ?' વહાલસોઈ મા ચમકી ઊઠી.

'કાંઈ નહિ, થાય શું.' કહી સરયૂ એકદમ બેઠી થઈ ગઈ. આંસુ લૂછી નાખ્યાં અને પછી હસતું મોં રાખીને બોલી, 'એ તો હું તને બનાવતી હતી.' સરયૂની બાએ જોયું કે એ બનાવતી નહોતી પણ સાચેસાચ રડી પડી છે. રડવાનું ખરું કારણ છુપાવવા માટે જ બનાવટ કરે છે.

એણે ઘણા પ્રશ્નો ફેરવી ફેરવીને પૂછ્યા, પરંતુ સરયૂએ એક પણ જવાબ સીધી રીતે આપ્યો નહીં. થોડીવારે એ ઊઠીને ત્યાંથી બહાર ચાલી ગઈ.

★

૧૧

વાળુ કરતાં પણ સરયૂને પરમારના જ વિચાર આવ્યા કર્યા. જમીને તરત પોતાના અભ્યાસખંડમાં આવી. ગણિત કાઢયું ને દાખલા ગણવા લાગી.

રમેશે પસાર થતાં પૂછયું: 'કેમ, બેનબા આજ અત્યારમાં ભણવા બેસી ગયાં?'

'આ બેચાર પ્રોબ્લેમ્સ ગણવાનાં છે.'

'લાવો ગણી આપું?'

'તું શું ગણી આપતો'તો?'

'ઠીક ત્યારે માથું કૂટયા કરો.' રમેશ પોતાના ઓરડામાં જવા ફર્યો ત્યાં પાછળ સરયૂનો અવાજ આવ્યો.

'અરે રમુભાઈ, વાત કહું.'

'કેમ?' રમેશ પાછો વળ્યો.

'જો આજે મેં પેલા શાસ્ત્રીને બોલાવ્યો હતો.'

'કયો શાસ્ત્રી.'

'આપણા કલાસનો, નહીં પેલો પરમારનો મિત્ર?'

'હા, હા, શાસ્ત્રીજી ખરા. શું આવ્યા'તા?'

'આપણે કાઠિયાવાડની એક ટુર ગોઠવી છે. બા, માસી ને સુનયના બધાં આવવા તૈયાર થયાં છે!'

'એ બધાંનો ને આપણો મેળ કેમ ખાશે?'

'એ લોકોને જાત્રા થશે ને આપણને પ્રવાસ થશે.'

'ઠીક છે, જોઇશું. કયારે રાખેલ છે?'

'આવતા વીકમાં, બનતાં સુધી.'

'બાએ હા પાડી?'

'બા તો બહુ રાજી થયાં.'

'અને બાપુજી?'

'તેઓ હમણાં બહુ બીઝી છે. અને એમને આપણી સાથે ફાવે પણ નહીં.'

'ઠીક નક્કી તો કરો.' રમેશ ચાલ્યો ગયો.

સરયૂએ નોટ કાઢી. હોઠ ભીંસીને બોલી: 'બસ આજ ચારેય દાખલા ગણીને જ સુવું છે. કાલ પરમારેય જોઇ લે કે એની શિષ્યા કેવી છે. અત્યારે એટલે જ નહીં આવ્યા. એને આવી બાબતમાં બહુ લાગી આવે છે. કેમ ન લાગે. પોતાનું ગૌરવ કોને વહાલું ન હોય? અને મારે એમને સંતોષ આપવો જ જોઇએ. એમાં મારો પોતાનોય સ્વાર્થ રહેલો છે.'

દાખલા ગણવામાં સરયૂને રોજ જે કંટાળો આવતો તે આજે ઊડી ગયો. એ જ ગણિત જે એને ભમરાળું લાગતું, એ જ ભૂમિતિ જેના લીટા એના મગજમાં કાપા પાડતા તે આજે એને અતિ પ્રિય થઈ પડ્યા. એક, બે, ત્રણ, દાખલા ગણાવા લાગ્યા. અઘરા દાખલાની રીતો એને સહેલી લાગી. પરમાર પોતે જ જાણે સામે બેસીને રીતો કહ્યા કરતો હોય તેમ એક પછી એક રીત તેને યાદ આવવા લાગી. એના હર્ષનો પાર ન રહ્યો. આઠ, નવ, દશના ટકોરા થયા. રમેશ પોતાના ખંડમાંથી નીકળ્યો, સરયૂના અભ્યાસખંડનો દીવો બળતો જોઈ એને નવાઈ લાગી. ઉતાવળો આવીને એ અંદર ડોકાયો. સરયૂ એકાગ્રપણે દાખલા ગણી રહી હતી.

'આ શું ? સરયૂબેન ?'

'કોણ રમુભાઈ, આમ આવ.' સરયૂએ પેનવાળો હાથ ઊંચો કરીને હાક મારી, રમેશ અંદર દાખલ થયો.

'જો આમ દાખલા ગણાય !'

'વાહ, આ તો તું પોપટ......અરે મેના થઈ જવાની.'

'તું કહેતો'તો ને કે તને ગણિત કોઈ દિવસ આવડવાનું નથી ?'

'આપણો મત ફેરવશું જો તમને આવડતું હશે જ તો !'

'તને કેમ લાગે છે ?'

'આ બધા તેં ગણ્યા ?'

'ના ના. તું ગણવા આવ્યો'તો !'

'પરમાર જેવા શિક્ષક મારે હોય તો હું બે વરસમાં એમ. એ. થઈ જાઉં.'

'આપણે સાટાપાટા કરવા છે? તારા જોષી મને ભણાવે ને તું પરમારને રાખ.'

'કબૂલ છે.' રમેશ બોલ્યો.

'કબૂલ છે...' સરયૂ ચાળા પાડીને બોલી: 'પરમાર તો છેક બી. એ. થાઉં ત્યાં સુધી કોઇને નહિ મળે.?' કહીને સરયૂ પાછી કામમાં લાગી ગઇ.

'કેમ હજી બેસવું છે?'

'હાસ્તો. તારી જેવું અમારું બાબાશાઇ ખાતું નથી. મારે તો કાલ સવારે જવાબ દેવો ભારે થઇ પડે છે.'

'ત્યારે જ ભણાય?' રમેશ ચાલ્યો, જતાં જતાં કહે: 'ચાલ, બા પરવાર્યાં હશે. પાનાં રમીએ બે ઘડી.'

'બાને કહેજે આજ હું નહિ આવું.'

'ઠીક ભાઈ!' રમેશ ગયો.

સરયૂ મનમાં બબડતી ગણિત કરવા લાગી: 'કાલ પરમાર પીઠ ન થાબડે તો નામ ફેરવી નાખવું.'

અર્ધોએક કલાક વીત્યો ત્યાં નોકરે આવીને કહ્યું: 'બેન સાબ, મા બુલાતી હૈ.'

'મા કો, બોલો બેનસાબ પઢતી હૈ.'

'આજ એને કોઈ બોલાવશો જ નહીં. એને આજ ધૂન ચડી છે.' રમેશે કહ્યું.

'સારું ને? ભણવાની ધૂન શી ખોટી છે?' ઝવેરી શેઠ પાનાં લેતાં બોલ્યા.

'નહીંતર આઠ વાગ્યામાંથી પાને રમવા આપણો જીવ ખાતી !'

'પરમાર ભણાવે છે સારું !' ફરીથી ઝવેરી શેઠે મત ઉચ્ચાર્યો.

'આપને ખબર નહીં હોય બાપુજી,' રમેશે કહ્યું : 'એને ચાન્સ ન મળ્યો નહીંતર એ તો રેંગ્લર થઇ શકત.'

'કેમ ન થાય ? બુદ્ધિ એ તો કુદરતી બક્ષિસ છે. એણે એલ. એલ. બી. ની લાઇન લઈ લીધી છે, નહિતર મને વિચાર આવેલો કે એને ગણિત લેવરાવીને એમ. એ. કરવો ને પછી બે વરસ પરદેશ મોકલી આપવો !' શાંતિલાલ શેઠે ચલાવ્યું.

'હજી ન બની શકે બાપુજી ?' રમેશે આતુરતાથી પૂછ્યું.

'હવે શું બને ? એની સ્થિતિયે ક્યાં છે ? બિચારાનાં માબાપ ઘેર વાટ જુએ છે.'

'એવું કાંઈ નથી બાપુજી,' રમેશે કહ્યું, 'એ તો એને ઘેર મહિને પચાસ રૂપિયા મોકલ્યા કરે તો દસ વરસ સુધી ભણી શકે.'

'આમ છોકરો ભારે ગુણિયલ ને તેજસ્વી છે. આટલા વખતથી અહીં આવે છે પણ કામ શું-કામ. જતી વખતે નમસ્કાર કરતો જાય. મોં તો સદાય હસતું જ હોય !'

'તમારા સંઘ તરફથી કશી સગવડ ન થાય બાપુજી !'

'થાય, પણ એ કોણ કરે ?'

'તમે કરો.'

'અમારે આ સાલ બજેટ બહુ વધી ગયું છે, ઠીક, જો ધ્યાન રાખ રમતમાં...' શાંતિલાલે પાનાં હાથમાં લેતાં કહ્યું.

'તમે આ કોની વાત કરતા હતા ?' સરયૂની બાએ રહી રહીને પૂછ્યું.

'પરમારની' રમેશ બોલ્યો.

'કોણુ આ સરૂને ભણાવે છે એ ?'

'હા એ જ.'

'એ છોકરો તો બહુ સારો છે, બેનને ભણાવીને કોઇવાર જતાં મળી જાય તો તરત ઊભો રહીને હાથ જોડે; મીઠે સાદે પૂછે. 'બા, કેમ છો ?' અને હસે ત્યારેય જાણે પેટનો છોકરો હોય એટલું વહાલ ઊપજે.'

'એ હરિજન છે બા, તમે જાણો છો ને ?'

'મને ખબર છે, પણ નાતજાતનું આજ ક્યાં રહ્યું છે. સરૂ કહેતી'તીને કે આખી કૉલેજમાં એના જેવો હોશિયાર બીજો કોઇ નથી. તારી સાથે જ ભણે છે ને ?'

ના, ના, એ તો એલ. એલ. બી. માં છે ને હું તો હજી બી. એ. માં છું.'

'આપણે તો સરૂને સારું ભણાવે અને પાસ કરાવી દે એટલે બસ.'

'તે સરૂ આ વરસે ચોક્કસ પાસ થવાની !'

'તમે લોકો રમવામાં ધ્યાન આપો.' શાંતિલાલે પાનું ઊતરતાં કહ્યું : બે ચાર બાજી થઇ. અગિયારના ટકોરા પડ્યા, શાંતિલાલે

પાનાં ટેબલ પર મૂકયાં 'ચાલો, સૂઈ જાઓ હવે.'

ત્યાં સરયૂ દોડતી આવી. 'ઊભા રહો બાપુજી, એક બીજી રમી લઈએ.'

'બહુ મોડું થશે બેટા ?'

'તે અમને મૂકીને શા માટે રમ્યા ?' શાંતિલાલ ઊઠતાં ઊઠતાં બેઠા. ને ફરીથી સરયૂનું મન રાખવા પાનાં હાથમાં લીધાં.

સરયૂનો ચહેરો આનંદથી પ્રફુલ્લિત હતો. એના હાથમાં પાનાં સરસરાટ ફરતાં હતાં. આજે એ લહેરમાં હતી. એનું કારણ એ પોતે પણ જાણતી ન હતી.

★

૧૨

સવારમાં અભ્યાસના સમયે સરયૂ તૈયાર થઈને બેઠી. બરાબર વખતસર પરમાર આવી પહોંચ્યો. સરયૂએ એની સામે જોયું તો એમાં કશો ફેરફાર ન જણાયો. એ જ હાસ્ય, એ જ ગાંભીર્ય, એ જ ચશ્માની અંદરથી જોવાની પરમારની ખાસ ઢબ. પરમારે હંમેશના ધીરગંભીર સ્વરે કહ્યું, ‘ચાલો, ગઈકાલના આપેલા દાખલા બતાવો.’

‘એ પહેલાં મારે એક સવાલ પૂછવો છે.’

‘શું?’

‘તમે કાલ સાંજે કેમ નહિ આવ્યા?’

‘સવારે એક વખત જ આવવાનો આપણો ઠરાવ છે.’

‘પણ તમે નહોતું કહ્યું પરીક્ષા સુધી બે વખત આવીશ.’

‘કહ્યું'તું. પણ કાલે સાંજે તમે બીજા કામમાં રોકાવાનાં છો એમ જાણી ન આવ્યો.’

'એમાં તમારી હાજરી જરૂરની હતી.'

'તમારી દૃષ્ટિએ હશે, મારી નજરે બિનજરૂરી હતી.'

'કેમ, પ્રવાસ કરવો એ ભૌગોલિક દૃષ્ટિએ જરૂરી નથી ? અને એક શિક્ષક તરીકે તમારે એમાં મને મદદ ન કરવી જોઈએ ?'

'ના. હું ભૂગોળ શિક્ષક નથી. માત્ર ગણિત શિક્ષક છું.'

'તમારે મને હું કહું તેમાં સહાય કરવી જ જોઈએ.'

'જુઓ સરયૂબેન, આ રીતે તમે વાત કરો છો એ મને બિલકુલ પસંદ નથી.' પરમાર ગંભીર બન્યો, 'તમે મને ટ્યુશનના પૈસા આપો છો તેથી હું તમારો ગુલામ નથી બનતો.'

'તમને શાસ્ત્રીએ કંઈ કહ્યું લાગે છે.'

'શાસ્ત્રીએ કશું કહ્યું નથી.' પરમાર બોલ્યો, 'મને પોતાને જ તમારી આ રીતભાત પસંદ નથી. આમાં માનવતા નથી.'

'તમને તો પરમાર, હું મારા રમેશથીય વધારે ગણું છું.'

'તમારી વાતો ઉપરથી એવું અનુમાન થઈ શકતું નથી.'

'એ તો તમે કાલે ન આવ્યા તેથી મને ખરાબ લાગેલું.'

'તમને ખરાબ લાગે કે સારું. તમારે દરેક માણસ સાથે પ્રેમભાવથી જ વર્તવું જોઈએ.'

'ઠીક, હવે મૂળ વિષય ઉપર આવીએ.'

'હા, ચાલો ગણિત લાવો.'

'એ પહેલાં મારે થોડી વાત કરવી છે.'

'મેં કહ્યું નહિ, તમારે અભ્યાસ સિવાય મારી સાથે બીજી કશી વાત કરવી નહિ.'

'આ અભ્યાસનો જ વિષય છે.' કહી સરયૂએ શાસ્ત્રી પાસે દોરાવેલો નકશો પરમાર સામે ધર્યો.

પરમાર પળવાર એની સામે જોઈ રહ્યો. એણે નજર ફેરવી. દ્વારકા પાસે પોતાના ગામની જગ્યાએ એક લાલ ટપકું મૂકેલું હતું. એ મનમાં સમજી ગયો કે શાસ્ત્રીએ જ એ નિશાન કરેલું હોવું જોઈએ. સરયૂને એ વિના ક્યાંથી ખબર પડે ?' આ વાતનો છેડો લાવવો જોઈએ.' પરમાર મનમાં બબડયો. પણ સરયૂને આઘાત થશે એની કલ્પનાથી પળવાર થંભ્યો. શું સરયૂ પોતે મારા ગામે જવા સારુ થઈને આ બધાંને યાત્રાએ લઈ જવા તૈયાર થઈ હશે ! ના ના એમ ન હોય. યાત્રાએ તો જવાનાં હશે. માત્ર દ્વારિકાથી મારું ગામ કેટલું દૂર થાય એમ સરયૂએ પૂછ્યું હશે. પણ કલ્પનાઓ શા માટે કરવી. પ્રત્યક્ષ રીતે સરયૂ સામે બેઠી છે એને જ પૂછવું સારું.

સરયૂ પણ પરમારને વિચારમાં પડેલો જોઈ ક્ષણભર મુંઝાઈ. પરમાર દ્વારકા પાસે કરેલા ટપકા સામે જોઈ રહ્યો છે એ સરયૂના લક્ષમાં આવ્યું. એ ટપકું કરવામાં પોતાની ગંભીર ભૂલ થઈ હોય એમ એને લાગ્યું. હવે એ ભૂલ સુધરે એમ ન હતું. એનો ખુલાસો કરી શકાય તેમ હતો, એટલે એણે પરમાર કંઈ પૂછે તે પહેલાં જ કહ્યું: 'તમે શું જોઈ રહ્યા છો, પરમાર !'

'તમે દ્વારકાની પાસે આ ટપકું શાનું મૂકેલું છે ? બીજાં તીર્થસ્થળો તો બરાબર છે.'

'ગુરુને આપણા શાસ્ત્રમાં દેવની ઉપમા આપેલી છે.' સરયૂ આછું હસીને બોલી 'એટલે મારા ગુરુની જન્મભૂમિ આગળ એ ટપકું મેં કર્યું છે.'

'એવું બોલીને તમે મને પાપમાં પાડો છો. હું તમારો ગુરુ થવાને લાયક નથી. જો મારી એવી યોગ્યતા હોય તો તમે એ ટપકું

મૂકવાની હિંમત ન કરી હોત.' પરમારે દઢતાથી કહ્યું. સાંભળીને સરયૂ ડરી ગઇ. મનમાં ભય પામ્યા છતાં ઉપરથી હિંમત રાખીને એ બોલી, 'એમાં શું થઇ ગયું? તમે આટલા બધા સીરીયસ થઇ જાઓ છો એ મને ગમતું નથી.'

'જુઓ સરયૂબેન,' પરમાર ઘેરા અવાજે બોલ્યો: 'તમે ગમે તેમ કહો મને લાગે છે આ પ્રવાસ ગોઠવવાની પાછળ તમારા મનમાં જે હેતુ રહેલો છે તે તમે પારખી શકયાં નથી.'

'ગમે તે હેતુ હોય.' સરયૂ ટટ્ટાર થતાં બોલી. એના અવાજમાં સહેજ કડકાઈ આવી, 'એ પ્રવાસ ગોઠવાયો છે. એમાં મારા પિતાજીની, ભાઇની અને બાની સંમતિ મળી છે અને આપણે આવતા સોમવારે નીકળવાનું છે.'

'તમે જાણો છો કે પરીક્ષા નજીક આવી છે અને હજી તમારે ઘણું કામ બાકી છે.'

'શું બાકી છે, જે હશે તે હું કરી લઇશ. તમે સાથે હશો એટલે આપણું કામ તો ચાલશે જ.'

'હું સાથે આવવાનો નથી.'

'કેમ?'

'મારે વાંચવાનું છે.'

'તમારે આવવું જ પડશે.'

'એટલે?'

'મારે પ્રવાસ દરમિયાન અભ્યાસ ચાલુ રાખવો એ શરતે જ મને પિતાજીએ રજા આપી છે. તમારે આખા પ્રવાસમાં અમારી સાથે ફરવાનું રહેશે.'

પરમાર સરયૂ સામે જોઈ રહ્યો. એના મનમાં ઉગ્ર મંથન

ચાલ્યું. આ છોકરીનું મન હવે એને પોતાને હાથ નથી. પ્રવાસમાં મને સાથે લઇ જવાનો આગ્રહ શા માટે હશે? એણે શા માટે આટલી બળજબરી કરવી જોઇએ? અને પ્રવાસમાં એના મનને મનાવવા મારે જવું એ યોગ્ય છે? એ કહે છે પણ પ્રવાસમાં એ વાંચી લખી શકવાની નથી. અને પોતે ઢીલો પડીને જાય એ પણ બરાબર નથી. પરમારે નિર્ણય કરી લીધો.

એ ધીમે રહીને બોલ્યો: 'સરયૂબેન, હું તમારી સાથે પ્રવાસમાં નહિ આવી શકું, મને માફ કરજો.'

'કેમ?'

'બસ. મારા ન આવવાનાં કારણો જણાવવાની મારી ઇચ્છા નથી. તમે સૌ સુખેથી જઇ આવો.'

'હું કહું છું પરમાર, તમારે પ્રવાસમાં આવવાનું છે.' સરયૂ જે સત્તાવાહી અવાજે આખા ઘર ઉપર દોર ચલાવતી એવે અવાજે એ બોલી: 'ગમે તેવા તો પણ તમે મારા ટ્યુટર છો.'

'આટલો બધો આગ્રહ કેમ કરો છો?'

'તમે પ્રેમથી સમજતા નથી માટે. તમે જો નહીં આવો તો મારે બાપુજીને કહેવું પડશે.'

'બાપુજીને કહેશો તેથી હું કંઈ થોડો જ આવવાનો છું.'

'બધું ગોઠવાઈ ગયું છે પરમાર, હવે છેક છેલ્લી ઘડીએ તમે ના પાડશો તે કેમ ચાલશે?'

'મારી સંમતિથી ગોઠવાયું નથી.'

'એનો આ દંડ આપો છો?'

'દંડ કરવાનો મને અધિકાર નથી. હું કોઇને શિક્ષા કરતો નથી. હું કેવળ ન્યાય ચાહું છું.'

'જુઓ પરમાર, તમારી નાજુક પરિસ્થિતિનો વિચાર કરી તમને અહીં રાખ્યા છે. મારે ગણિતમાં થોડી મદદની જરૂર હતી પરંતુ એથી વિશેષ જરૂર તમને પૈસાની હતી. એ તમને પૂરી મળી છે. હજી જરૂર હોય તો માગો, મળશે. પણ તમે પ્રવાસમાં આવવાની ના પાડશો તે નહિ ચાલે. તો પછી તમારે છૂટા થવું પડશે.'

'ભલે મને છૂટા કરો.' પરમારે કહ્યું.

પરમારના છેલ્લે વાક્યે સરયૂનું હૃદય ઘવાયું. એ એકદમ ઢીલી પડી ગઇ. એના ચહેરા ઉપર હતાશની રેખાઓ અંકિત થઇ. એનો રોષ ઊડી ગયો અને એકદમ બન્ને આંખોમાંથી આંસુની ધારાઓ વહેવા લાગી. એ આંસુ પરમારથી ન જીરવાયાં. સરયૂના રોષ સામે પરમાર ટક્કર ઝીલી શક્યો, પણ આંસુ જોતાં જ એ નરમ પડ્યો. સરયૂને શી રીતે સમજાવવી એનો વિચાર કરવા લાગ્યો. સરયૂ પોતાનું ધાર્યું જ કરશે એ પરમાર જાણતો હતો પરંતુ એ રડીને પોતાનું ધાર્યું કરાવશે એવી એને કલ્પના ન હતી. પરમારને ઘડીભર એનાં આંસુ લૂછવાનું મન થઇ આવ્યું. એના હાથ સળવળવા લાગ્યા. ખિસ્સામાંથી રૂમાલ જાણે બહાર આવતો જણાયો. પણ પરમારે મન મજબૂત કર્યું. એ સ્થિર નયને સરયૂ સામે જોઇ રહ્યો. સરયૂની લાલ આંખોમાં પાણી હજી ભર્યાં હતાં. ગાલ ઉપર મોતીબિંદુ હજી બાઝયાં હતાં. એની સામે ટકી રહેવાની પરમારની શક્તિ ન હતી. એ ઊઠીને ઊભો થયો. એક અક્ષર બોલ્યા વિના ત્યાંથી ચાલ્યો ગયો.

સામે ટેબલ પર પડેલી ફૂલદાનીમાં મહેકતાં સુવાસિત ફૂલ ઝાંખાં પડયાં. એની સુવાસ જાણે ઓછી થતી લાગી. સરયૂનો ચહેરો એ કરમાતા ફૂલની માફક ઊતરવા લાગ્યો. એ ક્યાંઈ સુધી ત્યાં બેસી રહી. પરમારને પોતે ઓળખી શકી નથી એમ એને

લાગ્યું. આખરે ઘણીવારે એ ઊભી થઈ. મોઢું ધોયું. પાછી અભ્યાસ-ખંડમાં આવી અને એક કાગળ લઈને ચિઠ્ઠી લખી.

'પ્રવાસનો કાર્યક્રમ તમને પૂછ્યા વિના ગોઠવ્યો તેથી તમને દુઃખ થયું તે બદલ ક્ષમા ચાહું છું. તમે મારા હિતેચ્છુ છો. મારું ભણતર બગડે એ તમને ગમતું નથી. તો અત્યારે પ્રવાસક્રમ બંધ રાખશું. ફરી તમે કહેશો ત્યારે પરીક્ષા પૂરી થયા પછી ગોઠવશું. ફરી તમને માઠું લાગ્યું તે બદલ ક્ષમા.' આટલા શબ્દો લખતાં સરયૂએ અર્ધો કલાક કાઢયો. આખરે એક કવરમાં બીડી ઉપર સુંદર અક્ષરે પરમારનું સરનામું કર્યું. નોકરને બોલાવી કહ્યું: 'આ હમણાં ને હમણાં મિ. પરમારને એમની રૂમ પર પહોંચાડો.'

ચિઠ્ઠી ગયા પછી સરયૂનું મન જરા હળવું થયું. પોતે પરમારને આકરાં વેણ કહ્યાં તેનો ભારે પસ્તાવો થયો. 'પરમાર જેવા સ્વમાની યુવાન સાથે એક સાધારણ નોકરની માફક વર્તન કર્યું એમાં પોતાની જ કિંમત ઘટી એ વિચારે સરયૂ વધારે દુઃખી થઈ. પરમારે મારે માટે સેવેલી આશાઓ મારા આ વર્તનથી નષ્ટ થઈ હશે. એમને મારે માટે જે ભાવ હતો તે મેં મારે હાથે કરીને ભૂંસી નાખ્યો. એ ખરું છે કે માણસ જીભ ઉપર કાબૂ રાખે તો એનું શરીર અને મન બન્ને નીરોગી થાય, જોઈએ હવે શો જવાબ આવે છે.'

ઉદાસ ચહેરે સરયૂ અભ્યાસખંડમાંથી બહાર નીકળી અને મન બહલાવવા દીવાનખાનામાં આવી રેડિયો ચાલુ કરવા લાગી. આવે વખતે સરયૂની મનોવૃત્તિ એટલી ચંચળ બની જતી, એના જ્ઞાનતંતુઓ એટલા પરવશ બની જતા કે એને કશું સૂઝતું જ

નહીં. પોતાને માટે બીજાના મનમાં રહેલી સારી છાપ પોતાનાં જ વાક્યોથી ભૂંસાઈ જાય એના પ્રત્યાઘાત સહેવા જેટલી સરયૂ મજબૂત નહોતી. પરમાર પર છોડેલાં આકરાં વાગ્બાણ પાછાં વાળવાની કળા એ જાણતી નહોતી. તેથી એ બાણ પોતાને જ વાગ્યાં હોય એટલી વેદના અનુભવવા લાગી. મન ઉપરના એ ઘાવ રૂઝવવા અથવા એ ઘાની વેદના સહન કરવા એણે રેડિયો ચાલુ કર્યો અને સંગીતના તાન સાથે મન જોડીને પગ તથા હાથના તાલ આપવા લાગી.

ભૈયો પાછો આવ્યો ત્યાં સુધી એ બેસી નહી. ભૈયાએ આવીને કહ્યું: 'માસ્ટરજી બહાર ગયેથે. ચિટ્ઠી રખકે આયા.'

'અચ્છા.' કહી સરયૂએ રેડિયો બંધ કર્યો. સાંજે એની બાએ આગ્રહ કર્યા છતાં જમી નહીં. રાતે શાંતિલાલના કહ્યા છતાં રમી નહીં. અને આખી રાત પથારીમાં પડખાં ઘસીને જેમ તેમ પૂરી કરી.

★

૧૩

શાંતિલાલ ઝવેરીએ કવર ખોલીને કાગળ બહાર કાઢ્યો. ફક્ત ચાર લીટી જ લખી હતીઃ 'છેલ્લું સત્ર હોઈ મારે વાંચવાનું વધારે રહે છે, તેથી હવે સરયૂબેનને ભણાવવા નહીં આવી શકું તો માફ કરશો. આપે કરેલી સહાય બદલ આભારી છું.'

પત્ર વાંચીને શાંતિલાલને સહેજ નવાઈ લાગી. પણ પછી તરત જ થયુંઃ 'હવે ખાસ જરૂર પણ નહોતી. સરયૂ પોતાની મેળે વાંચીને ય તૈયાર થઈ શકશે.' રમેશ પાસેથી પસાર થયો એટલે તેમણે હાથ ઊંચો કરી કહ્યુંઃ 'રમેશ, આ લે, સરયૂબેનને કહેજે આજે માસ્તર નહીં આવે.'

રમેશે કાગળ લીધો. ચાલતાં ચાલતાં વાંચ્યો. વાંચતાં એને થયુંઃ 'આમ કેમ? સરયૂ તો કહેતી હતી કે આખું વરસ પરમાર આવવાનો છે. અને પરમાર જેવા હોશિયાર વિદ્યાર્થીને વાંચવાનું હોય પણ નહીં. આમાં કંઈક જુદું જ કારણ લાગે છે.' એ સીધો

સરયૂના અભ્યાસખંડમાં ગયો. સરયૂ પરમારની રાહ જોઈ રહી હતી. પગલાં સાંભળી પુસ્તકમાં માથું રાખી અવાજ નજીક આવતો સાંભળી રહી. રમેશે બારણાંમાં દાખલ થતાં કહ્યું: 'લો સરયૂબેન, આજથી તમારો બોજો ઊતર્યો.'

'કેમ,' સરયૂએ ઊંચે જોયું.

'આ કાગળ વાંચ એટલે ખબર પડશે.'

સરયૂએ પત્ર લીધો. પરમારના અક્ષર જોયા એટલે એનો હાથ સહેજ ધ્રૂજ્યો. ઝપાટાબંધ ચાર લીટી વાંચી લીધી. દિલ ધડકવા લાગ્યું છતાં ચહેરા પર મનના ભાવ દેખાય નહીં તેની કાળજી રાખીને એ બોલી: 'સારું થયું, મારે હવે તેમની ખાસ જરૂર પણ ન હતી.'

એના અવાજમાં રહેલી ધ્રુજારી રમેશને કાને અથડાઈ. રમેશ એટલું જાણતો હતો કે સરયૂ પારમાર પાસે ભણવા ઘણી આતુર રહેતી અને પરમાર માટે એના મનમાં ઊંચું સ્થાન હતું. પરંતુ સરયૂના હૃદયમાં પરમારે એથી વધારે ગંભીર પ્રકારનું સ્થાન મેળવ્યું છે એની રમેશને જાણ ન હતી. સરયૂ પોતે પણ એ વસ્તુ પૂરી સ્પષ્ટતાથી જાણતી ન હતી. માત્ર પરમાર એ વાતને સંપૂર્ણપણે પામી શક્યો હતો. અને એમાંથી મુક્ત થવા એ પ્રયાસ કરી રહ્યો હતો.

રમેશે જોયું કે સરયૂ ચિઠ્ઠી વાંચીને અસ્વસ્થ બની છે. એને વધારે અસ્વસ્થ ન બનાવવી જોઈએ. ગમત કરવાનું મન એણે વાળી લીધું અને પોતાના ઓરડા તરફ ચાલતો થયો.

સરયૂ ઊંડા વિચારમાં ઊતરી ગઈ. 'આમ કેમ બન્યું હશે? એને દુ:ખ ન લાગે માટે હું ઉજાગરા કરીને પાઠ તૈયાર કરું છું. પ્રવાસમાં

સાથે આવવાની એમની મરજી નહોતી તો આખો પ્રવાસ બંધ રાખ્યો. તોય એને કેમ માઠું લાગ્યું ! આ માણસની પ્રકૃતિ કશીક વિચિત્ર છે. સમજાતું નથી એના મનને શી રીતે રાજી રાખવું ? ઘડીક લાગે છે કે જાણે હવે એ મારા મનના સર્વ મનોરથો પૂરા કરવા સર્વ કંઈ કરી છૂટશે. બીજી જ પળે એ તદ્દન અનડો થઈ જાય છે. એ તો ઠીક પણ ભણાવવા આવવાનું આમ અચાનક બંધ કરવાનું કારણ શું ? હું તો કશું બોલી નથી. હજી ગઈકાલે તો કહેતા હતા કે આ મહિનામાં ચાર મનોયત્ન પૂરાં કરી નાંખવાં છે. શાસ્ત્રીએ એમને કંઈ કહ્યું હશે ? મશ્કરી કરવાનો શાસ્ત્રીનો સ્વભાવ છે એટલે કદાચ આ પ્રવાસ બંધ રાખવામાં તેમનું નિમિત્ત જણાવી કંઈક વાતનું વતેસર કર્યું હશે. જો એમ જ હોય તો મારે એ ગેરસમજૂત ટાળવી જોઈએ, અને એ રૂબરૂ મળવાથી જ ટળે. સરયૂએ ઘડિયાળ સામે જોયું. સાડા નવ થયા હતા. 'હજી સમય છે.' એમ બબડી એ ઊઠી બહાર આવી. રમેશના અભ્યાસખંડ તરફ ગઈ. બારણામાં ઊભા રહી એણે કહ્યું: 'રમુભાઈ જરા ગાડી તૈયાર કરવા કહેવરાવોને મારે સોસાયટી તરફ જવું છે '

'તું જ કહી દેને ?'

'હું કપડાં બદલી તૈયાર થાઉં એટલીવારમાં તું જરા ખબર આપી દે.' કહી સરયૂ ચાલી ગઈ.

રમેશે એની ઉતાવળમાં કંઈક અસ્વાભાવિકતા નિહાળી. એને થયું સરયૂ પરમારને મનાવવા જાય છે. શા માટે આટલો બધો આગ્રહ એક ટ્યુટર માટે રાખવો જોઈએ ? પરમાર હોશિયાર છે, સ્નેહાળ છે, પણ એને બિચારાને વાંચવાનું હોય, અગવડ હોય તો પછી એને પરાણે ફરજ પાડવી એનો શો અર્થ ? પણ સરયૂનો સ્વભાવ રમેશ જાણતો હતો. ગમે તેમ કરીને એ પોતાનું ધાર્યું જ

કરવાની. એણે જઈને શોફરને ગાડી કાઢવા કહ્યું. સરયૂ ઝટપટ તૈયાર થઈને બહાર આવી. મોટરમાં બેસતાં શોફરને કહ્યું: 'મહારાષ્ટ્ર સોસાયટી તરફ લઈ લે.'

મોટર ચાલી નીકળી. સરયૂ પરમારને કેવી રીતે સમજાવવો તેના ઘાટ ઘડવા લાગી. એના મગજમાં એકસામટી અનેક યોજનાઓ ધસી આવી. પરમાર જિદ્દી છે, એમ જલદી નહિ માને. એને માટે આભ પાતાળ એક કરવાં પડશે. શાસ્ત્રીની સહાય લેવી પડશે.

પણ શાસ્ત્રીની મદદ લેવા જતાં પોતાના મનની મુરાદ ઓળખાઈ જાય તો ? એવી મુરાદ રાખવી જ શા માટે ! અત્યારે ભણાવવા ન આવે તોય ખાસ હરકત જેવું નથી. તો પછી એને માટે મન આટલું બધું શા માટે ખેંચાય છે ? એ મોહ છે. આસક્તિ છે. મિત્ર માટે મોહ કે આસક્તિ હોવાં એ સ્વાભાવિક છે. પરમાર એક સામાન્ય ટ્યુટર નથી. એવી ભાવનાથી એને રાખેલ પણ નથી. એક મિત્ર તરીકે જ, ગણિત, અંગ્રેજી વગેરે વિષયોનું ઉપલકિયું ભણતર ભણાવવા માટે જ નહીં પણ જીવનમાં એના સહવાસથી આવશ્યક સદ્‌ગુણોનો વિકાસ થાય એવી ચોક્કસ ગણતરીથી જ એને રાખેલ છે. પિતાજી રમેશ એને સાધારણ ટ્યુટર સમજે છે. પણ એની સાથેનો મારો સંબંધ એક સાધારણ શિષ્યા જેટલો નથી જ. જે મિત્રના સહવાસથી મને આટલા ટૂંક વખતમાં અત્યંત લાભ મળ્યો છે. અને ભવિષ્યમાં સંભવ છે. એવા મિત્રને વિના કારણ છૂટા થવા દેવાય જ નહીં. એને સમજાવીને, વિનવીને, હું મનાવી લાવીશ. એ જિદ્દી હશે તો હું પણ ધાર્યું કરનારી ઝવેરી શેઠની લાડીલી સરયૂ છું. આવા તર્ક કરતી સરયૂની મોટર પરમારના નિવાસ પાસે પહોંચી.

મોટરનો અવાજ સાંભળી ઓરડીની બારીએથી શાસ્ત્રી નીચે ડોકાયો ત્યાં એણે મોટરમાંથી સરયૂને નીચે ઊતરતી જોઈ.

૧૪

પથારીમાં પડયા ભેગો ઊંઘી જનારો પરમાર આગલે દિવસે સાંજ સુધી અસ્વસ્થ રહ્યો અને રાતે મધરાત સુધી પડખાં ઘસતો રહ્યો. મધરાત પછી ઊઠીને ઊભો થયો. ઓરડીની બારીએ કેટલીય વાર સુધી ઊભો રહ્યો. એના મનમાં રહી રહીને એક જ વિચાર આવતો હતો. "સરયૂનું મારા તરફનું આકર્ષણ દિનપ્રતિદિન વધતું જાય છે. કદાચ સરયૂ પોતે પણ નહિ જાણતી હોય, એ રીતે એની આસક્તિ વધી રહી છે. એનું જોવું, બોલવું. અડકવું, બધું જ એને મોહમય મનઃસૃષ્ટિ તરફ ઘસડી રહ્યું છે. એનાં ગંભીર પરિણામો એ જાણતી નથી. હું જાણી શકું છું. મારે માટે અને સરયૂ માટે બન્નેને માટે એ જોખમકારક છે. એ તો અણુંત્ર છે. મૂર્ખ છે. કાચી ઉંમરની બિનઅનુભવી બાળા છે. એને એ વસ્તુનું ભાન નથી. મારે જ એની વતી વિચાર કરવો રહ્યો, પણ હું પોતે જ મનની સ્થિરતા ઝપાટાબંધ ગુમાવી રહ્યો છું. શા માટે–અભ્યાસ સમયે, એ ગણિતની સમસ્યાઓ ઉકેલતી હોય તે વખતે, એક શિષ્ય તરીકે મારા પ્રત્યેના પૂજ્યભાવથી પ્રેરાઈને,.. મારી સામે એકીટશે જોઈ રહી હોય કે માર્ગદર્શન માગી રહી હોય તે વખતે એના

રૂપનું, પહેરવેશનું–પૃથક્કરણ મારે કરવું જોઈએ ? શા માટે એના અભ્યાસ સમય સિવાયના વખતે એનું સ્મરણ મને થાય છે ? અને એ સ્મરણની મીઠાશ માણતાં શા માટે મારું અભ્યાસપ્રિય મન કલાકોના કલાકો નકામા ગુમાવે છે ? એ વસ્તુ અક્ષમ્ય છે. ન ચલાવી શકાય તેવી છે. એ માર્ગ લપસણો છે. એ રસ્તે મનને વળવા દેવામાં ભયંકર જોખમ રહેલું છે. '

ભણીગણીને કોઈ સારી જગ્યાએ ન્યાયાધીશ બનવું, માબાપ અને પત્નીને સુખી કરવાં એવા મનોરથ સેવનાર પરમાર સરયૂના સહવાસથી આતરવા લાગ્યો હતો; પણ એણે મનને વાળવા એક મહાન પ્રયત્ન કર્યો અને કુશળ માવત મદમસ્ત બનતા હાથીને અંકુશથી વશ કરે તેમ મનને કાબૂમાં લીધું. પણ પૂરા બે કલાક ન થયા ત્યાં ચંચળ મન હાથથી સરકી ગયું. હાથમાં કાયદાનું પુસ્તક રાખી પરમાર ખુરશી પર ઝૂલતો હતો. સાથોસાથ એનું મન ઝૂલી રહ્યું હતું: ' સરયૂને આઘાત પહોંચે એવું પગલું મારે ન ભરવું જોઈએ. કોઈક એવો માર્ગ શોધી કાઢવો જોઈએ જેથી એનું મન દુભાય નહિ. '

સરયૂના સુકોમળ અંતઃકરણને કારમો ઘા લાગે એવું કશું કરવા પરમાર તૈયાર ન હતો. પણ પરમારે વિચાર્યું કે, ' જો આ સહવાસ લંબાશે તો એનું પરિણામ એકકેય પક્ષે કુશળ આવવાનું નથી અને સહવાસ બંધ કરવા જતાં સરયૂને આઘાત લાગવાનો જ.'

ઘણીવાર સુધી ગડમથલ ચાલ્યા કરી. આખરે એણે મન મજબૂત કરી નિર્ણય કર્યો. કાગળ પેન હાથમાં લીધાં. ઝવેરી શેઠને સંબોધન કરતાં બે ત્રણવાર ચેકભૂંસ કરી. કાગળ લખ્યો ને ફાડ્યો. લાંબા લાંબા સુંદર મનનીય નિબંધો વગર અટક્યે, વગર ડાઘા પાડ્યે એકધારા લખી નાંખનારો પરમાર, ચાર લીટીનો પત્ર લખતાં સારી પેઠે

મૂંઝાયા. પણ એ પત્ર લખ્યે જ છૂટકો હતો. પરમારને માટે બીજો માર્ગ હતો જ નહીં. એનું વિવેકી અને વિચારશીલ મન બીજો માર્ગ સ્વીકારી શકે તેમ ન હતું. કાગળ લખી. ઝવેરી શેઠની જોડે રહેતા રમેશના એક મિત્ર સાથે પત્ર બંધ કરીને મોકલી આપ્યો.

પત્ર મોકલી આપ્યા બાદ એના મનમાં સરયૂને થનારા આઘાત પ્રત્યાઘાતના વિચારો ઊઠ્યા. આખી રાત એમ ને એમ પસાર કરી. શાસ્ત્રી એના મનની અસ્વસ્થતા પારખી ગયો હતો. એનું કારણ સમજી શક્યો હતો પણ મુસ્કેલી ટાળવા અસમર્થ હતો. સરયૂએ પ્રવાસક્રમ બંધ કર્યો ત્યારથી જ શાસ્ત્રીને શંકા પેઠી હતી કે આમાંથી કંઇક ધડાકો થવો જોઇએ. હજી એવો ધડાકો થયો ન હતો. પણ પરમારે કોઇ છૂપી સુરંગ ચાંપી હોય તેમ એને લાગતું હતું. સવારમાં પરમારને ચા-પાણી પાયાં. વાતો કરવા-કરાવવા પ્રયત્ન કર્યો પણ પરમાર વધારે બોલ્યો નહીં. જ્યારે સરયૂને મોટરમાંથી ઊતરતી જોઇ ત્યારે શાસ્ત્રીને થયું હવે આખી વાતની ઘડ બેસશે.પરમાર સામે જોઇને એ બોલ્યો: 'પરમાર, સરયૂબેન આવે છે.' પરમારે ઊંચે જોયું.

'ભલે આવે.' પરમાર એમ ને એમ બેસી રહ્યો. એણે બીજી કલ્પનાઓ કરી રાખી હતી પણ સરયૂ પોતે આમ એકદમ અહીં આવશે એવું એણે ધાર્યું ન હતું. એટલે સરયૂને શો જવાબ આપવો તેની સહેજ મૂંઝવણ થઇ. સરયૂને જોતાં જ પોતે કરેલ નિર્ણય છૂટી ન પડે એની એના મને તૈયારી કરી. સરયૂ પણ પોતે કરેલ નિર્ણય સમજાવવાની આ તક છે, એમ વિચારી પરમાર સરયૂના આવવાની રાહ જોઇ રહ્યો.

સરયૂના પગલાં દાદરે બોલ્યાં. પરમારે બારી પાસે પડેલી ખુરશી પરથી પોતાનું પકેરણુ ઉપાડી લીધું અને ત્યાં એને માટે જગા કરી

આપી. શાસ્ત્રી બારણામાં સામે ગયો અને આવકાર આપતાં બોલ્યો:

'પધારો સરયૂબેન, આજ તો આપ ભૂલાં પડયાં?'

'હા, મહમદ પહાડ પાસે ન જાય તો પહાડને મહમદ પાસે આવવું પડે.' સરયૂએ પરમાર સામે જોયું. પરમાર નીચે જોઈ સાંભળી રહ્યો.

શાસ્ત્રીએ હસીને કહ્યું: 'અમારો મહમદ તો પહાડ પાસે આવે તોય સામે ન જુએ એવો છે. બેસો બેન, ખુરશી પર. હમણાં ચા તૈયાર થાય છે. સરયૂ ખુરશી પર બેઠી. શાસ્ત્રી સાથે વાત શરૂ કરી: 'હું તો તૈયાર થઈને બેઠી હતી. રાતે અગિયાર વાગ્યા સુધી જાગીને દાખલા ગણી રાખ્યા. નવ વાગે રાહ જોતી હતી ત્યાં તો આ ચિઠ્ઠી મળી.'

'આજે પરમારની તબિયત ઠીક નથી એટલે ના લખી હશે.' શાસ્ત્રીએ મીઠું ભભરાવ્યું.

'તમે વાંચી છે?'

'ના ભાઈસાબ, આપણે એવા કોઈના ઝઘડામાં વચ્ચે પડતા જ નથીને? નકામા સોના સાઠ થાય!'

'એમણે કાયમ માટે આવવાનું બંધ કર્યું છે.'

'હોય નહિ.'

'એ વિના હું દોડી આવી હોઈશ. હું તો એટલું જ જાણવા માંગું છું કે એવો મારો શો ગુનો થયો કે એમને આવું પગલું ભરવું પડયું?'

'એ તો ખોટું કર્યું, પરમાર. શાસ્ત્રીએ પરમાર સામે જોયું:

'તારે હજી ચાર છ મહિના ટ્યુશન રાખવાની જરૂર છે. અને સરયૂબેનને ભણવાની જરૂર છે.'

'માટે તો હું આવી છું. બાપુજી ચિઠ્ઠી લખવા માગતા હતા, પણ મેં કહ્યું હું જ જઇ આવું. ત્રણ ચાર માસ આવે તોય બસ છે.'

પરમાર બન્નેની વાત સાંભળી રહ્યો હતો. એના મનની વાત સરયૂ સમજતી હતી. શાસ્ત્રી પણ થોડીઘણી અંદાજે જાણતો હતો. છતાં બન્ને એના બોલની રાહ જોઇ રહ્યાં હતાં, આખરે પરમારે સરયૂ સામે જોઈને પોતાના પત્રનો ખુલાસો કર્યો.

★

૧૫

શાસ્ત્રીને કંઈ યાદ આવ્યું હોય તેમ ઊઠીને ઊભો થયો અને કોટ પહેરતાં બોલ્યો: 'હું જરા ભદ્ર તરફ જાઉં છું. અર્ધા કલાકમાં પાછો આવીશ.'

પરમાર વિચારનિદ્રામાંથી જાગ્યો: 'ભલે.' ફરીને પાછો શાંતપણે બહાર જોઈ રહ્યો.

શાસ્ત્રી જવા માટે બારણા તરફ ચાલ્યો ત્યારે સરયૂએ પૂછ્યું: 'તમે જલદી પાછા આવી જશો કે?'

'હમણાં, ખોટા રૂપિયાની માફક, મારે કંઈ ખાસ વધારે કામ નથી.' કહેતો શાસ્ત્રી નીચે ઊતર્યો.

પરમાર બારી બહાર જોતો બેઠો હતો. સરયૂ એની સામે એકાકશે જોઈ રહી. થોડીવારે પરમાર બોલ્યો: 'સરયૂબેન, તમે મને આગ્રહ ન કરશો. મેં ખૂબ વિચાર કર્યા પછી જ ન આવવાનો નિર્ણય કર્યો છે.'

'પણ કંઈક કારણ તો હોવું જોઈએ ને?'

'બીજું કારણ શું? મેં પત્રમાં જણાવ્યું છે તે જ!'

'એ ખરું કારણ નથી.' સરયૂ સહેજ ઊંચે સાદે બોલી.

'એટલે?' પરમારનાં ભવાં સહેજ ચડયાં.

'એટલે એમ કે ખરું કારણ તમે છુપાવો છો.'

'બનાવટી કારણ રજૂ કરવાની મને ટેવ નથી. જરૂર પણ નથી.' પરમાર ચિડાઈને બોલ્યો.

સરયૂએ પરમાર સામે જોયું. પહેલી જ વાર પરમારના ચહેરા પર સરયૂએ ઉદ્વેગનાં ચિહ્ન જોયાં અને તેને એક પ્રકારનો ભય લાગ્યો. એને મનમાં થયું: 'મારે આવો આક્ષેપ નહોતો કરવો જોઈતો.'

પરમારે ખરેખર જીવનમાં આ પ્રકારનો સર્વપ્રથમ ક્ષોભ અનુભવ્યો. એના અંતરમાં એક પ્રકારનું તુમુલ યુદ્ધ શરૂ થયું. ગંભીર અને ચિંતનપ્રધાન સ્વભાવ હોવાથી પરમાર સહેજે અસ્વસ્થ બનતો ન હતો, પણ આજે એ અંદરથી હલી ગયો. સામે બેઠેલી સરયૂ પોતાને વિષે શું ધારશે એનો પણ એણે વિચાર કર્યો. સરયૂ સામે નજર ફેરવીને જાણે પોતાના મન સાથે વાત કરતો હોય તેમ એ બોલ્યો:

'સરયૂબેનના પિતા ઉપર લખેલો કાગળ એ મારા મનનું સ્પષ્ટ અને ખરું પ્રતિબિંબ રજૂ કરે છે. એને વિષે કોઈ પણ કદી શંકા ઉઠાવી શકે નહીં. ઉડાવે તો એ માણસ પરમારને ઓળખતો નથી એમ માનવું.' કહીને પરમાર ફરી બહારની બાજુ જોઈ રહ્યો.

'પરમાર,' સરયૂએ ધીમેથી કહ્યું: 'તમે નકામા આટલા બધા અસ્વસ્થ બન્યા છો. અસ્વસ્થ બનવા જેવું કશું બન્યું નથી. એવું કંઈ કારણ મને જણાતું નથી. જેથી તમારા જેવો શાંત પ્રકૃતિનો,

સાત્ત્વિક વૃત્તિવાળો સજ્જન આટલો અશાંત બની ક્રોધાવિષ્ટ બને ?'

'સરયૂબેન ! પરમારે શાંત બનતાં કહ્યું: 'હું અસ્વસ્થ બન્યો લાગતો હોઇશ, પણ તમારી જાતને પૂછો કે એને માટે કોણ જવાબદાર છે ? અને પછી મને સ્વસ્થ થવાનો ઉપદેશ આપજો.'

'તમે આ શું બોલી રહ્યા છો, પરમાર ? પરમાર જેવો માણસ આમ ઘડીકવારમાં મગજ ગુમાવી બેસે એ મારાથી સહન થઇ શકતું જ નથી. એના કરતાં તો હું મરવાનું વધારે પસંદ કરું.' કહીને સરયૂએ ખુરશી નજીક આણી. સરયૂના ચહેરા ઉપર એક પ્રકારની કુમાશ તરી આવી. એની આંખમાં એક જાતનો એવો આકર્ષક ભાવ તરી આવ્યો કે, પરમાર એનું તેજ જીરવી ન શક્યો. એણે નેણ નીચાં ઢાળ્યાં એની વાચા જાણે બંધ થઇ ગઇ. પરમાર મનમાં વિચારી રહ્યો હતો.

'શું સરયૂ સાચે જ મારા વિના જીવી ન શકે એવી મનોવૃત્તિ કેળવી રહી છે ? જો એમ જ હોય તો મારું પગલું યથાર્થ છે. એના મનમાં કદાચ એ વસ્તુ સ્પષ્ટ ન હોય તો મારે સ્પષ્ટ કરવી જોઇએ. એ મારો ધર્મ છે.' આમ વિચારી પરમાર બોલ્યો: 'સરયૂબાળા !' એનો અવાજ જાડો થયો. અવાજ રૂંધતું ગળું ખંખારીને એણે આગળ ચલાવ્યું: 'સરયૂબાળા, કોઈ પ્રવાસી હિમાલયનાં ઉત્તુંગ શિખરો ચડતો હોય એમાં ઊંડી ખીણ જોતાં એ અટકીને ઊભો રહે અગર ત્યાંથી પાછો ફરે તો એને આપણે ડાહ્યો ને દીર્ઘદર્શી માણસ કહેવો જોઇએ કે નહીં ?'

'ના.' સરયૂ એકદમ બોલી ઊઠી, 'હું તો એને મૂર્ખ અથવા અવિશ્વાસુ કહું.'

'પણ ઝાંઝવાનાં જળ પાછળ દોડતા હરણને જે ડાહ્યું ને

વિશ્વાસુ માને છે એની એ હરણુ જેવી જ દુર્દશા થાય છે. એની તૃષા તો છીપતી જ નથી, ઊલટી પ્રાણુહાનિ થાય છે.'

'મને એવી તમારી તત્ત્વજ્ઞાની ભાષા સમજાતી નથી.' સરયૂએ ટૂંકુ પતાવવા કહ્યું: 'હું તમને એક જ પ્રશ્ન પૂછવા આવી છું. એનો મને સીધો ઉત્તર આપી દ્યો.'

'પૂછો, જવાબ આપવા જેવું હશે તો આપીશ.'

'તમે આવતી કાલથી મારે ત્યાં આવવાના છો કે નહિ ?'

પરમાર નિરુત્તર બની પળવાર બેસી રહ્યો. સરયૂ એના જવાબની રાહ જોતી એમ ને એમ નજરમાં નજર ખૂંતાડી બેસી રહી.

આખરે પરમાર બોલ્યો: 'મારા આવવાથી તમારું કંઈ મોટું કલ્યાણ થવાનું નથી !'

'મારે એવી ફિલસૂફીનું કામ નથી. મને સીધો જવાબ આપવો હોય તો આપો.'

પરમાર ગૂંચવાયો પાંચ મિનિટ, દસ મિનિટ એમ ને એમ વીતી ગઈ પરમારના મનમાં થયું હવે શાસ્ત્રી આવી પહોંચે તો સારું, પણ શાસ્ત્રી ક્યાંય જણાતો ન હતો. પરમાર આખરી નિર્ણય કરતો હોય તેમ તેના ચહેરા ઉપર સખ્તાઈ આવી. એનો અવાજ હંમેશ કરતાં વધારે કડક, વધારે રૂક્ષ બન્યો. એણે કહ્યું: 'મારો જવાબ સાંભળવાથી તમારી શાંતિ જોખમાશે, તમારું શારીરિક સ્વાસ્થ્ય પણ બગડશે અને કદાચ તમે ન ધારો તે રીતે તમારા જીવનનો સર્વ રસ ઊડી જશે.'

સરયૂને જવાબમાં એકસામટી વિચારધારા છોડવાનું મન થયું. એણે રસ્તામાં ગોખી રાખેલાં અનેક વાક્યો એની જીભે આવીને

પાછાં વળ્યાં, છતાં તરત જીભ ઊપડી નહિ. સરયૂને માટે એ પળો વિષમ બની હતી. છતાં એ જવાબ સાંભળવા મૂંગી રહી. આખરે પરમારે છેવટનો જવાબ આપ્યો; 'તમે મને ગમે તેટલું કરશો, પણ હું હવે તમારે ત્યાં આવવાનો નથી. મારો આ નિર્ણય અફર છે!'

સરયૂ જવાબ સાંભળ્યો ન સાંભળ્યો કરીને પરમાર સામે તાકી રહી. પરમારના ચહેરા પર સખ્તાઇ હતી. ઉદ્વેગ હતો. દુઃખની ઝાંય હતી. સરયૂ હવે શું બોલવું તેનો વિચાર કરતી હતી, એવામાં દાદરે પગલાં વાગ્યાં અને શાસ્ત્રી આવીને બારણામાં ઊભો રહ્યો.

'તમે લોકો તો ભાઇ જબરા છો, હજી એમ ને એમ એક આસને બેઠાં છો?'

'આ તમારા તત્ત્વજ્ઞાની મિત્રનું મગજ અત્યારે ઠેકાણે નથી. એને જરા સમજાવો. હું તો નિર્ણય કરીને આવી છું એટલે એ નિર્ણયની સિદ્ધિ વિના ઊઠવાની નથી.'

'શાનો નિર્ણય?' પરમાર એકદમ વચ્ચે બોલી ઊઠયો.

'તમારી પાસે હા પડાવવાનો?'

'શાની હા?' લગભગ ત્રાસી ગયેલો માણસ બોલે તેમ પરમાર બોલ્યો.

'જુઓ છો ને શાસ્ત્રી?' સરયૂ હસીને બોલી. એ હાસ્ય પાછળ દુઃખનો સાગર હતો.

'તમે કદી તમારા મિત્રને આવી રીતે વાત કરતા સાંભળ્યા હતા?'

'હા, કોઈ કોઈ વાર એમનું મગજ એવું થઈ જાય છે ખરું. તમે એને ચીડવ્યા હશે.'

'હું કશું બોલી નથી.'

'સરયૂબેન !' પરમારે ધીમા અવાજે ગંભીરતાથી સ્વસ્થ બનવાનો પ્રયત્ન કરતાં કહ્યું : 'તમે મને અન્યાય કરી રહ્યા છો. મેં સ્વસ્થતા મુદ્દલ ગુમાવી નથી. હું કેવળ તમારા હિતનો વિચાર કરીને જ આ જવાબો આપી રહ્યો છું. તમને પોતાને જ આના જવાબોમાં ક્યાંઇ અજુગતું કે અવ્યવહારૂપણું લાગતું હોય તો મારે કશી હરકત નથી. જાઓ હું આવતી કાલથી તમારે ઘેર આવીશ.'

'થેંક્યું' સરયૂ હર્ષમાં આવી બોલી ઊઠી.

'પણ એટલું યાદ રાખજો.' પરમારે પોતાનું વાક્ય પડતું મૂક્યા વિના આગળ ચલાવ્યું : 'કે એનું પરિણામ આપણા બેમાંથી એકેયને માટે સારું નહીં આવે.'

'એ તમારે જોવાનું નથી મારે જોવાનું છે.' સરયૂ બોલી અને ઊભી થતાં કહ્યું : 'આજનો પડેલો કલાક આવતી કાલે તમારે ભરપાઈ કરી આપવો પડશે.'

'સરયૂબેન !' શાસ્ત્રી એકદમ ચાલી જવા ઇચ્છતી સરયૂને સંબોધીને બોલ્યો. કદી કલ્પી ન શકાય એવી ગંભીરતા ધારણ કરીને એણે કહ્યું : 'સરયૂબેન ! તમે આ બાબતમાં વધારે વિચાર કરજો. પરમારની ચેતવણી મને સાચી લાગે છે. આ વસ્તુ પરમારના મિત્ર તરીકે અને તમારા એક નિકટના સહાધ્યાયી તરીકે કહું છું !'

દાદરે પગલું માંડતી સરયૂના પગ ઉંબરમાં જ જડાઇ ગયા અને એ પળવાર ત્યાં જ થંભી ગઇ. શાસ્ત્રીનો ચહેરો એને પ્રથમવાર કારુણ્યની ભાવનાથી ચમકતો જણાયો. શાસ્ત્રીને શો જવાબ આપવો

એ એને કશું સૂઝયું નહીં. એટલે 'ઠીક છે, હું વિચાર કરીશ. પરમાર તમે કાલે જરૂર આવજો હોં!' કહીને એ દાદર ઊતરી ગઈ.

શાસ્ત્રીએ પરમાર સામે જોયું તો એની આંખો સરયૂની પાછળ ખેંચાઈ રહી હતી. એના મનમાં થયું : 'હવે પરમાર ઝટ ભણીગણીને ઘર ભેગો થઈ જાય તો સારું, નહિતર આબરૂ ઉપર પાણી ફેરવી બેસશે.' આવો વિચાર આવતાં શાસ્ત્રીએ ડુંગર જેવડો નિઃસાસો નાખ્યો.

★

૧૬

પરમારે સરયૂને હા તો પાડી પણ રાતે એને પથારીમાં પડયા પછી ઘણીવાર સુધી ઊંઘ ન આવી. એને થયું: 'બીજું તો કંઈ નહિ, પણ ઝવેરી શેઠ પૂછશે ત્યારે શો જવાબ દઈશ? ચિઠ્ઠી લખવામાં જરા ઉતાવળ થઈ, માત્ર સરયૂને સંદેશો મોંએથી કહેવરાવી દીધો હોત તો સારું હતું. રમેશ પણ જરા મશ્કરી કરશે.' થોડીવાર પછી વળી વિચાર થયો: 'સરયૂ પોતેજ ઝવેરી શેઠને કહી દેશે. ઊલટું સરયૂનું મન દુભાશે નહીં એથી એ રાજી થશે. અને મારે ક્યાં વધારે વખતે જવું છે. બેચાર માસ માટે કોઈને ખરાબ ન લગાડવું.' આમ ઊલટાસૂલટી વિચાર કરતાં રાત વીતી અને સવાર પડ્યું. ચાપાણી કરી વાંચવા બેઠો પણ વાંચવામાં ચિત્ત ચોંટયું નહીં.

'આજ અર્ધો કલાક વહેલો જાઉં. ગઈકાલનો દિવસ પડયો તેનું વળતર વાળી આપવું જોઈએ. જેના પૈસા ખાવા તેનું હક્ક કરવું જોઈએ. ઝવેરી શેઠને પણ સારું લાગશે.' એમ વિચારતો પરમાર આઠ વાગે તૈયાર થઈને બહાર નીકળ્યો. શાસ્ત્રી એને જોઈ

રહ્યો હતો. એના મનમાં એક પ્રકારની ભયની લાગણી પેદા થઈ હતી. એને આ બધું અજુગતું થતું લાગતું હતું. પરમારને ચેતવવાની ફરજ છે, એમ એ માનતો હતો, પણ આજ સુધી પરમારની આમન્યા રાખતો આવેલો એટલે એની જીભ ઉપડતી ન હતી. પણ એનો ધર્મ એને રહી રહીને અંદરથી ધક્કો મારી રહ્યો હતો. આખરે હતું તેટલું બળ એકઠું કરીને પગથિયે પહોંચેલા પરમારને એણે બૂમ મારતો હોય તેવે અવાજે કહ્યું: 'પરમાર ક્યાં જાય છે?' પરમાર શાસ્ત્રીનો ઘોઘરો અને કંઈક જરૂર કરતાં મોટો અવાજ સાંભળીને પગથિયે અટકી ગયો. એણે પાછું વાળીને જોયું તો શાસ્ત્રી પ્રેમ અને કારુણ્યભરી નજરે સામે જોઈ રહ્યો હતો.

'ઝવેરી શેઠને ઘેર જાઉં છું.'

'એમને તો તેં ના લખી નાંખી છે. આજે પૂછશે ત્યારે શું કહીશ?'

'મારે કશું કહેવું નહિ. પડે સરયૂએ વાત કરી લીધી હશે.'

'મને લાગે છે પરમાર,' શાસ્ત્રીએ ઊભા થઈ બારણાં પાસે આવતા કહ્યું: 'તારે ન જવું જોઇએ.'

'કેમ શાથી એમ લાગે છે?' પરમાર પગથીએ ઊભો રહ્યો. મનને મજબૂત કરી શાસ્ત્રી સામે દલીલ કરવા તત્પર બન્યો.

'મારા કરતાં એ તને સારી રીતે સમજાય છે, પછી શા માટે પૂછે છે?'

'એટલે તું શું કહેવા માગે છે?' પરમાર જરા ગરમ અવાજે બોલ્યો.

'એમ કે તેં ના લખી દીધી છે, તેજ તારે માટે સારું છે.

જવા તૈયાર થયો છે તે વાજબી નથી. એનું પરિણામ મને સારું નથી લાગતું.'

પરમાર ખડખડાટ હસી પડયો. 'અરે રામ, શાસ્ત્રી, તું પણ મને સમજી ન શકયો ? જો મારી ઇચ્છા સરયૂને ત્યાં જવાની જ હોત, તો હું જવાનું બંધ શા માટે કરત ? ખરી વાત એમ છે કે...'

પરમાર સહેજ અટકયો. શાસ્ત્રી શાંતિથી સાંભળી રહ્યો: 'કે મેં જ્યારે જોયું કે સરયૂ મારા પ્રત્યે આકર્ષાઈ છે. એમાં મોહ છે. એમાં મુગ્ધાની પ્રણય મિશ્રિત વાસના છે, ત્યારે મેં એ વસ્તુને મૂળમાંથી ઊગતી જ ડાંભવાનો વિચાર કર્યો. મારા મનમાં તો એના પ્રત્યે કશા એવા ભાવાભાવ હતા નહીં ને છે પણ નહીં. એ વિષે તારે બેફિકર રહેવું.'

'પરમાર, એક હાથે તાળી પડે ખરી ?' શાસ્ત્રીએ દર્દભર્યા અવાજે પૂછ્યું.

હવે તારી સાથે દલીલ કરવી નકામી છે. 'તું વહેમાઈ ગયો છો શાસ્ત્રી, તું એટલો પણ વિચાર નથી કરી શકતો કે હું તો પરિણીત છું. વળી આટલાં વર્ષોથી મારી સાથે રહેવા છતાં તને આવો પ્રશ્ન થાય એ મારે માટે અત્યંત દુઃખદ વસ્તુ છે !' પરમારે ગળગળા અવાજે કહ્યું.

'મારે માટે એથી વિશેષ દુઃખદ છે !' શાસ્ત્રી બોલ્યો: 'પરમાર જેવો પરમાર આમ ઘડીકવારમાં નિર્ણય ફેરવી દે એ મને નવાઈ ભરેલું ને આઘાતજનક લાગે છે. મેં તને આટલો ઢીલો ધાર્યો ન હતો. તારે સરયૂને સ્પષ્ટ ના પાડી દેવી જોઇતી હતી અને તે પણ સાચું કારણ બતાવીને !'

'ત્યારે તું ખરી વાત જાણતો નથી.' પરમાર અંદર ઓરડીમાં દાખલ થયો: 'તારા ગયા પછી મેં સરયૂને ચોખ્ખું કહી દીધેલું કે તારા મારી તરફના વધતા જતા રાગને કારણે જ હું આવવા માગતો નથી ને એમાં આપણું કલ્યાણ નથી. તને સાચું ન લાગે તો સરયૂબેનને પૂછી જોજે.'

'મારે કોઈને પૂછવાની જરૂર નથી. તને માઠું ન લાગે તો તને જ પૂછું કે તેં તારા લગ્નની વાત સરયૂબેનને કહી હતી ખરી?'

'એ તો જગજાહેર વસ્તુ છે.'

'જગજાહેર હશે પણ સરયૂ એ જાણતી નથી. જાણે તો મને ખાતરી છે કે તને પોતાને ઘેર આવવા આટલો આગ્રહ ન કરે!'

'તું સાવ નીચી ભૂમિકાએ ઊતરી જઈને વાત કરી રહ્યો છો, શાસ્ત્રી.'

'જ્યાં છું ત્યાંથી જ વાત કરું છું. તારી જેટલી ઉચ્ચ કક્ષા ક્યાંથી લાવું? પણ ફરજ સમજીને આ અણગમતા પ્રશ્નો પૂછી રહ્યો છું. તને ન ગમતું હોય તો બંધ કરું.'

'મને લાગે છે કે આપણે આ ચર્ચા અત્યારે બંધ કરીએ.' ઘડિયાળ સામે જોઈને પરમારે કહ્યું: 'મારી વાત હું તને નિરાંતે સમજાવીશ. મને લાગે છે કે તને એથી સમાધાન થશે.'

'અત્યારે નહિ, હું કાયમને માટે ચર્ચા બંધ કરું છું. મારે શા માટે તને વિના કારણ કડવાં વેણ કહેવાં જોઈએ. મારા કરતાં તને ભગવાને વધારે અક્કલ આપી છે.' કહી શાસ્ત્રીએ પીઠ ફેરવી અને બારી તરફ ગયો.

પરમારને એને મનાવવાનું મન થયું, પણ ઘડિયાળનો કાંટો નવ તરફ આગળ વધી રહ્યો હતો. અને સરયૂ પોતાની રાહ જોઈ રહી હશે, એ વિચારે એ ઝપાટાબંધ પગથિયાં ઊતરી ગયો. સાઇકલ પર ચડીને આગળ વધતા એનું મન ચાલવા લાગ્યું: 'સત્ય છાબડે ઢાંકયું રહેવાનું નથી. ચાર દિવસ જવાનું પાછું ચાલુ થશે અને મારા મનમાં કશો ફેર પડેલો નહિ જણાય એટલે શાસ્ત્રીની ખાતરી થશે. પછી એને દલીલની જરૂર નહિ પડે.' પરમાર મનના ઘોડા દોડાવતો સરયૂને ઘેર જવા સડક પર આવી પહોંચ્યો.

૧૭

દીવાનખાના પાસેથી પસાર થતાં પરમારે આડું જોવાનો સહેજ પ્રયત્ન કર્યો છતાં ઝવેરી શેઠની ચકોર નજર એને જોઇ ગઇ.

'કેમ પરમાર!'

'જી.' કહી પરમાર અટક્યો.

'તમે તો કાંઈ બહુ મોંઘા થતાં જાઓ છો?'

'એવું કંઈ ન હતું,' પરમારે સ્વસ્થ બનતાં જવાબ આપ્યો; 'મારે વાંચવાનું ઘણું રહે છે અને પરીક્ષા નજીક આવતી જાય છે. વળી બેન હવે લગભગ તૈયાર થઇ ગયાં છે.'

'પણ એને પોતાને ક્યાશ લાગે છે, તેનું શું?'

'માટે તો આજે ફરી આવ્યો.'

'આવો આવો, એકાદ માસ ચલાવો.'

'જેવી આપની આજ્ઞા.' કહી પરમાર સરયૂના અભ્યાસખંડ તરફ ગયો.

સરયૂ એની એ હતી. અભ્યાસખંડ એનો એ હતો. પુસ્તકો એનાં એ હતાં, પહેરવેશને વાતાવરણ એનું એ હતું, છતાં પરમારે જોયું તો સરયૂ એક જ જુદી લાગી. અને સરયૂએ પરમાર સામે જોયું તેવા જ એના અંતરમાં એકસામટા અનેક ભાવ ઊભરાઈ આવ્યા. પોતાનું ધાર્યું પાર પાડયાનો સંતોષ એની આંખમાં હતો, પણ આગલે દિવસે પરમારને સમજાવવા જતી વખતનો ઉત્સાહ અત્યારે ઓસરી ગયેલો જણાતો હતો. પરમાર સાથે શી વાત કરવી એ એને સૂઝતું ન હતું. પણ એને વાત શરૂ કરવાની જરૂર જ ન હતી.

હંમેશના રિવાજ મુજબ પરમાર આવીને ખુરશી પર બેઠો. મનના ઊંડા ભાવોને દબાવી રોજના નિયમ પ્રમાણે એણે કહ્યું: 'ચાલો, ગણિત લાવો. પરમ દિવસે આપેલા હિસાબ ગણી રાખ્યા છે?'

'જી હા, તૈયાર છે.' સરયૂએ નોટ રજૂ કરી, ન ધારી શકાય એટલી સરળ રીતે દોઢેક કલાક સુધી પરમારે સરયૂને ગણિત અંગ્રેજી વગેરે શીખવ્યું. વચ્ચે કયાંઈ વિક્ષેપ પડયો નહીં અને પરમારે ઊઠતાં ઊઠતાં કહ્યું: 'આમ ડાહ્યાં થઈને ભણશો તો મારે ફરીથી પિતાજી ઉપર ચિઠ્ઠી લખવી નહીં પડે!'

સરયૂની આંખમાં એકદમ લાલાશ તરી આવી, મગજમાંથી અભ્યાસક્રમનું ગણિત નીકળી ગયું અને જીવનનો કોયડો આવી ઊભો રહ્યો.

'હું તો ગાંડી જ છું. તમારી પાસે ડહાપણ શીખવા તો પિતાજીએ તમને રાખ્યા છે!'

પરમાર એકદમ ઊભો થયો: 'ઠીક છે ચાલો રામરામ. કાલે લેશન બરાબર તૈયાર કરી રાખજો !'

'એમાં ફેર નહીં પડે, સાહેબજી.' સરયૂ તરફથી જવાબ આવ્યો અને પરમાર ચાલી નીકળ્યો.

ઓરડીએ પાછો આવ્યો ત્યારે શાસ્ત્રી રસોઈ કરવાની તૈયારીમાં હતો. ઓરડીમાં દાખલ થતાં જ પરમારે કહ્યું : 'શાસ્ત્રી, તું કેવું વિચિત્ર પૂછતો હતો અને કેવી બેહૂદી માન્યતાઓ રજૂ કરતો હતો. આજનો દોઢ કલાક કેવા એકધારા અભ્યાસમાં પસાર થયો છે, એ અંધારપછેડો ઓઢીને તેં જોયું હોત તો તને ખબર પડત.' કારણ વિના એક અક્ષર ન ઉચ્ચારનાર પરમાર, પૂછ્યા પછી પાંચ સેકંડે જવાબ આપનાર પરમાર, રૂમમાં દાખલ થતાં જ આમ ભાષણ શરૂ કરે એ શાસ્ત્રીને ઘણું વિચિત્ર લાગ્યું. પોતાના સ્વભાવ પ્રમાણે એ બોલ્યો: 'મારે શા માટે અંધારપછેડો ઓઢવો જોઈએ. માન્યતા જુઠ્ઠી પડે એમ હું અંતરથી ઇચ્છું છું.'

'નહિ નહિ શાસ્ત્રી, હું કહું છું તે તું સાચા અર્થમાં સમજતો નથી.'

'મારામાં તારા જેટલી અક્કલ હોય તો સમજું ને ?'

'કેટલીકવાર તું એવું વિચિત્ર બોલે છે, એવા બેહૂદા પ્રશ્નો પૂછે છે કે તારી સાથે વાત કરવાનું મન ન થાય.'

'તો વાત ન કરવી.'

'જો પાછો ગેરસમજ કરે છે. આ હું જે ખુલાસા કરું છું તે મારા મનના સમાધાન ખાતર, કોઈ પણ રીતે તારું મન ન દુભાવું જોઈએ.'

'મારું મન શા માટે દુભાય, તું તારે ફાવે તેમ લહેર કર. માત્ર એક વાતનું ધ્યાન રાખજે, પેલી બિચારી ગભરુ ગામડિયણ તારી વાટ જોતી બેઠી છે એ ન ભૂલતો.'

'બસ કરો શાસ્ત્રી.' પરમાર ગર્જી ઊઠયો.

શાસ્ત્રીએ પરમાર સામે જોયું તો એની આંખ લાલઘૂમ બની ગઈ હતી, અને એનું શરીર ધ્રૂજી રહ્યું હતું. શાસ્ત્રીને ફરી પસ્તાવો થયો, 'માફ કરો પરમાર, મારી ભૂલ થઈ. હવેથી તમને આવો સવાલ નહિ પૂછું!'

પરમાર કાંઈ પણ બોલ્યા વિના, કપડાં ઉતાર્યાં વિના ખુરશીમાં ઢગલો થઈને બેસી ગયો.

શાસ્ત્રીએ એની સામે જોયું, જાણે પરમાર જ નહીં. એને ચિંતા થઈ પડી કે, પરમારને આ શું થયું છે? પણ કશું બોલવાની એની એ વખતે હિંમત ન ચાલી.

પરમાર ઘણીવાર સુધી એમનો એમ શૂન્યમનસ્ક બની બેસી રહ્યો. સરયૂને ત્યાંથી આવતાં એને જરા સારું લાગ્યું હતું, પણ શાસ્ત્રીના પ્રશ્નોએ એના એ આનંદને જાણે હવામાં તૂલની માફક ઉડાડી દીધો.

બેમાં કોણ સાચું, એ માત્ર એક ઈશ્વર જ જાણતો હતો.

★

૧૮

રાતના દસેક વાગે જ્યારે ઝવેરી કુટુંબ પાને રમતું હતું ત્યારે સરયૂ એકલી પોતાના અભ્યાસગૃહમાં બેઠી વાંચતી હતી. સામે ચોપડી પડી હતી, પણ એનું મન કોઈ બીજી જ વસ્તુમાં લાગ્યું હતું. રમેશ એક બે વાર આવીને આગ્રહ કરી ગયો છતાં સરયૂએ 'મારે હજી લેસન બાકી છે.' એવો જવાબ આપ્યા કર્યો, પણ એ 'લેસન' એક રાતમાં પૂરું થાય તેવું નહોતું. આજ સવારે પોતે જે રીતે એકચિત્તે ભણી તેવી રીતે ભણે તો જ પરમાર આવવાનું ચાલુ રાખે એમ તેને લાગતું તો હતું; પણ એ રીતે મનને ચાબૂકના જોરે સીધું રાખવું અગર મીણના પૂતળાંને પિત્તળના પૂતળાની પેઠે ટટ્ટાર રાખવું સહેલ નહોતું. સરયૂ પોતે મહાપ્રયત્ને અભ્યાસમાં એકાગ્ર રહી શકતી હતી એનું એને એટલું બધું સ્પષ્ટ ભાન હતું કે, એ વસ્તુ કાયમ ટકાવવી અશક્ય હતી.

'પરમારને ભણાવવાનું ચાલુ રાખવાનો આગ્રહ કરવાને બદલે પોતે જ એની રૂમ પર જવાનું રાખ્યું હોત તો વધારે ઠીક થાત' એવો વિચાર પણ એને આવી ગયો. પણ શાંતિલાલ ઝવેરીની પુત્રી

એ રીતે એક ગરીબ વિદ્યાર્થીની રૂમ પર ભણવા જાય એ સામાજિક દૃષ્ટિએ કેટલું બેહૂદું લાગે તે પણ એ જાણતી હતી.'

'ત્યારે શું પરમાર તરફનું આકર્ષણ એ ન છોડી શકાય એવી વસ્તુ છે?' સરયૂના મન આગળ પ્રશ્ન ઉપસ્થિત થયો, 'તો તો ગજબ થાય. બા બાપુને એ વસ્તુની જાણ થતાં કેવો આઘાત લાગે?' સરયૂ સ્તબ્ધ બની વિચારસાગરમાં ડૂબી ગઈ. એમ ને એમ અગિયાર વાગ્યા. દીવાનખાનામાંથી ખડખડાટ હસવાનો અવાજ આવ્યા કરતો હતો.

'સૌ હસે છે, રમે છે અને મને આ શું થયું છે?' સરયૂ મન સાથે વિવાદે ચડી. 'મારો આનંદી સ્વભાવ કેમ આમ ઓસરી ગયો છે? રમુ કહેતો હતો તે શું સાચું હશે કે સરૂબેન ફર્સ્ટ ક્લાસ મેળવવા જતાં માંદગીનું બિછાનું મેળવશે? સરયૂ ઊભી થઈને અરીસા સામે જોવા લાગી. એને પોતાનો ચહેરો દૂબળો લાગ્યો, ગાલ ઉપર લાલી ઓછી જણાઈ. ચહેરા ઉપર ફીકાશ દેખાઈ. 'આમ કેમ ચાલી શકે? મારે મારી સ્થિતિ સમજી લેવી જ જોઈએ અને સ્પષ્ટ કરી લેવી જોઈએ.' સરયૂ ધીમે બબડી અને આસ્તે રહીને પાછી ખુરશી પર બેઠી 'આજ બપોરે બા કહેતી હતી, તારો ખોરાક અર્ધો થઈ ગયો છે. આપણે એવું ભણતર નથી ભણવું, જાત ખોઈને ભણ્યું શા કામનું. દીકરીની જાતને ક્યાં કમાવા જવું છે.'

સરયૂ વિચારવમળમાં ઊંડે ને ઊંડે ઊતરતી જતી હતી. જેમ જેમ એમાંથી નીકળવા મથતી તેમ તેમ વધારે સપડાતી જતી હતી.

દીવાનખાનામાં શાંતિ પથરાઈ. સૌ પોતપોતાના ઓરડામાં જઈને સૂઈ ગયા. રમેશે જતાં જતાં કહ્યું: 'હવે તો બંધ કરો સરૂબેન, એમ મરીને માળવો નહિ લેવાય?'

'આજે મને ઘણું 'લેસન' આપ્યું છે. હવે પા કલાકનું કામ છે.'

દસેક મિનિટ ગઈ ત્યાં સરયૂની બા નીકળ્યાં: 'કેમ બેટા, હજી વાંચે છે, સૂઈ જા, હવે કાલ સવારે વહેલી ઊઠીને વાંચજે.'

'હવે પંદરેક મિનિટનું બાકી છે બા, તમે સૂઈ જાઓ.'

સરયૂની બા પણ ગયાં. આખા બંગલામાં સરયૂ એકલી જાગતી હતી. શા માટે આવા ઉજાગરા એ ખેંચતી હતી? કદાચ એને પોતાને જ એની ખબર ન હોય. કોઈ અગમ્ય કારણ એને આવા કારમાં ઉજાગરા અને ઉદ્વેગ કરાવી રહ્યું હતું.

રાત જામતી જતી હતી, ચોમેર નીરવ શાંતિ પસરી હતી. સરયૂ અર્ધનિદ્રામાં બેઠી હતી. એમાં એકાએક એના કાન ચમક્યા.

'મને લાગે છે હવે સરયૂનું ઠેકાણું પાડી દેવું જોઈએ.' શાંતિલાલનો ધીમો છતાં જાડો અવાજ સરયૂને કાને અથડાયો.

'મંગળદાસ ફરી આવ્યા નહિ.' સરયૂની બા ધીમે સાદે બોલ્યાં. સરયૂ એકકાને સાંભળી રહી.

'એ તો બિચારા તૈયાર જ છે. આપણે કહીએ એટલી જ વાર છે.'

'તો પછી આવતા મંગળવારે બોલાવો. ગળ્યા મોં કરી લઈએ.'

'એટલું જ નહિ મારો વિચાર તો આ ઉનાળે લગ્ન પણ કરી નાંખવાનો છે.' શાંતિલાલે કહ્યું.

સરયૂ ઊંચે જીવે સાંભળી રહી.

'એટલી બધી ઉતાવળ શા માટે કરવી જોઈએ? હજી તો સરયૂને ભણવું છે.'

'ભણવાનું તો પછી પણ ચાલુ રાખી શકાશે. આપણો જીવ પછી થાળે પડે ને?'

સરયૂનું હૃદય ધડકવા લાગ્યું. 'જે પિતા થોડા વખત પહેલાં મંગળદાસને મોંએ નવા જમાનાના સ્વાતંત્ર્યની, કન્યાની પસંદગીની અને બેચાર વરસ ભણાવવાની વાત કરતા હતા એ જ અત્યારે પોતાની સંમતિ વિના લગ્નની વાત કરે છે!' સરયૂને એ જ વખતે ત્યાં જવાની, બચ્ચે પડીને આ વાતચીત અટકાવવાનું મન થયું પણ, એ બેસી રહી. 'એ લોકો ભલેને મનના ઘોડા ઘડયા કરે, મારી ઇચ્છા વિના એ કશું કરી શકવાના નથી. અનિલકુમાર સુશીલ છે. સદ્‌ગૃહસ્થનું ફરજંદ છે, સંસ્કારી છે. પણ મારી પસંદગી એની ઉપર ઊતરી નથી ત્યાં સુધી એ મારે મન કથીર છે.'

'ઠીક હવે કાલે એનો વધારે વિચાર કરશું. મંગળદાસને ફોન કરી જોઈશ. જરૂર પડશે તો રૂબરૂ બોલાવી લેશું.' કહીને શાંતિલાલ સૂઈ ગયા.

સરયૂ ભારે મનથી મોડી મોડી ઊઠી અને ધીમે પગલે પોતાના ઓરડામાં જઈને સૂતી. ક્યારે ઊંઘ આવી એની પણ એને ખબર ન પડી. એકાદ કલાક પછી એ ઓચિંતી જાગી ઊઠી. પથારીમાં બેઠી થઈને આંખો ચોળવા લાગી, દીવો કર્યો, પોતે ખરેખર જાગે છે કે નહિ એની એણે ખાતરી કરી.

'ત્યારે સ્વપ્નું જ આવેલું મને?' એ બબડી, 'પણ કેવું ભયંકર સ્વપ્નુ!'

ઘણા વખત પહેલાં પોતાની બા સાથે એ સિનેમા જોવા ગયેલી. એ ચિત્ર હતું, 'સોહાગ.' એની નાયિકા શૈવલિની અને નાયક ખડગબહાદુર હતાં. જાણે પોતે શૈવલિનીની માફક દીવાનખાનામાં બેઠી છે. ખડગબહાદુરના ખોળામાં માથું રાખીને રડી રહી છે, અને ખડગબહાદુર ધીમે રહીને માથું દૂર કરી ઊભો થાય છે. અને, 'એ અશક્ય વસ્તુ છે.' કહીને ચાલ્યો જાય છે. ચહેરો અને પોશાક ખડ-

ગબહાદુરનો પણ અવાજ અને ભાષા પરમારનાં હોય એવું સરયૂને એ સ્વપ્ન અવશેષનું સ્પષ્ટ સ્મરણ હતું. શૈવલિનીનો ચહેરો પોતાની જેવો જ હતો અને એની દલીલો પણ એવી જ હતી!

'શું પરમાર ખડગબહાદુરની જેમ મને તુચ્છકારીને ચાલ્યો જશે? ના ના. ખડગબહાદુર ગમે તેવો તોય એક જંગલી–ભૈયાનો પુત્ર હતો, જ્યારે પરામર તો સંસ્કારી, ઉચ્ચશિક્ષણ પામેલો તત્ત્વ-નિષ્ટ સજ્જન છે.'

'પણ મારે પરમાર વિષે એવા ભાવ સેવવા જ ન જોઇએ.' થોડીવારે સરયૂ મનમાં બબડી અને બત્તી બંધ કરી પાછી પથારીમાં પડી. પરમારના વિચારો છોડવા એ જેમ જેમ પ્રયાસ કરતી હતી તેમ તેમ વધારે ને વધારે એનું મન કરોળિયાની જાળની માફક એમાં ગૂંચવાતું જતું હતું. એ વસ્તુ ઉપરનો કાબૂ એ ગુમાવી બેઠી હતી, જેનું એને પૂરું ભાન ન હતું.

★

૧૯

સવારની ગુલાબી ઠંડીમાં સરયૂ સહેજ સંકોડાઈને ખુરશી પર બેઠી હતી. આજ જરા વધારે ચમકારી હતી, તેથી એણે પોતાનું ગરમ લાલ બદન ચડાવ્યું હતું. ઓરડામાં પેસતાં જ પરમારની નજર એ બદન પર પડી. છેક હથેળી સુધી પહોંચતી બદનની બાંયો ગોળાકાર સુડોળ લાગતી હતી. બદન ઉપર સાડી પહેરેલી હોઈ સરયૂ જરા વધારે ભરાવદાર જણાતી હતી. એ ફેરફાર પણ પરમારની નજરે તરત ચડ્યો. એ હંમેશની ઢબે આવીને ખુરશી પર બેઠો અને નોટ ઉઘાડી આગલા દિવસના ગણવા આપેલા દાખલા જોવા લાગ્યો. સરયૂ પરમારની સામે જોઈ રહી હતી. જ્યારે દરેકના શરીર પર એ ગરમ કોટ અને ગરમ જાકીટ અગર ગરમ ગંજી કે સ્વેટર જોતી હતી ત્યારે માત્ર પરમારે જાડો ખાદીનો કોટ પહેર્યો હતો.

'તમારી પાસે ગરમ કોટ નથી ?' એમ પૂછવાનું સરયૂને મન થયું, પણ એવા સવાલથી પરમારને માનહાનિ લાગે તો, એવા ભયથી એ કશું બોલ્યા વિના જોઈ રહી. પાંચ સાત મિનિટ થઈ

તેટલામાં પરમારે દાખલા જોઈ લીધા. નોટ પાછી આપતાં કહ્યું: 'ઠીક છે, લાવો ગણિત. ગઈકાલે જે રીત મેં શીખવી છે તે જ મુજબના બીજા બે ત્રણ હિસાબ ગણો, મને ખબર પડે કે તમે બરાબર સમજી ગયાં છો કે નહિ. પછી આગળ ચાલીએ.' સરયૂએ ગણિત હાથમાં લીધું. નોટ અને પેન્સિલ લીધાં પણ મન જુદા વિચારે ચડી ગયું હતું. 'આમ ને આમ લગામ ખેંચી રાખીને ઘોડાને ક્યાં સુધી કાબૂમાં રાખી શકાશે? પરમાર કેટલા પાણીમાં છે, એની મનોભાવના શી છે એ તો જાણવું જ જોઈએ.' એમ સરયૂને થયા કરતું.

સરયૂએ પેન્સિલના લીટા દોરવા શરૂ કર્યા. આંકડાને બદલે કોરા કાગળ પર કૂંડાળાં વાળતાં જોઈને પરમાર ચમક્યો, વિચારમાં પડ્યો. એણે સરયૂ સામે જોયું. પછી ધીમે રહીને બોલ્યો: 'કેમ કાંઈ આજે પાછું ચક્કર ફર્યું છે કે શું?' સરયૂએ પરમાર સામે નજર કરી. એકીટશે જોઈ રહી. એ દૃષ્ટિક્ષેત્રમાં કોઈ અગમ્ય ભાવો હતા. પરમાર એ ઉકલી શકતો હતો પણ સ્વીકારી શકે તેમ ન હતો. પરમારના મનમાં એ દિવસથી ચાલતા તીવ્ર મંથનનો એ પોતે જ સાક્ષી હતો. એ પણ તેજી ઘોડાને કારમી લગામના જોરે જ કાબૂમાં રાખી રહ્યો હતો. પણ એણે એક વાતમાં દૃઢ નિશ્ચય કર્યો હતો. એણે પોતાની મનોભૂમિકા પિછાની લીધી હતી. ક્યાં જોખમ છે એનું એને ભાન થઈ ચૂક્યું હતું. ઝેરી ઘાસની ગંધ આવતાં પશુ મોં ઊંચું કરી લે તેમ પરમાર બોલ્યો: 'આજે આગળ બંધ રાખીએ. હું કાલે આવીશ.' કહી પરમાર ઊપડ્યો.

સરયૂ પરમારની અસ્વસ્થતા સમજી ગઈ. પરમાર સ્વાસ્થ્ય ગુમાવે. નિર્બળતા બતાવે તે એને ગમતું ન હતું. છતાં એ આમ એકદમ અતડો બને એ પણ એને પસંદ ન હતું. સરયૂએ એકદમ

ઊભા થઈને જવા માટે તૈયાર બનેલા પરમારનો હાથ પકડી લીધો: ‘બેસો હું દાખલા ગણું છું.’ એક ક્ષણ એમ ને એમ પસાર થઈ ગઈ. પરમાર બેસવું કે જવું એનો નિર્ણય તત્કાળ ન કરી શક્યો. સરયૂ સામે એ તાકી રહ્યો.

એ વખતે દીવાનખાનામાંથી સ્નાનગૃહ તરફ જતા શાંતિલાલે સહજ આ તરફ નજર ફેંકી. નજર પડી તેવી જ પાછી વાળી. વીજળીનો આંચકો લાગે તેમ શાંતિલાલના મગજમાં ખટકો બોલ્યો. એ જ વખતે પરમારને બોચી પકડીને બહાર કાઢવાનો વિચાર એમના મગજમાંથી પસાર થઈ ગયો. પણ આબરૂની બીકે એ ઉતાવળમાં સ્નાનગૃહમાં પેસી ગયા. અંદર ગયા પણ એમનાથી રહેવાયું નહિ ને બૂમ મારી: ‘રમેશ! રમેશ!’

રમેશ દોડતો આવ્યો. અર્ધું બારણું ખોલીને એમણે કહ્યું: ‘પેલા પરમારને કહી દે કાલથી આપણા ઘરમાં પગ ન મૂકે.’ રમેશ સામો સવાલ કરવા જતો હતો, પણ એણે શાંતિલાલનું રૌદ્રરૂપ, સત્તાવાહી ભારે અવાજ, પારખ્યો. એની જીભ સિવાઇ ગઈ, ‘જી.’ કહીને પાછો ફર્યો.

સરયૂના ભણવાના ઓરડામાં આવીને જોયું તો સરયૂ ગણિત ગણતી હતી. પરમાર સામે બેઠો હતો. રમેશને શું બોલવું તે ઘડીભર સમજાયું નહીં. પિતાનો હુકમ એને ગેરવાજબી, અવિચારી, અપમાનકારી લાગતો હતો. પણ એનો અમલ ન થાય તો આ ઘરમાં રહેવું ભારે પડે એ પણ રમેશ જાણતો હતો. એ ધીમેથી ઓરડામાં દાખલ થયો.

‘આવ રમુ!’ સરયૂએ સહેજ હસીને કહ્યું.

‘કેમ, રમેશભાઇ, આવો’ પરમાર ખુરશી પરથી ઊભો થયો.

'બેસો બેસો.' કહી રમેશ સરયૂની ખુરશીને અઢેલીને ઊભો રહ્યો. એના અતિ ગંભીર ચહેરા સામે બન્ને ઘડીભર જોઈ રહ્યાં. અને પળવારમાં મૂંગાં બની ગયાં. બન્નેના ચહેરા પર ફરકતું હાસ્ય ઊડી ગયું, કોઈ ગમગીન અને ભયકારક સમાચાર સાંભળવા બન્ને પોત-પોતાના મનને તૈયાર કરવા લાગ્યાં.

'બાપુજીએ કહ્યું છે, ગોવિંદભાઈ,' રમેશે ગળું ખંખાર્યું: 'કે સરયૂબેન પોતાની મેળે હવે બાકીનો કોર્સ કરી શકશે.'

'મેં તો પહેલાં જ એ વસ્તુ કહી દીધી છે.' પરમાર બોલ્યો: 'સરયૂબેનને આત્મવિશ્વાસ નહોતો તેથી જ મારે ફરી ચાલુ કરવું પડયું'

'મને જરૂર લાગે છે.' સરયૂ વચ્ચે બોલી ઊઠી.

'સરૂબેન,' રમેશે કડક અવાજે કહ્યું: 'બાપુજીનું આપણે માન રાખવું જોઈએ: 'ગોવિંદભાઇ તમે માઠું ન લગાડશો. તમે બેન માટે ખૂબ મહેનત લીધી છે.'

'એમાં માઠું શાનું? મેં મારી ફરજ બજાવી છે.' કહી પર-માર ઊઠયો. એણે હાથ જોડયા. એના મનમાં ધ્રાસ્કો પડી ચૂકયો હતો. સરૂ થાપટ મારીને મોં લાલ રાખવા મથતી હતી. પોતે કંઇક ગંભીર ભૂલ કરી છે એમ એને ભય પેઠો.

★

૨૦

સરયૂના બા રસોડામાં રસોઇયાને કેટલીક અગત્યની સૂચના આપી રહ્યાં હતાં. તે વખતે ભૈયાએ આવીને તેમને કહ્યું: 'આપકો શેઠજી બુલાતે હૈં.' ભૈયાનો સંદેશો સાંભળીને તરત તેઓ દીવાનખાનામાં આવ્યાં. જોયું તો શાંતિલાલ સહેજ રોષભર્યા ચહેરાથી, ઉદ્વેગમય નજરે બારણા બહાર શૂન્યમનસ્ક બનીને તાકી રહ્યા હતા. શાંતિલાલ ઝવેરી આટલા ગમગીન ભાગ્યે જ દેખાતા. સરયૂની બા ઉતાવળાં આવીને બાજુના સોફા પર બેસતાં બોલ્યાં, 'કહો, કેમ બોલાવી મને?'

'મેં અત્યારે મંગળદાસ શેઠને ટેલિફોન કર્યો હતો. તેમણે કહ્યું, આપણે ઠરાવીએ તે મુહૂર્ત એમને કબૂલ છે. મેં આપણા ગોરને તેડી આવવા મુનીમને ફોન કર્યો છે તે આવશે. તમે જરા વહેલા પરવારજો!'

'પણ આપણે આવી ઉતાવળ શા સારું કરવી જોઇએ? કોઇને કેવું લાગે કેવું નહીં?'

'સારા કામાં સો વિઘ્ન, જેમ જલદી થાય તેમ આપણને નિરાંત વળેને!'

'પણ તમે કહેતા હતા. બેનને પૂછશું. અનિલ ને સરયૂને એકઠાં કરી અરસપરસ જરા ઓળખાણ કરાવીએ!'

'એઓનો મત મેં જાણી લીધો છે, સમજ્યાં? આવી બાબતમાં ચોળીને બહુ ચીકણું કરવામાં માલ નહીં.'

'તમારા મત પણ ઘડીઘડીમાં બદલ્યા કરે છે, પછી આપણી મોંએ ચડાવેલી છોકરીને ગમતું અણગમતું થશે તો કહેશે ક્યાં ગયા'તા કે ક્યાંય નહીં.'

'તમે બૈરાંઓ કેટલીક બાબતમાં કશું સમજતાં નથી.' શાંતિલાલ ઉતાવળે સ્વરે બોલી ઊઠયા: 'મેં એકવાર તમને કહી દીધું. આ બાબતમાં મારી સાથે માથાઝીંક ના કરશો.'

સરયૂની બાને શાંતિલાલના જવાબો સાંભળીને ભારે નવાઈ લાગી. ક્યાં એમના પહેલાંના વિચારો, ક્યાં આજના? શેઠને આમ એકાએક શું થઈ ગયું તે તેઓ કળી શક્યા નહિ, છતાં પરાણે મન મનાવી ઊઠયાં ને 'સારું ત્યારે ગોર આવે એટલે મને બોલાવજો.' કહી ઘરમાં ગયાં.

શાંતિલાલનું મગજ તપી રહ્યું હતું. એમનું ચાલે તો એ અમદાવાદ શહેરની અરે આખા ગુજરાતની, સોળથી પચીસ વર્ષ સુધીની તમામ કુંવારી કન્યાઓને એક જ માંડવે, એક જ દહાડે રૂપગુણ પૈસોટકો જોયા વિના તે તે નાતના જે મળે તે જુવાન સાથે પરણાવી દે. પણ તેઓ જાણતા હતા કે એમની પોતાની દીકરીને રૂપગુણસંપન્ન યુવાન સાથે પરણાવવામાં પણ એમની સામે મુશ્કેલીના કેવા મોટા પહાડ ખડા હતા.

જમવાનો વખત થયો. સૌ જમવાના ટેબલ પર આવી ગયાં. સરયૂ ન દેખાઈ. સરયૂની બાએ બૂમ મારી : 'ભૈયા, બહિનકો બુલાવ !'

'ભૈયો જઈને પાછો આવ્યો. 'બહિનસાબકો ભૂખ નહીં.'

'અરે સવારે કંઈ નાસ્તો નથી કર્યો ને ભૂખ શાની નથી.' કહી સરયૂની બા પોતે તેડવા ચાલી.

સરયૂનું મોં ચઢેલું હતું. એની બાએ આવીને કાંડું પકડ્યું: 'લે ઊઠ જોઈએ. તારા બાપુજી રાહ જુએ છે.'

'પણ બા મને સાચે જ ભૂખ નથી.' સરયૂએ કહ્યું.

'તો ખાલી દાળભાત થોડાં જમજે.'

'મારે જમવું નથી. તમે જમી લો.' મા–દીકરી વચ્ચે રકઝક ચાલે છે તેટલામાં શાંતિલાલ આવી પહોંચ્યા.

'કેમ સરયૂ, સમજતી નથી? હવે નાની છો? ઊઠ, ઊભી થા. શાંતિલાલે આંખો કાઢી.' એ આંખમાં ભય અને શંકા બન્ને હતાં.

સરયૂ બેસી રહી. શાંતિલાલ ચિડાયા, 'ચાલો તમે આવો છો? એ ભલે આજે ન જમે.' સાંભળીજ સરયૂની આંખમાંથી આંસુ વહેવા લાગ્યાં.

સરયૂની બા શાંતિલાલના રોષનું કારણ જાણતાં ન હતાં, તે જ રીતે સરયૂની રીસનું કારણ પણ તેમનાથી સાવ અજાણ્યું હતું. છતાં એણે અનુમાન કરી લીધું અને સરયૂની આંખમાં આંસુ જોઈને એમનું હૈયું ભરાઈ આવ્યું. એક હાથ સરયૂની પીઠ પર મૂકી બીજે હાથે આંસુ લૂછતાં એ બોલ્યાં: 'તું શા માટે ગભરાય છે? તારી મરજી વિરુદ્ધ હું કશું કરવા દેવાની નથી.' બાપ દીકરી વચ્ચે આ બાબ-

તમાં જ વાંધો પડ્યો હોવો જોઈએ એવું અનુમાન કરીને તેમણે આશ્વાસન આપ્યું અને હેતથી સરયૂને શાંતિલાલ સામે જોઇ જરા રોષભર્યા અવાજે કહ્યું: 'તમે સરયૂને કશું ના કહેશો. એ રાજી થાય તેમ આપણે કરવાનું છે.'

એટલામાં રમેશ આવી પહોંચ્યો. એણે ધીમે રહીને કહ્યું: 'બા, તમે ખરું કારણ જાણતા નથી.'

'શું કારણ છે?'

'મારા બાપુજીએ પેલા પરમારને રજા આપી દીધી એટલે સરયૂબેન રિસાયાં છે.'

'એમ કે? એમાં શી મોટી વાત છે? સરયૂની બા રાજી થતાં બોલી ઊઠયાં: 'એમણે ભલે રજા આપી. હું કાલે ને કાલે એને બોલાવી મંગાવીશ. રમેશ, દીકરા તું જઈને એને તેડી લાવજે. કેવો ડાહ્યો છોકરો છે ને બહેનને કેવું સરસ ભણાવે છે? એને તમે શા માટે રજા આપી?'

શાંતિલાલ કડવો ઘૂંટડો પી ગયા. સરયૂ જમવા માટે ઊઠી હતી તે પાછી રિસાઇ જશે એ ભયે એમણે મૌન જાળવ્યું. ખરી રીતે તો આ વસ્તુમાં એમની આબરૂનો સવાલ હતો અને 'સ્ત્રીની મત પાનીએ ને સ્ત્રીના પેટમાં વાત ન રહે.' એવા ખ્યાલથી એમણે એ અતિ ગંભીર, અતિ દુ:ખદ અને અતિ નાજુક બાબતને પોતાના મનમાં જ સમાવી દીધી અને મૂંગા મૂંગા જમવાના ઓરડામાં આવીને બેઠા. એમના મન આગળ અત્યારે એક જ નિશાન હતું અને તે વહેલામાં વહેલી તકે અનિલ સાથે સરયૂનાં લગ્ન કરી નાંખવાનું. પણ લાડમાં ઉછરેલી. આટલું ભણાવેલી દીકરીની મરજી વિરુદ્ધ આ જાતનો નિર્ણય કરવો, તેનો અમલ કરવો તે કેટલું કપરું કામ હતું તેનો ખ્યાલ એમને મૂંઝવી રહ્યો હતો. સરયૂની બાને માટે બન્ને વસ્તુ સરખી જ મૂંઝવનારી હતી. સરયૂએ ગમગીન ચહેરે જમી લીધું.

જમીને તરત એ પોતાના ઓરડામાં આવી. અને પથારીમાં પડી. એને એકસાથે અનેક વિચારોએ ઘેરી લીધી હતી.

પરમારનું મન હજી પોતે પૂરું પારખી શકી ન હતી, છતાં પરમારને જ એ પોતાનો ઇષ્ટદેવ માની બેઠી હતી અને એના સિવાય કોઈ ઉપર એનું મન કેમે કર્યું ઠરતું જ ન હતું. જગતના સઘળા દૈવી તત્ત્વોનો મેળ પરમારમાં જામેલો એને જણાતો હતો. અનિલને પરમાર સાથે એ બેસાડીને સરખાવી જોતી હતી, પણ અનિલ પરમારની સરખામણીમાં બહુ અધૂરો લાગતો હતો.

બીજી બાજુ પિતાએ પોતાની પરમાર સાથેની મૈત્રીની વાત નજરે જોઈ લીધી છે અને એને પરિણામે જ તેઓ આટલા અધીરા બન્યા છે એ વસ્તુ પણ સરયૂ બરાબર સ્પષ્ટપણે સમજી ગઈ હતી. એનો વિરોધ કરવાની ભૂમિકા તે શોધી રહી હતી. પણ વહાલસોયા પિતાની સામે બંડ ઉઠાવતાં એનો જીવ ચાલતો ન હતો. જે પિતાએ એનાં દરેક લાડ પોષ્યાં હતાં, રમેશ કરતાં પણ વધારે સ્નેહભાવ દાખવ્યો હતો એને શી રીતે દૂભવાય અને મા? એનો વિચાર આવતાં સરયૂનાં બારે વહાણ ડૂબી જતાં હતાં, જે મા સરયૂનો ઊતરેલો ચહેરો જોઈને પાણી પાણી થઈ જતી હતી, શાંતિલાલની આંખ સામે જે ઢાલરૂપ બનતી હતી, અને એમનો રોષ પોતાને શિરે ઝીલી લેતી હતી, ક્રોધે ભરાયેલ પતિના રોષની પરવા ન કરતાં પરમારને એની મરજી ઉપરવટ જેણે પાછા બોલાવવાનું વચન દીધું હતું, એ માને શું મોં લઈને કહેવું જે 'મારો વિચાર પરમાર સાથે લગ્ન કરવાનો છે.' એ વિચાર જ સરયૂ માટે અસહ્ય બન્યો હતો. માતાને માટે વજ્રઘાત સમો એ વિચાર, સરયૂ પોતાના મનમાં પણ જીરવી શકતી નહતી, તો માને કહેતાં એની જીભ શે ઊપડે?

અને બીજી બાજુ સરયૂ અત્યંત સ્વમાની અને સ્વાતંત્ર્યપ્રિય હતી. એનું આખું ઘડતર એ રીતે થયું હતું, એટલે એની ઇચ્છા વિરુદ્ધ અનિલ શું પરમાર સાથે પણ એના પિતા પરણાવવા માગે તો પણ એ એનો વિરોધ કરે. આમ સરયૂને માટે ભારે વિષમસમસ્યા ઊભી થઈ હતી.'

૨૧

પરમાર પોતાની રૂમ પર આવ્યો ત્યારે તેની મનઃસ્થિતિ અત્યંત વિષમ બની હતી. તેના ચહેરા પર કદી ન જણાયેલી એવી ગ્લાનિ સ્પષ્ટપણે જણાતી હતી. પોતે કોઈ વસ્તુ પ્રત્યે ભારે વેગથી ખેંચાઈ રહ્યો હોય અને એ વસ્તુના રખેવાળો એની સામે હથિયારો લઈને ખડા થયા હોય એવી ભયભીત સ્થિતિ તેને જણાતી હતી. પરમારે પોતાના મનની આ દુ:ખદ સંવેદના ઊંડા ઊતરીને તપાસવાનો નિર્ણય કર્યો હતો.

આવીને એ ખુરશી પર બેઠો. શાસ્ત્રી બીજી ખુરશી પર બેઠો બેઠો પોતાનું પાઠયપુસ્તક વાંચતો હતો. એને પરમારનો ચહેરો જોઈને પરિસ્થિતિ બગડી હોવાનો ખ્યાલ આવ્યો છતાં એ પોતે એ ઘડીએ મૂંગો રહ્યો.

પરમાર કોટ ઉતાર્યા વિના પગ લંબાવીને ખુરશી પર પડયો. બારી બહાર ડોકાઈને શૂન્યમનસ્ક બેસી રહેવાની એની ટેવ જૂની હતી એટલે એમાં શાસ્ત્રીને કશી નવીનતા ન લાગી.

પરમાર વિચારી રહ્યો હતો. અંતરનું ઊંડાણ તપાસવા

વારંવાર ડૂબકી મારતો હતો; પરંતુ તે ઊંડો ઊતરી શકતો ન હતો. ઊંડા ઊતરવાની શક્તિ જાણે કે એ ખોઇ બેઠો હતો. અથવા ઊંડા ઊતરતાં એ ગભરાઇ જતો હતો, અને તરત પાછો ઉપરની સપાટી પર આવી જતો. જ્યાં એને એક મનોરમ સૃષ્ટિ દેખાતી હતી, ત્યાં એને નિરાંત અને આનંદ લાગતો હતો. પરમાર પોતાના મનને પૂછતો હતો: 'આમ એકાએક મારી વિચારશક્તિ કેમ ચાલી ગઈ? શા માટે આવું ભયંકર અપમાન સહન કરવા હું ત્યાં ગયો?' એ અપમાનનો ઘા પોતાને પીડતો હતો કે સરયૂથી પરાણે વિખૂટા પાડનાર ઝવેરી શેઠનો હુકમ ડંખતો હતો, એ પરમાર નક્કી ન કરી શકયો.

શાસ્ત્રી પરમારનું દુ:ખ જાણી શકયો હતો. એમાં ભાગ પડાવવા એ તત્પર બન્યો. ધીમે રહીને પોતાના મન સાથે બોલતો હોય તેમ પોતાની ઢબે એ બડબડયો: 'આપણે તો આમરણ અનશન કરી પ્રાણ છોડી દેવા છે.'

પરમારને કાને એ શબ્દો અથડાતાં એ ચમકયો ને શાસ્ત્રી ભણી જોઈ પૂછ્યું: 'કેમ, એકાએક જીવન ઉપર કંટાળો આવ્યો? કે મહાત્મા થવું છે?'

'મહાત્મા શું થશે? આમાં કશી સમજ પડતી નથી. પાસ થવાય એવું લાગતું નથી. બાપાને મોં શું બતાવવું?'

'એમાં મૂંઝાય છે શા માટે? લાવ હું સમજ પાડું.'

'સરયૂબેન કહેતાં હતાં કે પરમાર ગમે તેવા અઘરા વિષયને સરળ કરીને સમજાવી શકે છે. પણ મેં તો કોઈ દિવસ એનો લાભ ન લીધો.'

'આજથી એને બદલે તને ટ્યુશન આપીશ.'

'કેમ એ લોકોએ ના પાડી ?'

'એ શું ના પાડશે......' પરમાર આખું અસત્ય બોલતા અચકાયો હોય તેમ એણે સહેજ અટકીને વાક્ય પૂરું કર્યું : 'આજથી મેં જવાનું બંધ કર્યું.'

અસંબદ્ધ વાક્યમાં રહેલું અસત્ય શાસ્ત્રી તરત પારખી ગયો. એને દુઃખ થયું અને એનાથી બોલાઈ ગયું : 'એ કરતાં પહેલેથી જ માનમાં રહી ગયો હોત તો !'

પરમારને એ વાક્ય તીરની પેઠે વાગ્યું. શાસ્ત્રીને થપ્પડ લગાવી દેવાનું એને મન થયું. મહામુસીબતે એ શાંતિ રાખી શક્યો. છતાં એનો રોષ બહાર આવ્યા વિના રહ્યો નહિ. એ બોલ્યો : 'શાસ્ત્રી, તારામાં અક્કલ ઓછી છે. એ તો હું જાણતો હતો પણ કોઈને માટે મનગમતી કુશંકાઓ કરવાની કુટેવ તને હશે એવી મને ખબર ન હતી.'

'મને માફ કરો. હું તો એટલું જ જાણવા માગતો હતો કે, તને એ લોકોએ રજા આપી કે તારી ઇચ્છાથી બંધ કર્યું ?'

'એ જાણવાની તને શી જરૂર છે ?'

'જો પરમાર,' શાસ્ત્રી બોલ્યો : 'એમ તું દીવાની દાઝે કોડિયાને બચકાં ભરીશ તો તારી સાથે હું જિંદગી સુધીના અબોલા લઈશ તે ધ્યાન રાખજે.'

'એ તારી મરજીની વાત છે. તને બોલતાં નથી આવડતું એટલે તું અબોલા લે તે જ ઇષ્ટ છે.'

'બોલતાં એક સરયૂબેનને જ આવડે છે.'

'બસ કર શાસ્ત્રી.' પરમારે ગુસ્સામાં બરાડો નાંખ્યો, અને આરકણી, લાલઘૂમ આંખે શાસ્ત્રી સામે તાકી રહ્યો.

શાસ્ત્રીએ કદી આટલી ઉગ્રતા પરમારમાં જોઈ ન હતી. પરમારનો આવો સ્વભાવ નિહાળતાં એ ધ્રૂજી ઊઠયો, અને તરત એ હિંસક પશુને પંપાળતો હોય તેમ હિંમતથી, સહૃદયતાથી બોલ્યો : 'પરમાર હું તારો વેરી નથી, દુશ્મન નથી, તારો મિત્ર છું, પ્રશંસક છું, નાનો ભાઈ છું. મારી ઉપર આમ અકારણ ક્રોધ કરવાથી તને કશો લાભ નહિ થાય.'

પરમારની જીભ બંધ થઈ. એનું મન જોરથી બન્ને બાજુના વિચાર પ્રવાહમાં વહી રહેલું હતું, એકે ય પ્રવાહ ઉપર એનો પોતાનો કાબૂ રહ્યો ન હતો.

શાસ્ત્રીએ ધીમેથી આગળ ચલાવ્યું : 'તારે એ પણ વિચારવું જોઈતું હતું કે, સરયૂનો આગ્રહ મોહજન્ય હતો. તેં શા માટે એક જ દિવસમાં જવાનું બંધ કર્યું તે હું જાણતો નથી, પણ તારી મુખમુદ્રા પરથી કલ્પી શકું છું કે, કંઈક અઘટિત બનાવ બન્યો છે.'

'વળી પાછો તું તારી હોશિયારી બતાવવા લાગ્યો કે !' પરમારે ભમ્મર ચડાવીને કહ્યું : 'મેં તને એકવાર કહ્યું નહીં કે કોઈને વિષે અનુમાન કરીએ, એમાં પાપ છે.'

'તો પછી સાથેસાથ શું બન્યું એ કહી દેને એટલે વાત ટૂંકી થાય.'

'તારે એ જાણવાની જરૂર નથી.' કહીને પરમાર ઊભો થયો, 'હમણાં હમણાં તને પારકી પંચાત બહુ ગમે છે. આમ મને પજવીશ તો મારે બીજી રૂમ શોધવી પડશે.'

'સારું ભાઈ. હવે નહિ બોલું. માફ કરો.' શાસ્ત્રીએ ખેદપૂર્વક માથું નીચું નમાવ્યું. એને આ બધાં અનિષ્ટનાં ચિહ્ન લાગતાં હતાં.

થોડીવાર વળી બન્ને વચ્ચે શાંત તારામૈત્રક રચાયું. શાસ્ત્રીએ છેલ્લું વાક્ય ઉચ્ચાર્યું : 'પરમાર, આ વખતે તમે તમારા બાપુને પૈસા મોકલી દીધા ?'

શાસ્ત્રી સામે પરમારે તીક્ષ્ણ નજર નાખી. એમાં ક્રોધ અને કાયરતા બન્ને હતાં.

'મેં તને એકવાર કહી દીધું શાસ્ત્રી, કે તારે મારી અંગત બાબતમાં માથું ન મારવું.' -

'પણ આ ક્યાં અંગત બાબત છે.' શાસ્ત્રી જાણી જોઈને આગળ બોલ્યો : 'હા. હું એમ પૂછું કે તેં આ વખતની રજાઓમાં રૂપાબેનને તારે ઘેર બોલાવ્યાં છે કે નહીં તો એ અંગત પ્રશ્ન ગણાય.'

'તારા જેવા છીછરા માણસ પાસે ઘરની વાતો કરવામાં મેં ગંભીર ભૂલ ખાધી છે એમ મને લાગે છે.'

'હવે એ ભૂલ સુધારી લેવી તારા હાથમાં નથી ?' શાસ્ત્રી પોતાના મૂળસ્વરૂપમાં આવીને બોલ્યો. 'જ્યાં સુધી હું તને મારો ભાઈ સમજું છું ત્યાં સુધી હાથમાં દીવો લઈને તને હું કૂવામાં પડવા દેવાનો નથી એ નક્કી માનજે.' પરમાર ખડખડ હસી પડયો : 'સાવ ગાંડો છો તું શાસ્ત્રી, શાનો દીવો ને શાનો કૂવો ? કેવી ગાંડી વાતો કરી રહ્યો છો તું ? તને એવો ભ્રમ પેઠો છે કે, સરયૂબેન અને મારી વચ્ચે ભવિષ્યમાં લગ્નસંબંધ બંધાવાનો છે ! અમારા બેમાંથી કોઈને સ્વપ્નેય એવો વિચાર આવ્યો નથી. મારે મન એ નાનીબેન સમાન છે. હા, એટલું ખરું કે સરયૂને મારા

પ્રત્યે માન છે, પ્રેમ છે. મારા વિના એ રહી શકતી નથી એટલો સ્નેહ છે, પણ એમ તો તને પોતાને ક્યાં મારા તરફ માન પ્રેમ સ્નેહ નથી ? આપણી દષ્ટિ કલુષિત હોય તેથી સામી વ્યક્તિને આપણે દોષિત નહીં માનવી જોઈએ શાસ્ત્રી.'

'જો પરમાર, ત્યારે હુંયે ખરી વાત કહી દઉં. તું તારા મનને છેતરી રહેલો છો. મને એની ખાતરી થઈ છે. તમારા અને સરયૂના મનમાં પરસ્પર પ્રેમભાવ છે તે લગ્નમાં પરિણમે તો તમે બન્ને જરૂર રાજી થાઓ એ વિષે મને શંકા નથી.'

'ફરી પાછા શાસ્ત્રી, તમે મર્યાદા છોડીને વાત કરવા લાગ્યા. તમને સહેજ વાત કરવાની તક મળે છે કે તરત તમે નીચા ઊતરી જાઓ છો. માટે જ મને તમારી સાથે વાત કરવાનું મન થતું નથી. આમ એકવાર નહીં અનેકવાર બન્યું છે. માટે સારો રસ્તો એ જ છે કે આપણે આ વિષે વાત જ ન કરીએ.'

શાસ્ત્રી કશું બોલ્યા વિના પરમાર સામે જોઈ રહ્યો, પણ શાસ્ત્રીની સામે મીટ માંડીને જોવાની પરમારની હિંમત ન ચાલી. એણે જમીન તરફ દષ્ટિ તાકી રાખી અને પોતે જાણે ગંભીર ચિંતનમાં મગ્ન બન્યો હોય તેમ નીચું જોઈ રહ્યો.

★

૨૨

'બેટા, આ એકવાર મારું આટલું વેણુ રાખ, તારા બાપુ રાહ જોઈ રહ્યા છે.' ગળગળા અવાજે સરયૂની બા બોલી.

સરયૂ ઘડીભર એમ ને એમ સામે જોઈને બેસી રહી. છેલ્લી ત્રણ રાતો એણે રડી રડીને કાઢી હતી. ઉજાગરાથી એની આંખો સૂજી ગઈ હતી. એ એકેય બાજુ નિર્ણય કરી શકતી ન હતી. શાંતિલાલ ઝવેરીએ નિર્ણય કરી લીધો હતો, અથવા નિર્ણયને અમલમાં મૂકયો હતો એમ કહીએ તો ય ચાલે. માત્ર વેવિશાળ નહીં લગ્ન પણ સાથે જ ઉકેલી મૂકવાનું તેમણે ઠરાવ્યું હતું, આવો નિર્ણય કરતાં તેમને પણ ઠીક ઠીક મથામણ થઈ હતી. લાડમાં ઊછરેલી એકની એક ઉંમરલાયક ભણેલી દીકરીને મરજી વિરુદ્ધ પરણાવવી એ કંઈ સહેલું કામ ન હતું. કેટલીકવાર તો તેઓ સાચે જ મૂંઝાઈ જતા પણ પોતે નજરે નિહાળેલો પ્રસંગ નજરે ચડતાં પોતાના કરેલા નિર્ણયમાં મક્કમ બની જતા.

સરયૂને માટે તો આ જીવનમરણનો પ્રશ્ન હતો. એક બાજુ વહાલસોયા પિતાની આંખમાં આંસુ જોતાં પાણી પાણી થઈ જતી માતા. બીજી બાજુ ઇચ્છા વિરુદ્ધ લગ્ન કરવામાં જોખમાતું સ્વમાન. એકવાર સરયૂ આ બાજુ ઢળતી તો બીજી જ ક્ષણે બીજી બાજુ. એ વિચારતી હતી: 'પરમાર તરફ મને સન્માન છે, પ્રેમ છે, એના વિના સૂનું લાગે છે એ બધું સાચું, પણ એની સાથે લગ્ન-જીવન જીવવાનો સ્પષ્ટ વિચાર હજી મેં કદી કરેલો નથી. હા, અનિલનું નામ આવતાં તેની સાથે પરમારની સરખામણી મારું મન કરે છે અને એ સરખામણીની પાછળ ગુપ્ત રીતે એજ વસ્તુ રહેલી છે, અને અનિલ સારી પેઠે ઊણો લાગે છે ત્યારે પરમાર તરફના ભાવ ઊભરાઈ જાય છે. એ બધા છતાં મેં કશો ચોક્કસ નિર્ણય કરેલો નથી.' સરયૂનું મન થોડી વિશ્રાંતિ લઈ ફરી વિચારે છે: 'પણ આ તો અનિલ છે, એની જગ્યાએ પરમાર પોતે હોત તો પણ, મારી સંમતિ વિનાની વ્યક્તિ સાથે લગ્ન કરવાની વાત સ્વીકારી જ કેમ શકાય?'

સરયૂની ઘડભાંજ ચાલી રહી છે. એક કલાક, બે કલાક, એક પહોર બે પહોર, ત્રણ પહોર, એક દિવસ, બે દિવસ, અઠવાડિયું. એમ દિવસો ઉપર દિવસો વીતી રહ્યા છે. કાળ ચાલ્યો જાય છે એમ કહેવું મિથ્યા છે. કાળ જેવી કોઈ વસ્તુ જ આ જગતમાં નથી. લાંબી સફરનો પ્રવાસી માર્ગના ટુકડા પાડે, ફર્લાંગ અને માઇલના પથરા માંડે, પછી ચાલતો જાય ને ગણતો જાય, એક ગાઉ, બે ગાઉ, ચાર ગાઉ, પણ એ પોતે ચાલ્યો જતો છતાં રસ્તો કપાતો નથી. રસ્તાને ફર્લાંગ કે માઇલના પથ્થર સાથે સંબંધ નથી, અથવા કહો કે પહોંચવાનું નિયત કરેલું સ્થળ માનવીએ પોતે જ પસંદ કરેલું છે. ત્યાં જવાનો માર્ગ અને માર્ગ ઉપરનાં માપ તેણે પોતે જ માંડેલાં છે. એ માર્ગ કે માપ સાથે પૃથ્વીને, સૃષ્ટિના માનવી

સિવાયના કોઈ જીવને એની સાથે સંબંધ નથી. તેવી જ રીતે જીવનના વિભાગ પાડી કાળની ગણતરી કરવા ઘડી, પહોર, દિવસ, માસ અને વરસોનાં માપ ઠરાવી માણસ મૃત્યુ તરફ ધસી રહ્યો છે. એની સાથે અન્ય કોઈ જીવસૃષ્ટિને સંબંધ નથી અથવા કહો કે એના પોતાના જીવને પણ એ માપની સાથે, એ કાળની ગણતરી સાથે કશી લેવાદેવા નથી. જીવ અનંત કાળથી શરીરો ધારણ કરતો સૃષ્ટિમાં ભમી રહેલો છે અને જુદા જુદા અનુભવો દ્વારા પોતાનો વિકાસ સાધી રહેલો છે. જગતના વ્યવહારથી પર થઈને, સહેજ અલગ થઈને જીવ વિચારવા લાગે છે તેવો જ આ ભ્રમ ભાંગી જાય છે અને કાળનો આભાસ કેવો ભ્રામક છે એનો ખ્યાલ એને આવે છે.

આધ્યાત્મિક ભાવોમાં વિહરવા લાગે ત્યારે તો જીવ આ જગતમાં કાળ–માપ વિસરી જાય એ સમજી શકાય તેવું છે. પણ પોતે ઇચ્છેલી કોઈ પણ વસ્તુ પાછળ મન એકાગ્ર બનતાં માણસ દુન્યવી કાળવિભાગોને વિસરી જાય છે. એ સર્વસામાન્ય અનુભવ છે. સવારની સાંજ ક્યાં પડી અને રાતનું સવાર ક્યાં પડ્યું તેનું એને ભાન રહેતું નથી.

સરયૂનું પણ એમ જ બન્યું. એ ખાતી હતી, પીતી હતી, હરતી ફરતી હતી પણ એનું મન કોઈ જુદી સૃષ્ટિમાં વિહરતું હતું. એને દિનદશાનું ભાન રહ્યું ન હતું.

એમ કરતાં ઠરાવેલો લગ્નદિવસ આવી પહોંચ્યો. સરયૂએ પરમારને મળવા અનેકવાર મનસૂબા કર્યા પણ એને મળીને ય શું? એને દુ:ખી કરવા સિવાય પોતે બીજું કશું કરી શકે તેમ ન હતી, એટલે એ વિચાર જ એણે પ્રયત્નપૂર્વક વારંવાર પાછો ઠેલ્યો.

અને પરમારે પણ એ માર્ગે કદી પગ વાળ્યા નહિ. મન એની જ ઝંખના કરતું હતું, છતાં એણે જોર કરીને એ વસ્તુનો વિચાર દૂર કરવા યુદ્ધ જારી રાખ્યું. શાસ્ત્રી એની મદદમાં હતો, જ્યારે સરયૂ એકલી હતી.

એમ કરતાં લગ્નદિન આવી પહોંચ્યો. પૂર્વ તૈયારીઓ થતી જતી હતી, તેમ તેમ સરયૂની મનોવેદના વધતી જતી હતી. એની બા તેને સમજાવતી હતી. 'સોહાગ'નું ચિત્રવસ્તુ એને નજરે તરતું હતું. 'ક્યાંક મારી સરયૂ પણ પેલી શૈવલિની જેવું કરશે તો ?' એ વિચાર આવતાં એ ગભરાઈ જતાં પણ પાછા વિચારતાં: 'ના, ના, મારી સરયૂ એવી ગાંડી નથી. અને ખડગબહાદુર ઉપર શૈલુનું મન લાગ્યું હતું. સરયૂને તો લગ્ન કરવાની ઇચ્છા જ નથી.'

સરયૂની બા સમજાવી રહી હતી: 'બેટા, આ એકવાર આટલું મારું મન રાખ, તારા બાપુ અને બધાં બહાર વાટ જોઈ રહ્યાં છે.'

સરયૂ ઘણીવારે બોલી: 'મેં તમને ના કહ્યું બા, કે મારો વિચાર હમણાં એ બંધનમાં પડવાનો નથી. મારે હજી આગળ અભ્યાસ વધારવો છે.'

'આગળ ભણવાની ક્યાં ના છે ? તારા બાપુ તો કહે છે કે પછી અનિલને અને સરયૂને બન્નેને અમેરિકા ભણવા મોકલવાં છે.'

છેલ્લા બે માસથી અનિલનું નામ દિવસમાં દસવાર સામે આવતું તેથી સરયૂને અનિલ તરફ જે થોડુંઘણું માન હતું તે પણ ઊડી ગયું. પણ એની દલીલો લૂલી હતી. મનમાં પણ કોઈ જાતનો અડગ નિશ્ચય ન હતો. મનની ડામાડોળ સ્થિતિ હતી. એ વખતે શાંતિલાલ આવ્યા.

'કેમ સરયૂ !'

સરયૂ પિતાની સામે ઝૂઝવા તત્પર થઇ. છેલ્લીવાર ભયંકર સંગ્રામ ખેલી લેવા એણે માથું ઊંચક્યું અને પિતાના આકરા શબ્દોની એ રાહ જોઈ રહી.

પણ શાંતિલાલ ઓરડામાં દાખલ થયા અને માદીકરીને જોયાં તેવા જ એકદમ નરમ પડી ગયા. સરયૂ નાની બાળાની પેઠે માના ખોળામાં માથું નાખીને પડી છે. માતા વહાલથી વાળ સરખા કરતી સમજાવી રહી છે. સરયૂની આંખમાં આંસુ સુકાઈ ગયાં છે. ઉજાગરાથી એની લાલ આંખો સૂજી ગઈ છે. સરયૂની આ દશા જોતાવેંત શાંતિલાલનું પ્રેમાળ હૈયું ભરાઈ આવ્યું. એમનો બધો રોષ ઓગળી ગયો. પિતાને આવતાં જોઈ માના ખોળામાં બેઠી થઈ ગયેલી સરયૂ આ ફેરફાર જોઈ શકી અને એનો લડવાનો જુસ્સો પણ નરમ પડી ગયો. શાંતિલાલ કશું બોલ્યા વિના સામે ઊભા રહ્યા. એકાએક એમની આંખમાંથી આંસુ ખર્યાં અને ગાલ ઉપર થઇને મોતી બિંદુઓ નીચે ખરવા લાગ્યાં. એક બાજુ એમનો આબરૂનો પ્રશ્ન હતો. જુવાન દીકરી પોતાની ઉંમર અને ફૂટતી જુવાનીમાં જોખમ સમજી શકતી નથી તેનો પ્રશ્ન હતો. બીજી બાજુ સરયૂ જેવી ડાહી, સુશિક્ષિત, લાડીલી દીકરીની આજની દશામાંથી ભવિષ્યમાં કંઇક અનિષ્ટ પરિણામ આવવાનો ભય હતો.

પોતે કરેલો નિશ્ચય સાચો હતો અને સરયૂ અબુધ હતી, એટલે અત્યાર સુધીની સઘળી તૈયારી તેમણે જોસભેર, સરયૂના વિરોધની પરવા કર્યા વિના પૂરી કરી હતી. પણ અત્યારે છેક છેલ્લી ઘડીએ એ નરમ પડી ગયા અને સરયૂને કાંડુ પકડીને ખેંચી જવા આવેલા તે ઊભા ઊભા આંસુ સારવા લાગ્યા. સરયૂ એને માટે તૈયાર નહતી. માતાનાં આંસુ એ જીરવી શક્તી હતી. પણ ભલભલાને ભુલાવે એવા એના પિતા આમ આંસુ સારે એ એને માટે અસહ્ય

હતું. પળવારમાં એનો વિરોધ અને સંકલ્પવિકલ્પ જાણે શમી ગયા. એકદમ એ ઊભી થઈ અને પોતાના રૂમાલથી પિતાના આંસુ લૂછતી બોલી: 'મને માફ કરો બાપુ, તમે કહો તેમ કરવા હું તૈયાર છું. એક પણ આંસુ હવે પાડો તો તમને મારા સૂમ છે.'

શાંતિલાલે સરયૂને છાતીએ ચાંપી અને એના માથા ઉપર આંસુની ધાર વહી રહી.

સરયૂની બા આ અદ્દભુત દશ્ય જોઈ રહી.

બહાર મીઠી શરણાઈઓ વાગી રહી હતી.

★

૨૩

સંસારસાગરમાં જીવનની નૌકામાં સાથે સફર કરવા નીકળેલા બે પ્રવાસીઓ એકમેકની સામે જોઇને બેસી રહેતાં હતાં. એમાંથી કોઈ કશું બોલતું ન હતું.

અનિલ સંસ્કારી માબાપનો સુશિક્ષિત અને સમજુ પુત્ર હતો. સરયૂ આબરૂદાર માબાપની લાડકોડમાં ઉછરેલી સુશિક્ષિત અને ડાહી દીકરી હતી.

અનિલે લગ્ન પહેલાં સાંભળ્યું હતું. ' સરયૂ પોતે લગ્નની વિરુદ્ધ છે.' આ સમાચાર સાંભળતાં વેંત એણે શાંતિલાલની મુલાકાત લીધી હતી. પણ શાંતિલાલે તેને સમજણ પાડી: ' એનો વિચાર આગળ ભણવાનો છે, એટલે લગ્ન પછી તમે બન્ને અમેરિકા જાઓ, એવી ગોઠવણ મેં કરી છે.' આટલા જવાબથી અનિલને સમાધાન થયું હતું. પણ પ્રથમ રાત્રિએ, જે રાત્રિ લગ્નજીવનનાં ભાવી સુખદુઃખની આગાહી કરનાર ભવિષ્યવેત્તા જેવી ગણાય છે એવી એ સોહાગણ રાતે અનિલ તરત જ કળી શક્યો કે સરયૂ હસે છે, બોલે છે, ભાવ પ્રદર્શિત કરે છે તેમાં કૃત્રિમતા છે, અને માત્ર કૃત્રિમતા જ નહિ

પણ અભાવો છે. એનું મન કોઇ અન્ય વ્યક્તિ પ્રત્યે લાગેલું છે. અને ત્યારે એને સખ્ત આંચકો લાગ્યો. સમુદ્રમાં લાંબી સફર માટે તરતું મૂકેલું વહાણ હજી કિનારો છોડીને પહેલી મજલ કરતું હતું, ત્યાં જ એને મોટો જબરદસ્ત હિમ ખડક અથડાયો અને તેમાં જાણે ભયંકર ગાબડું પડયાની એને શંકા ગઈ.

'આમ હતું તો તારે મને જણાવી દેવું જોઈતું હતું.' અનિલના અવાજમાં રોષ અને દર્દ બન્ને હતાં.

સરયૂ અવાક બની સામે જોઇ રહી. અનિલે આગળ કહ્યું: 'આ રીતે તારા જેવી સુશિક્ષિત યુવતી પોતાની અને બીજી વ્યક્તિની જિંદગી વેડફી નાંખવાની સ્થિતિમાં મુકાય એનું મને સખેદાશ્ચર્ય થાય છે!'

'મને માફ કરો. અનિલકુમાર!' સરયૂ બોલી: 'મારી એ નબળાઈ હું કબૂલ કરું છું અને તમને એના ભોગ બનવું પડયું તેનું મને દુ:ખ છે.'

અનિલ સરયૂની સામે ઘડીભર જોઇ રહ્યો. એના ચહેરા પર દુ:ખ હતું, આંખમાં દુ:ખનાં પ્રતિબિંબ જેવાં આંસુ હતાં.

અનિલ થોડીવારે બોલ્યો: 'સરયૂ, તું પોતે જ વિચાર કર. મારા મનમાં લગ્નજીવનનાં સ્વપ્નો તારા આવા વલણથી પળવારમાં ઊડી જતાં જાણી મને કેટલું દુ:ખ થતું હશે?'

'એ હું સારી રીતે સમજી શકું છું. માટે જ કહું છું, મને માફ કરો.'

અનિલે થોડીવારે બીજો પ્રશ્ન કર્યો: 'મને ખબર તો હતી કે તારી ઇચ્છા લગ્નજીવનમાં પડવાની નથી પણ એ તો આગળ ભણવાના ઇરાદાથી. તારા મનમાં અન્ય વ્યક્તિ વસી છે એનો મને

સ્વપ્નેય ખ્યાલ નહોતો. નહિતર હું પોતે જ આ વસ્તુનો વિરોધ કરત.'

સરયૂનું હૈયું વિચારો ને મૂંઝવણથી ભરેલું હતું, પણ શબ્દો બહાર નીકળી શકતા ન હતા. અનિલને જીવનના સુકોમળ સમયે આટલો નિષ્ઠુર આઘાત આપ્યાનો એને પસ્તાવો થતો હતો, પણ એ પશ્ચાત્તાપ વ્યક્ત કરવાની પણ ભાષા એની જીભે ચડતી ન હતી.

અનિલ આગળ બોલ્યો: 'ગમે તેવો તો પણ હું એક પુરુષ છું. તારી સાથે લગ્નજીવનથી જોડાયો છું. તારા હૃદયમાં જો મારે માટે સ્થાન ન હોય તો આપણું જીવન સુખી થઈ જ ન શકે, એ કરતાં તો આપણે અત્યારથી જ ચેતી જવું સારું.'

આટલાં વાક્યો પણ અનિલ મહામુસીબતે બોલ્યો. અભ્યાસ-કાળ દરમિયાન સરયૂ પ્રત્યે એ પોતે સારી પેઠે આકર્ષાયો હતો. સરયૂ માટે એના સહાધ્યાયીઓને ખૂબ માન હતું. સરયૂની બુદ્ધિ, રૂપ અને તેજસ્વિતાથી અનેક યુવકોની એ માનીતી થઈ પડી હતી. અનિલ પોતે એથી પોતાની જાતને મહાભાગ્યશાળી માનતો. પણ સરયૂના દિલમાં કોઈ અન્ય યુવક વસેલો છે એની શંકા જતાં જ એની સર્વ સોહાગીસૃષ્ટિ પ્રથમ તડાકે જ તૂટી પડી અને એનો આઘાત અસહ્ય થઈ પડ્યો.

સરયૂના હૃદયમાં એના પ્રત્યાઘાત પડતા હતા. એ કશું બોલી શકતી ન હતી તેથી તો એની વ્યથા બેવડી બની હતી.

આખરે એ બોલી: 'અનિલકુમાર તમારા દુઃખની કલ્પના હું કરી શકું છું. માબાપના દુભાતા દિલ જોઈ ન શકવાથી મેં આ અણગમતું પગલું ભર્યું છે, છતાં એકવાર પગલું ભર્યું છે તો હવે

પાછી પાની નહિ કરું. હું પણ આબરૂદાર બાપની દીકરી છું. તમારે માટે મારા મનમાં મૂળથી જ માન અને પ્રેમ તો છે જ. એટલે ધીમે ધીમે મનને વાળી લઈશ.'

અનિલ ધીરજથી સાંભળી રહ્યો. સરયૂનું દર્દ સમજી શક્યો. એનો રોષ ઓસરી ગયો. એ વખતે કશી વધારે ચર્ચા ન કરતાં એ જઈને પલંગમાં પડ્યો ને માથે ઓઢીને સૂઈ ગયો.

સરયૂ મોડી રાત સુધી જાગતી બેઠી રહી. એની ઊંઘ ઊડી ગઈ હતી.

卐

૨૪

આબુ પહાડની ઊંચી ટેકરી પર, પંખીના માળા જેવો એક સુંદર બંગલો હતો. નખી સરોવર અને આબુ કૅમ્પનો રમણીય દેખાવ એ બંગલાવાસીઓનાં મન હરતો હતો. ગમે તેવા મુંઝના મનને આહ્લાદ આપે તેવાં મનોરમ દશ્યો સામે પથરાયાં હતાં. પરંતુ એ બંગલામાં બે માસથી આવેલ એક દમ્પતીના મનને એ દેખાવો બહલાવી શકતા ન હતા. પુરુષ રસિક હતો. પત્ની પ્રત્યે વફાદાર હતો. શ્રીમંત અને સંસ્કારી હતો. સ્ત્રી રસિક હતી. પતિ પ્રત્યે પૂર્ણ વફાદાર રહેવા મથતી હતી. શ્રીમંત અને સંસ્કારી હતી. બન્ને સુશિક્ષિત અને કુદરતનાં આશક હતાં. બન્ને પોતાના મિત્રમંડળમાં આનંદી તરીકે પંકાતાં હતા. છતાં આબુ પર્વતની અનુપમ શોભા તેમનાં દિલ જીતી શકતી ન હતી. પતિના પ્રયાસો પત્નીને રીઝવવાના હતા. પત્નીના પ્રયત્નો પોતાના મનને મનાવવાના હતા, પણ એ બેકાર બની હતી, એનું હૈયું કોઈ ચપળ માછલીની માફક હાથમાં આવી આવીને સરકી જતું હતું.

એ હતાં, અનિલ અને સરયૂ. બે માસથી તેઓ આબુના પ્રવાસે આવ્યાં હતાં. સરયૂનું મન પરમાર તરફથી પાછું વળતું ન હતું. અને અનિલ એ વાત જાણતો છતાં એના પ્રયાસને ધીરજથી જોઈ રહ્યો હતો.

આબુ આવ્યે બે માસ થયા. સરયૂ ન્હાતી, ધોતી, ખાતી, ખવરાવતી, પાને રમતી, ફરવા નીકળતી. અનિલને રાજી રાખવા નવા નવા નુસખા કાઢી હસતી હસાવતી, પણ એમાં રહેલી કૃત્રિમતા અનિલને સાલતી હતી. અનિલને માટે એ વસ્તુ દિનપ્રતિદિન અસહ્ય બનતી જતી હતી. આખરે એક દિવસ એની ધીરજ ખૂટવાની ઘડી આવી પહોંચી. મહામહેનતે એણે મન પર કાબુ રાખ્યો. રાત વીતી સવાર પડયું. અનિલ સ્વસ્થ બન્યો. ફરી એકવાર એણે સર્વશક્તિ એકઠી કરી એણે છેલ્લો પ્રયત્ન કર્યો. એને મન આ એક પ્રયોગ હતો. જાનને જોખમે ચાલતો ગંભીર પ્રયોગ હતો.

નખી સરોવરના કિનારા પર આવેલી દેરી પર બન્ને બેઠાં હતાં, ચંદ્ર આકાશમાં સ્થિર થઇ ગયો હતો, ચાંદની પાણીમાં પ્રતિબિંબિત થઇ નાચતી હતી. સરયૂ વિમનસ્ક બેઠી હતી. અનિલ એની સામે જોઈ રહ્યો. આવે પ્રસંગે નવપરિણીત પત્ની તરફથી નવપરિણીત પતિ જે ભાવની આશા રાખે તેવા ભાવો અનિલના હૈયામાં ભર્યા હતા. એ ભાવોર્મિને એણે મહામુસીબતે શમાવી. ગળું ઠીક કર્યું અને એ બોલ્યો : ' સરયૂ. '

ચમકી ગઈ હોય તેમ સરયૂ વિચાર સાગરમાંથી જાગી. એનાં મનશ્ચક્ષુ સમક્ષ પરમારની રમ્યમૂર્તિ હતી તે ખસી ગઇ. પોતાની વાસ્તવિક સ્થિતિનું એને ભાન થયું. સ્વસ્થ બનીને એ બોલી:

'કેમ અનૂ?' અને એની આંખમાં અનિલના પરિતાપનો પડઘો દેખાયો.

'મેં એક નિર્ણય કર્યો છે.' અનિલે વાત જાહેર કરી.

'શો?'

'પરમારને તાર કરીને અહીં બોલાવવાનો!' વજ્રઘાત થયો હોય તેમ મનમાં સરયૂ ભડકીને બોલી: 'એને અહીં શા માટે?'

'મારો જૂનો દોસ્ત છે તે થોડા દહાડા લહેર કરવા ભલે આવે.'

સરયૂ બધી વાત સમજતી હતી. એણે વાત ફેરવવા કહ્યું: 'એ તો હવે પોતાને ગામ ચાલ્યા ગયા હશે અને કદાચ નોકરીએ પણ લાગી ગયા હશે.'

'જ્યાં હશે ત્યાંથી બોલાવી મંગાવીશ.'

'પણ એમને અહીં શા માટે બોલાવવા?'

સરયૂ એનું એ વાક્ય બોલી અને પછી અનિલ સામે જોઈ રહી.

'શા માટે એ અત્યારે તને નહીં સમજાય.' અનિલ બોલ્યો. એના અવાજમાં અને આંખમાં કોઈ દૈવી તેજ ચમકી રહ્યું હતું. એનો ચહેરો હસતો હતો. એ હાસ્યમાં અપાર વેદના ભરી હતી. છતાં એ હાસ્ય નિખાલસ અને પવિત્ર હતું. અનિલે વાક્ય પૂરું કર્યું, 'એ આવશે ત્યારે જ સમજણ પડશે. એ આવે તો તને ગમે કે નહિ?'

'મને શા માટે ન ગમે? પણ એમની અહીં જરૂર નથી. અને એ આવે પણ નહીં.' સરયૂ બોલતી રહી.

અનિલ એનો વિચારો ઉપરનો કાબુ સરી જશે એ ભયે ઊભો થયો. 'લ્યો ચાલો સરૂ! બહુ મોડું થયું.'

'પણ તમે કહો છો ને કે પરમાર આવવાના છે?' સરયૂ આંખો ફાડીને અનિલ સામે જોઈ રહી. એ દૃષ્ટિમાં ઉત્સુકતા અને ભીરુતા બન્ને હતાં. મનની અસ્થિરતા આંખમાં ક્યાંય કળાતી ન હતી. અનિલ સરયૂની મનોદશા જોઈને ભારે વ્યથા અનુભવતો હતો અને એ વ્યથામાંથી વહેલી તકે એ મુક્ત થાય એને માટે ગમે તે કરવા તત્પર હતો.

એણે આજે કરેલો નિર્ણય એની સંસ્કારિતાને જેમ આપે તેવો હતો. એની ખાનદાની, ઔદાર્ય અને શિક્ષિતપણાને એ નિર્ણય અનુરૂપ હતો. એના દાદાએ એક દેવાળું કાઢવાની અણી પર આવેલાં તદ્દન અજાણ્યા માણસને અણીને વખતે પચાસ હજાર રૂપિયા ખાનગી ખૂણે આપીને એની આબરૂ સાચવી હતી એ પ્રસંગ અનિલને યાદ આવ્યો. એના પિતાએ એક વિધવાને બાળહત્યા કરતી અટકાવીને પોતાની દીકરીની જેમ કુટુંબમાં સમાવી લીધી હતી એ વસ્તુ એને યાદ આવી અને એ પોતાના નિશ્ચયમાં દૃઢ બન્યો. લગ્નને દિવસે સરયૂનો હાથ મેળવીને પોતાની જાતને બડભાગી માનેલી તે ઘડીએ જે ધન્યતા અનુભવેલી તે કરતાં આજે એણે અનેકગણી વિશેષ ધન્યતા અનુભવી. અને એ પોતાને ઉતારે આવી પથારીમાં પડ્યો, ને પડ્યો તેવો જ ઘસઘસાટ ઊંઘી ગયો.

★

૨૫

સરયૂના લગ્નના સમાચાર શાસ્ત્રીએ જે દિવસે પરમારને આપ્યા તે દિવસે સાંજે એણે વાળુ ન કર્યું. બીજે દિવસે સવારે ઉજાગરાને લીધે એનું માથું ભારે હતું. પરમારને કડવાં વેણ સંભળાવનાર શાસ્ત્રી એની વ્યથા સમજી શકતો હતો પણ દૂર કરી શકતો ન હતો. દિલમાં સહાનુભૂતિ ભરેલી છતાં તેને ક્રિયામાં ઉતારવી કઠણ હતી. એ મનમાં બબડ્યો, 'દુ:ખનું ઓસડ દહાડાં. થોડા દિવસ પછી ભૂલી જશે.'

અને જૂના જમાનાની એ કહેવત ખરી પડી. શાસ્ત્રીની હૂંફથી પોતાના ઓછાબોલા અને એકાંતિક સ્વભાવથી પરમારે સ્વસ્થતા પ્રાપ્ત કરી હોય એમ જણાયું. કૉલેજમાં જતો, રાતે વાંચતો, સવારે વહેલો ઊઠી ફરવા જતો, એટંક નામનું જમતો, જરૂર પૂરતું જ બોલતો, મિત્રો સાથે ઓછો ભળતો છતાં, તેની અત્યારની અસ્વાભાવિક સ્થિતિ સહાધ્યાયીઓ અને મિત્રો કળી ગયા હતા. કેટલાકે એનું ખરું કારણ પણ શોધી કાઢ્યું હતું. પરમારને પોતાને સ્વપ્ને ય ખ્યાલ નહોતો કે, પોતે આટલા ઊંડા પાણીમાં ઊતર્યો

છે. સરયૂ ગહરા જળમાં ગોથાં ખાય છે એમ એ જાણતો હતો, પણ પોતે કાંઠે ઊભો જુએ છે એમ એની માન્યતા હતી. પણ જ્યારે બહાર નીકળવાનો વખત આવ્યો અને બહાર નીકળવું એને માટે ભારે થઈ પડયું, ત્યારે પોતે સરયૂ જેટલા જ ઊંડા ધરામાં અટવાયો છે એને સમજાયું કે જોર કરીને એ એમાંથી નીકળવા મથતો હતો. જાળમાં સપડાયેલા મોટા મચ્છની પેઠે એ જોર કરી રહ્યો હતો પણ, માયાની જાળ પ્રબળ હતી લોટની ગોળી ગળવાના લોભે એમાં સપડાયેલું કોઈ પણ માછલું ભાગ્યે જ છૂટી શકતું. ઘણુંખરાં તો એ ગોળી ખાતાં ખાતાં જ પોતે વિશાળ જળમાં વિહરે છે કે જાળમાં સપડાયાં છે એનો ખ્યાલ કર્યા વિનાં જ મૃત્યુ પામતાં.

પરમાર હતું તેટલું જોર અજમાવી રહ્યો હતો. એને પોતાની પામરતાનું ભાન થયું. પોતાની ભૂલ સમજાઈ. એમાંથી છૂટવાનો એક જ માર્ગ હતો પણ, એ માર્ગ લેતાં એનું મન માનતું ન હતું. એ વિચારે ચડી જતો, 'ક્યાં સરયૂ અને ક્યાં રૂપા ?' ક્યાં એક સુશિક્ષિત, સંસ્કારી, રસિક યુવતી અને ક્યાં એક અભણ, અજડ, ગામડાનું ભોથું. એને જિંદગી હારી જવા જેવું લાગ્યું.

એમ કરતાં પંદરેક દિવસ વીત્યા. ઘેરથી એના પિતાનો પત્ર આવ્યો. એમાં એની એ જૂની વાતો લખી હતી, 'હવે ભણતર ક્યારે પૂરું થશે બેટા ? મેહની રાહ જોતાં ચાતક બેસી રહે એમ અમે તારી વાટ જોઈને બેઠાં છીએ. તારી માને હમણાં ટાઢીઓ તાવ વળગ્યો છે તે સાવ હાડચામ છે અને તારી રૂપીને તેડાવી છે...'

ડૂબતો તરણું ઝાલીને ય બહાર નીકળવાની આશા સેવે તો પરમારને નાવ મળ્યું એ કેમ છોડે. એણે વળતો જવાબ લખ્યો. 'હવે પાંચ પંદર દિવસ પછી પરીક્ષા છે. પરીક્ષા આપીને તરત આવી પહોંચું છું. આટલાં વરસ કાઢેલાં એમ થોડા દિવસ ખેંચી કાઢજો.' કાગળ વાંચીને ભીમાનો જીવ કોળ્યો. મરવા વાંકે જીવતી ગોવિંદની માને બત્રીસ કોઠે જાણે દીવા થયા અને ભીમો પડે

જઈને રૂપીના બાપને આંગણે ઊભો રહ્યો ત્યારે રૂપી જાણે નવે અવતાર આવી.

પરીક્ષા આપીને વળતે જ દિવસે પરમારે દ્વારકાની વાટ લીધી. શાસ્ત્રી સ્ટેશને વળાવવા ગયો. બન્ને મિત્રો ભેટયા. શાસ્ત્રીની આંખમાં હરખનાં આંસુ ઊભરાયાં. એ કશું બોલી ન શકયો. પરમારે ભારે હૈયે રજા લેતાં કહ્યું : 'શાસ્ત્રી, તું એ બાજુ જા તો કોઈવાર સરયૂબેનના સમાચાર લખજે. મેં એને દુઃખી કરી છે !'

'પરમાર,' શાસ્ત્રી બોલ્યો, 'તારે હવે એ વાત ભૂલી જવી જોઈએ, તો જ તું સુખી થઈશ, અને...'શાસ્ત્રી સહેજ અટકયો. પછી વાકય પૂરું કર્યું : 'અને મારાં રૂપાભાભીને સુખી કરી શકીશ.' ગાડી પરમારને લઈને ચાલી નીકળી.

ગોવિંદને ચરકલાના વાસમાંથી અમદાવાદની કૉલેજ સુધી પહોંચાડનાર, ધૂળ ચૂંથતા ગોવિંદને એલ. એલ. બી. બનાવનાર દાક્તરને સમાચાર મળ્યા કે જી. બી. પરમાર પહેલા વર્ગમાં માન સાથે ઉત્તીર્ણ થયો છે ત્યારે તેમણે ઘેર ઉત્સવ કર્યો અને જાતે વડોદરા જઈને, દ્વારકાના મુનસફની જગ્યાએ તેની નિમણૂક કરાવી આપી. તે દિવસે દાક્તરને જીવનની કૃતાર્થતા લાગી.

પરમાર, આપણો જી. બી. પરમાર દ્વારકાનો મુનસફ બન્યો. ઓખામંડળના ન્યાયાસન પર એ બિરાજ્યો. ભીમાને અને રૂપીના બાપાને માટે તે દિવસ સોનાનો હતો. રૂપીની મા અને સાસુ, બેન અને નણંદ જે મળ્યું તેને એક જ વાત કરતાં હતાં, 'અમારો ગોવિંદો દ્વારકાનો માજિસ્ટર થયો.'

દરિયા કિનારે આવેલા એક સ્વચ્છ સુંદર બેઠાઘાટના સરકારી બંગલામાં એ પોતાના કુટુંબ સાથે રહેવા લાગ્યો. ઘડીભર એને સરયૂની યાદ વિસારે પડી.

એ વાતને બે માસ વીત્યા, પરમાર સાહેબ ટેનિસ રમીને

ઘેર આવ્યા ત્યાં ટપાલના પટાવાળાએ અરજંટ તાર હાથમાં મૂકયો. ‘સરયૂ ગંભીર છે, તરત આવો. ખબર આપો ‘તપોવન’ આબુ અનિલ.’

પરમારનો શ્વાસ ઊંચે ચડયો. એણે બે ત્રણવાર તાર વાંચ્યો. હમણાં હમણાં એને જીવનમાં કશો રસ જણાતો ન હતો. સરયૂ જેવી સંસ્કારી જીવન સંગિની મળી હોત તો પોતે કેવો સુખી હોત એવા વિચારે એ દુઃખી થઈ જતો હતો. દ્વારકાથી પોરબંદર સુધીના હરિજનો જેના સુખને સ્વર્ગસુખ માનતા હતા એ ગોવિંદ પોતે અત્યંત દુઃખી દિલગીર અને નારાજ રહેતો હતો. એને સંસારમાં કશો ખાસ સ્વાદ જણાતો ન હતો.

એવામાં અનિલનો તાર મળ્યો. રાતોરાત એણે તૈયારી કરી. રૂપાએ બીતાં બીતાં પૂછ્યું : ‘ કયે ગામ જાવ છો ? હું હારે આવું ?’ ‘ તારાથી ત્યાં ન અવાય : હું પાછો ચારપાંચ દિવસમાં આવતો રહીશ.’

વહેલી સવારની ગાડીમાં પરમાર આબુ જવા રવાના થયો. અને જામનગરથી પોતે નીકળી ચૂકયાનો તાર અનિલને આપી દીધો.

દોઢ દિવસનો રસ્તો પરમારને દોઢ વરસ જેવો થઈ પડયો.

આખરે એ ‘ તપોવન ’ ને દરવાજે આવી પહોંચ્યો.

★

૨૬

આખી ચડ્ડી, સફેદ ખમીસ, રાખોડી રંગનો કેડ કોટ, માથે હેટ, હાથમાં ચામડાની નાની હાથપેટી, મોટરમાંથી પરમાર ઊતરીને ‘તપોવન’ તરફ ચાલ્યો. મોટરના ઠેકા ઉપર કોઈ આવશે એવી તેણે આશા રાખી હતી. ‘સરયૂ વધારે માંદી હશે.’ એમ ધારી પરમારે મન વાળ્યું અને વધારે ચિંતાતુર બની, રસ્તો પૂછતો પૂછતો ‘તપોવન’ને દરવાજે આવી પહોંચ્યો.

ચોમેર પૂરબહારમાં ખીલી રહેલી કુદરત તરફ એનું બિલકુલ ધ્યાન ન હતું. એનાં મનશ્ચક્ષુ સામે પથારીમાં છેલ્લાશ્વાસ ઘૂંટતી સરયૂનો ચહેરો હતો. ‘મને જોઈને એનો કરમાયેલો ચહેરો ખીલી ઊઠશે.’ પરમાર મનમાં ઘોડા ઘડી રહ્યો હતો. ‘કદાચ મારી હાજરીથી સાજી પણ થઈ જાય!’ આવી અમરઆશાની વેલીઓ ગૂંથતો પરમાર ‘તપોવન’ને દરવાજે આવીને ઊભો રહ્યો તે જ વખતે પગથિયા પરથી ‘હેલો મિ. પરમાર.’ કહેતો અનિલ ઉતાવળો નીચે ઊતરી આવ્યો અને એની પાછળ સરયૂ પતંગિયાની માફક કૂદતી, ભયંકર કહી શકાય એવું અટ્ટહાસ્ય હસતી દોડી આવી અને પરમાર એને નમસ્કાર કરવા જાય તે પહેલાં એના બન્ને હાથ જોરથી પોતાના હાથમાં પકડીને ફરી પાછી ખડખડાટ હસી પડી.

અનિલ સામે જોઈ એ બોલી ઊઠી: 'તમે જીત્યા ચંદ્ર, હું હારી.'

"ચાલો બહુ સારું થયું તમે આવી ગયા.' અનિલ પરમારનો હાથ પકડી અંદર લઈ ગયો.

પરમાર આશ્ચર્યચકિત થઈને જોઈ રહ્યો. જેને મરણપથારીએ મળવાની કલ્પના કરી રાખેલી એ તો દોડતી હસતી સામે આવીને ભેટી! અને અનિલ પણ ઠંડે કલેજે 'આવી ગયા તે સારું કર્યું.' એટલું જ બોલીને ચૂપ રહ્યો. એથી પરમારને નવાઈ લાગી. ઉપર દીવાનખાનામાં જઈને સોફા ઉપર ત્રણે જણ બેઠાં.

'કેમ ક્યારે નીકળેલા?' અનિલે પૂછ્યું.

'ગઈકાલે વહેલો પરોઢિયે.'

'ત્યારે તો પૂરી બે રાતનો ઉજાગરો ને થાક હશે. ચાલો, ગરમ પાણી તૈયાર છે. નાહી લ્યો એટલે જમી લઈએ.'

'મને એવી ખાસ ભૂખ નથી.'

પરમાર વારંવાર સરયૂ સામે જોતો હતો. સરયૂ એકીટશે પરમાર સામે તાકી રહી હતી. એને આ બધું સ્વપ્ન જેવું લાગતું હતું. એ બ્હાવરાની માફક ફાટી આંખે પરમાર સામે જોઈ રહી હતી. જાણે એને હજી પરમાર આપણા પોતાના નિવાસમાં આવ્યો છે. અને સામે બેસી વાત કરી રહ્યા છે એ ખરું લાગતું ન હતું.

અનિલ સરયૂની મનઃસ્થિતિ સમજી ગયો. અતિ હર્ષ અને અતિ શોક બન્ને સિક્કાની બે બાજુ જેવાં સરખાં જ છે, બન્નેની અસર માનવીના આંતર મન ઉપર સરખી જ અસર કરે છે. તેમાં ય માંદા મનને તો એવી અતિહર્ષની તાણ વિશેષ લાગે. સરયૂની લગામ હાથથી છટકી જશે એવા ભયથી અનિલે કહ્યું: 'સરયૂ, જાઓ જમવાના ટેબલ પર તૈયારી કરાવો. પરમાર હમણાં જ નાહીને આવે છે.'

'આપણે આજે સાથે જ જમવાનાં કે?' સરયૂ બબડી. 'તો તો બહુ મજા પડશે.' કહીને નાની છોડીની પેઠે તાળી પાડી સરયૂ ઊભી થઈ અને નાચતી હોય તેમ રસોડા તરફ દોડી ગઈ.

શરીર પરથી કશું દર્દ ન જણાતાં પરમાર વિમાસી રહ્યો હતો. એને પ્રથમ તો લાગેલું કે, મને અનિલે છેતરીને કોઈ ભળતા જ કારણસર બોલાવ્યો છે. પણ જેમ જેમ એ સરયૂના હાવભાવ, ચહેરો, હસવું, અસંબંધ બોલવું–જોવા પામ્યો ત્યારે એને કાળજું કાપી નાંખે એવો કટારનો કારમો ઘા પડે તેમ સાચી વસ્તુસ્થિતિનું ભાન થયું. 'શું સરયૂ મગજ ઉપરનો કાબૂ ગુમાવી બેઠી છે?' એને અનિલને પૂછવાનું મન થયું. પૂછ્યા પહેલાં જ અનિલ સમજી ગયો હતો.

સરયૂના ગયા પછી તરત અનિલે ખુલાસો કર્યો: 'છેલ્લા બે મહિનાથી હું અહીં છું. લગ્ન પછી એકાદ મહિના સુધી લગભગ હંમેશના સરયૂએ ઉજાગરા કર્યા. લગ્ન પછી કોઈની સાથે કશી વાતચીત ન કરી. અરે ધીમેધીમે ઘરકામમાં કે દોસ્તમિત્રો અને વડીલો સાથેની વાતચીતમાં પણ કશું ઠેકાણું રહ્યું નહિ. આથી મને ભારે ચિંતા થઈ. કુટુંબમાં એનું સ્વાસ્થ્ય નહિ સુધરે, ઊલટું બગડશે એમ ધારી અમે અહીં આવ્યાં. બે માસથી આ બંગલો ભાડે રાખી રહ્યાં છીએ.'

દરદ શાથી થયું અને કેટલે સુધી આગળ વધ્યું છે એ વિગતો પૂછવાનું પરમારને મન થયું, પણ એ આ સમાચારથી એટલો બધો અંદરથી ધ્રૂજી રહ્યો હતો કે, એક પણ પ્રશ્ન પૂછ્યા વિના એ પોતાનાં કપડાં લઈ નાહવાની ઓરડી તરફ ચાલ્યો ગયો.

અનિલ એની મનોવ્યથા કળી ગયો. મનમાં એને થયું 'સાચે જ, પરમારને પણ સરયૂ ઉપર અત્યારે અનુરાગ છે. મને આવી ખબર જ નહિ, ચાલો પણ જાગ્યા ત્યાંથી સવાર. એને બોલાવી લીધો એ સારું કર્યું. ઘીને ઘડે ઘી રહેશે.' ધીમે પગલે એ જમવાના ઓરડા તરફ ચાલ્યો.

જુએ તો સરયું પોતે જ ટેબલ પર થાળી વાડકા ગોઠવી રહી છે અને ધીમે સાદે ગાઇ રહી છે:

'આજની ઘડી રળિયામણી,
મારો વહાલો આવ્યાની વધામણી હોજી-રે-
આજની ઘડી રળિયામણી.'

અનિલને આવતો જોઇને એ બોલી ઊઠી : 'જુઓ અનિલચંદ્ર આ બાજુ તમારે બેસવાનું છે. અહીં ગોવિંદભાઇ બેસશે.'

'અને તમે ?'

'હું પીરસીશ.'

'આપણે જમતાં જમતાં પીરસશું. મહારાજને કહી દે વસ્તુઓ લાવીને વચ્ચે ગોઠવી દે.'

'ઠીક તો એમ કરશું.'

'ચંદ્ર.' સરયૂ પરમારની થાળી પોતાની સાડીના છેડાથી સાફ કરતાં બોલી: 'તમે ગોવિંદભાઈને તારમાં શું લખેલું ?'

અનિલે જોયું કે બાજુમાં સફેદ હાથ રૂમાલ પડયો છે છતાં સરયૂ સાડીથી વાસણ સાફ કરી રહી છે. એ જુદા જ વિચારમાં હતો: છતાં સરયૂના પ્રશ્નનો જવાબ આપ્યો. 'સરયુ ગંભીર છે, તરત આવો.'

'વાહ તમે પણ ખરા. સામા માણસને કેટલી ચિંતા થાય, એ કેટલા કોમળ હૃદયના છે તેની તમને ખબર નથી.'

'મને ખબર હતી માટે તો બોલાવ્યા.'

'પણ એ કહે છે મને રજા નથી. આવતી કાલે પાછાં જવું પડશે.'

'એ ભલેને કહે. આપણે એમને રોકશું.' સરયૂ રાજી થઇને રસોડામાં ગઈ. મહારાજને ધીમેથી બધું સમજાવવા લાગી. અનિલે જોયું અને અચરજ અનુભવ્યું, રોજ મહારાજ સાથે વાતચીતમાં ચિડાઇને લડી પડતી સરયૂ આજે એકદમ આટલી બધી ડાહી કેમ થઈ ગઈ! 'માણસના મનની રચના કેવી અદ્ભુત અને અગમ્ય છે!' અનિલ વિચારે ચડયો. પરમારનાં પગલાં સાંભળી એ જાગ્યો. અને બોલ્યો:

'આવો પરમાર, સામેની જગ્યા તમારે માટે ખાસ અનામત રાખવામાં આવી છે.' પરમારે ટેબલ પર નજર ફેંકી.

મહિનાઓ સુધી જે રંગબેરંગી ફૂલોની ફૂલદાની એણે સરયૂના અભ્યાસખંડમાં જોયેલી તેવી જ ફૂલદાની સફેદ ટેબલ પર હસી રહી હતી. ચાંદીના ચમકતા થાળ ઝગમગી રહ્યા હતા. સરયૂએ પરમારને ગમતો પેલો કાઠિયાવાડી આભલાંવાળો ચણિયો અને સાલ્લો પહેર્યાં હતાં. પરમાર પોતાના મન સાથે વાતો કરી રહ્યો હતો. 'શું ત્યારે મને વૈદ તરીકે અનિલે બોલાવ્યો હશે? મારાથી એનું દરદ સમજી શકાય છે પણ નાબૂદ કરી શકાશે? દરદનો ઉત્પાદક હું છું તો દરદને ટાળનાર પણ હું કેમ ન બની શકું?' અંદર આવો સંવાદ ચાલી રહ્યો હતો અને બહાર અનિલ સાથે પરચૂરણ વાતો ચાલી રહી હતી. 'ત્યારે તમને દ્વારકામાં જગ્યા મળી ગઈ.' અનિલે પૂછ્યું.

'હા, કાયમી.'

'દ્વારકા તો તીર્થધામ છે.'

'હા, અને સમુદ્ર કિનારો હોઈ હવાખાવાનું સુંદર સ્થળ છે.'

'સરયૂને પહાડ કરતાં દરિયા કિનારો વધારે ગમે છે.'

'તો ચાલો થોડો વખત આવીને રહો. આપણો બંગલો વિશાળ છે અને તમને બધી રીતે અનુકૂળ પડશે.'

'સરયૂને તો મોકલવી જ છે. કેમ સરૂ?' જમવાની વાનીઓ લાવતી સરયૂને અનિલે પ્રશ્ન કર્યો.

'આપણે તૈયાર છીએ.' સરયૂએ જવાબ વાળ્યો. શા મુદ્દા ઉપર વાત ચાલી રહી છે એનો ખ્યાલએને ન હતો.

વસ્તુઓ આવી ગઈ. સરયૂએ પોતે પીરસ્યું. ત્રણે જણે વિનોદવાર્તા કરતાં એકબીજાને આગ્રહ કરીને જમાડ્યાં.

જમીને પરમાર આડેપડખે થયો. બે રાતના અખંડ ઉજાગરા છતાં એને ઊંઘ ન આવી. વાતો કર્યા કરી. ચાપાણીનો વખત થયો, ચાપાણી પીને ત્રણે જણ ફરવા નીકળ્યાં.

સરોવર તીરે ફરતાં ફરતાં એક સુંદર શિલા પર આવીને બેઠાં. સરયૂનો આનંદ આજે ઊભરાઈ રહ્યો હતો. અનિલે જોયું કે, પોતે લેવા ધારેલો માર્ગ બધી રીતે યોગ્ય હતો. સરયૂનું સ્વાસ્થ્ય સુધારવા માટે, સરયૂનું જીવન ટકાવવા માટે એ એક જ માર્ગ હતો. પણ, એ દરખાસ્ત પરમાર સ્વીકારશે કે કેમ? એની એના મનમાં ભારે શંકા હતી. પરમાર સ્વીકારે કે નહિ પોતે કરેલો નિર્ણય પોતાને અને સરયૂને સુખી કરવા માટે એકમાત્ર માર્ગ હતો એની ખાતરી હોવાથી અનિલ એ દરખાસ્ત રજૂ કરવા અધીરો બન્યો.

'સરૂ!' અનિલે કહ્યું, 'આપણે ગઈકાલે જ્યાંથી ફૂલ વીણેલાં તે પાછાં કેવાં ખીલી ઊઠયાં છે, જોયું?'

સરયૂએ પાછા ફરીને દૂર વાડ ઉપર નજર કરી તો ગુલાબનાં ફૂલ ખીલી રહ્યાં હતાં. દોડતી એ ત્યાં પહોંચી અને પોતાના સાડીના ખોળામાં વીણવા લાગી.

અનિલે પરમારની સામે જોયું. પરમાર સરયૂને દોડતી જઈને ફૂલ વીણતી જોઈ મનમાં હરખાઈ રહ્યો હતો. શું પોતાની હાજરીથી જ સરયૂનું દરદ ટળે તેમ હતું? અનિલે ખોંખારો ખાધો, પોતાની સર્વ શક્તિ એકઠી કરી, મનને સંપૂર્ણ સ્વસ્થ બનાવ્યું અને પછી બોલ્યો:

' પરમાર.

'કેમ અનિલ' એકદમ અનિલ તરફ ફરીને પરમારે પૂછ્યું. અનિલના ચહેરા પર શાંત તેજ છવાયું હતું. એ કોઈ અતિ ગંભીર, અતિ મહત્ત્વની વાત કરવા માગતો હોય તેમ બોલવા તત્પર બન્યો હતો. પરમારે પોતાની સ્વાભાવિક ગંભીરતા ધારણ કરી લીધી અને અનિલના શબ્દો સાંભળવા આતુર બની એની સામે એકીટશે જોઈ રહ્યો.

અનિલે શબ્દોની ગોઠવણી કર્યા વિના જ હૈયામાં હતું તે રજૂ કરી દીધું.

★

૨૭

'સરયૂ પાછી આવે તે પહેલાં જ તમને કહી દઉં.' પરમારની સામે જોઈને અનિલ બોલ્યો : 'સરયૂનું સ્વાસ્થ્ય છેલ્લા ચાર માસમાં લગ્ન પછી દિનપ્રતિદિન બગડતું જ જાય છે, મેં એને માટે ઘણા ઉપચારો કર્યા, પણ જ્યારે મને ખબર પડી કે, દરદ શરીરનું નથી પણ મનનું છે અને એ દરદ મટાડનાર આ દુનિયામાં કોઈ હોય તો તે એક પરમાર જ છે, ત્યારે મેં તમને તાર કરીને બોલાવ્યા. તમે તો મારા પરિચિત છો, મિત્ર છું તોયે ચાલે, પણ તમારી જગ્યાએ કોઈ અજાણ્યો યુવક હોત તો પણ તેના હાથમાં હું સરયૂની નાડ બેધડકપણે મૂકી દેત. કારણ કે, એના વધતા જતા દરદને, અસાધ્ય બનતું મારાથી જોઈ શકાય તેમ ન હતું. મેં જોયું કે, સરયૂ માબાપને રાજી રાખવા, લોકલાજને ખાતર મારે ઘેર આવી છે. અને મન માનતું ન હોવા છતાં, કુળ-મરજાદ ખાતર આ સુશીલ યુવતી આખી જિંદગી મારી ગૃહિણી બનવાના પ્રયાસમાં જાત ઘસી નાખવા તત્પર બની છે. આ વસ્તુ મેં જાણી–અનુભવી ત્યારે શરૂઆતમાં તો મારા સુખસાગરમાં

ભયંકર મોજાં ઊછળી રહ્યાં. મારા સુખની સર્વ કલ્પનાઓ નષ્ટ થતાં હું જાણે કે મારું મગજ ગુમાવી બેઠો. '

' પણ મેં સરયૂની દૃષ્ટિએ વિચાર કર્યો, મને એને પક્ષે ન્યાય જણાયો. બે માસ સુધી એનું મન બહેલાવવાના મેં પ્રયાસ કર્યા. એણે પણ પોતાનું મન વાળવા મથામણ કરી, પણ એનું શરીરસ્વાસ્થ્ય પણ બગડતું ચાલ્યું. અને અહીં આવ્યા પછી વધારે બગાડો જણાયો. આખરે મેં નિર્ણય કર્યો કે, જે વ્યક્તિના સહવાસની એ ઝંખના કરી રહી છે, તેના સહવાસમા હું આડખીલીરૂપ હોઉં તો મારે વચ્ચેથી ખસી જવું જોઈએ, અને એમાં જ એની ઉપરનો મારો ખરો પ્રેમ રહેલો છે, એ પણ હું જોઇ શક્યો. અર્ધ ગાંડાની માફક રિબાઇ રિબાઇને એ મરણશરણ થાય એ કરતાં, જેના સહવાસથી એ સુખી થવાની આશા રાખે છે તેનો સહવાસ એને મેળવી આપવો એ જ મારી એના પ્રેમી તરીકેની ફરજ છે, એમ મને લાગ્યું. એ નિર્ણય પર આવતાં મેં પણ સારી પેઠે મનોમંથન અનુભવ્યું છે. પણ પરમાર, એ નિર્ણયને અંતે મને પરમ શાંતિ મળી છે. લ્યો, આ સરયૂ પણ આવી પહોંચી.' સરયૂને આવતી જોઈને અનિલ બોલતાં અટક્યો.

પરમાર માટે આ બધું સાવ અનપેક્ષિત હતું. એને પૂરી સમજ પણ ન પડી કે અનિલના કહેવાનો ભાવાર્થ શો છે. સરયૂએ આવીને ખોળામાંથી ફૂલનો ખોબો ભરીને પરમારના હાથમાં આપ્યો ત્યારે પણ એ હજી ઊંડા વિચારમાં ડૂબેલો હતો.

' આજે તો કંઈ ખૂબ ફૂલ એકઠાં કર્યાં લાગે છે ? ' અનિલે પરમારનો ભાર હળવો કરવા પૂછ્યું.

' લો, આજ ગોવિંદભાઈ આવ્યા છે. તેમની સારુ મારે હાર બનાવવો છે. '

'અનિલકુમાર માટે હાર બનાવો. મારે એક નાનો ગજરો બસ થશે.'

'એમ કરશું ચાલો, કેમ ચંદ્ર?'

'હા, તમે ગમે તેમ કરજો.'

'અનિલચંદ્ર!' સરયૂ બોલી.

'કેમ?'

'આપણે હોડીવાળાને કહી રાખોને આજે ચાંદની રાત છે તે થોડીવાર ફેરવે.'

'જરૂર કહીશું.'

'તમને હોડી ચલાવતાં આવડે છે કે પરમાર?'

'નાનપણમાં હું ઓખા બંદરે ખારવાઓ સાથે જતો. મારા બાપા સઢ વેચવા જતા ત્યારે અમને હોડીમાં બેસાડીને એ ફેરવતો.'

'પણ તમને શોખ ખરો કે?'

'ખાસ નહિ.'

'તમને તો કોઈ વાતનો શોખ જ નહિ. એક ચોપડીઓ વાંચી જાણો.'

'અને તારા જેવીને ભણાવી જાણે.' અનિલે વચ્ચે વિનોદ કર્યો.

'પૂરુ ભણવા કયાં દીધી તમે?' સરયૂ એકદમ ભારે મોં કરીને બોલી: 'બાપુજી કહે તને અમેરિકા મોકલશું ને વિલાયત મોકલશું. જુઠા લોકો.'

'પણ હવે તને પરમાર પાસે ભણવા મોકલવી છે, જવું છે ને?'

'તમે આવો તો આપણે જઈએ.'

'હું પણ એમ જ કહું છું.' પરમાર એકદમ બોલી ઊઠયો: 'અમારે ત્યાં ચાર છ મહિના આવો, તમારી તબિયત સુધરી જશે.'

'ચાલોને ચંદ્ર, જઈએ?'

'હમણાં તો પરમાર અહીં આવ્યા છે. એમને થોડા દિવસ રોકીશું. પછી એમને જવાનું થાય ત્યારે સાથે જઈશું.'

'તમે કેટલા દિવસ રોકાશો પરમાર?'

'આપણે રોકીએ તેટલા દિવસ.'

'હેં પરમાર?'

'મેં છ દિવસની રજા લીધી છે. પરમુ દિવસે મારે નીકળવું જોઈએ.'

'લો સાંભળો. હવે તમને ક્યાંય જવા દેવાના નથી.' કહીને સરયૂએ પરમારનો હાથ પકડી લીધો.

અનિલ સામે કરુણાદૃષ્ટિ કરીને પરમારે સરયુનો હાથ ધીમે રહીને છોડાવ્યો અને પછી બોલ્યો, 'તમે કહેશો તેટલા દિવસ રહીશ.'

'હવે ખરો મારો ભાઇ.' કહીને સરયૂ હસી.

'સરૂ, આજે તારું પેલું હોડીવાળાનું ગીત સંભળાવ પરમારને.'

'રાતે ગાઉં તો?'

'રાતે બીજું ગાજે.'

'પરમાર કહે તો ગાઉં. એમને પાછો કૉલેજનો વખત થઈ જાય ને મારું ગીત અધૂરું રહે એવું નથી કરવું.'

'ગીત સંભળાવો સરૂબેન, પૂરું થશે ત્યાં સુધી સાંભળશું.'

સરયૂ પોતાની ખાસ ઢબે ઊંધા પગ રાખીને બેઠી. હાથ ખોળામાં રાખ્યા. નીચું જોઈને ગીત મનમાં ગણગણી, જરા ઊંચુ જોયું ને પછી શરૂ કર્યું.

માછીડા, હોડી તું હંકાર
મારે જાવું પેલે પાર.

અનિલ સરયૂના ચહેરા સામે જોઈ રહ્યો હતો. આટલા મોકળા અવાજે, મોકળે મને સરયૂનું ગીત એણે લગ્ન પહેલાં પોતાનાં જન્મદિનની મિજલસમાં સાંભળ્યું હતું, લગ્ન પછી સરયૂ કદી આટલી ખીલી ન હતી. એના મનમાં થયું: 'બસ સરયુને જે ઔષધિની જરૂર હતી તે મળી ગઈ. હવે એ અવશ્ય સાજી થઈ જવાની. પણ, આ પરમાર મારા કહેવાનો ભાવાર્થ પૂરો સમજ્યો જણાતો નથી. સાચે જ પરમાર મારી વાત સમજે ને સ્વીકારે તો બન્નેનો ભવ સુધરી જાય.'

પરમાર ગીત પૂરું થતાં સુધી સરયૂ સામે નીરખી રહ્યા. ગીત પૂરું થયું, ઘડીભર શાન્ત પ્રસન્નતા છવાઈ રહી.

પછી અનિલ ઊઠયો: 'ચાલો, તળાવને ચક્કર લગાવીને પછી ઘેર જઈએ.'

'ચાલો' પરમાર ઊઠયો. સરયૂ એમની પાછળ ચાલી. એનું મન આજે પ્રફુલ્લ હતું. બિડાયેલી કળી ઊઘડતી જતી હતી.

રાતે વાળુપાણી કરીને ત્રણે જણ બે ઘડી અગાશીમાં બેઠાં, ત્યારે પણ સરયુએ પોતાની મેળે જ એક બે ભજન ગાયાં, પછી પાને રમ્યાં. મોડી રાતે સૂતાં.

સવારમાં વહેલો ઊઠીને અનિલ ઘોડેસવારી કરવા નીકળી પડયો. સૂર્યોદય થતાં સુધી સરયૂ ઊઠી ન હતી. પરમારે આવીને એને જગાડી.

'કેમ હવે ક્યાં સુધી સૂઈ રહેવું છે?'

સરયૂ આળસ મરડીને ઊઠી :

'બહુ મોડું થયું? કેટલા વાગ્યા? આજે તો પરમાર, ભારે મીઠી ઊંઘ આવી.'

પરમાર એના સૂકા ચહેરા સામે જોઈ રહ્યો હતો. શું મારી હાજરી એને એક ઔષધિ હતી એ અનિલની વાત ખરી ઠરશે?' પરમાર મન સાથે બોલી ઊઠ્યો : 'તો તો ગજબ થાય. એમ ઔષધિથી શરીર વળશે ખરું, પણ એ ચાલુ રાખી નહિ શકાય. ઔષધિ તો એ જ સાચી કહેવાય જે રોગની સાથે પોતાની આવશ્યકતા પણ નાબૂદ કરે. જેનું કાયમ સેવન કરવું પડે તો જ સાજા રહેવાય, એનું નામ ઔષધ ન ગણાય.' ~

'શાનો વિચાર કરો છો પરમાર?' સરયૂ ઊઠીને બેઠી થઈ. 'તમે તો જનમના ગંભીર તે ગંભીર જ રહ્યા. ક્યાં ગયો અમારો ચંદ્ર? બોલાવો.' કહીને સરયૂ હસી.

'એ તો વહેલા ઊઠીને ફરવા ચાલ્યા ગયા છે.'

'તમે ન ગયા એમની સાથે?'

'મને પણ આજે તો ભારે ઊંઘ આવી ગઈ.'

'અહીં તો બહુ ઊંઘ આવે છે, ખોરાક પણ બહુ લેવાય છે. તમે ચાર છ મહિના રહો તો શરીર સરસ થઈ જાય.'

'એવું લાગે છે ખરું.'

'ત્યારે રહો ને પરમાર.' સરયૂ ગરીબડે અવાજે બોલી. એ દીન સ્વરમાં યાચના અને સ્નેહ બંને હતા.

પરમારે કશો જવાબ ન આપ્યો. હા કે ના કશું કહેવાની મનોદશામાં એ ન હતો.

'કેમ રહેશોને પરમાર?'

'જોઇશું. તમે ઊઠો. આપણે પણ થોડું ફરી આવીએ.'

'હા ચાલો,' એકદમ સરયૂ ઊભી થઈ. કપડાં, વાળ, ઝટપટ સરખાં કરી, દાંત સાફ કરી, તૈયાર થઈ ગઇ. અને એક આછી શાલ ઓઢીને બહાર નીકળી.

બન્ને જણા તળાવ તરફ ચાલ્યાં, પહાડ ઉપરથી ધીમે ધીમે નીચે ઊતર્યાં. તેઓ ગયાં ને અનિલ આવ્યો. બંગલાના દરવાજે ઘોડેથી ઊતરતાં એણે નજર કરી. બન્ને નીચે ઊતરતાં હતાં. સરયૂ પરમારનો ખભો પકડી ધીમે ધીમે પહાડ ઊતરતી હતી. એના બોલવાનો અને હસવાનો અવાજ આવતો હતો.

'બસ, આ એક જ ઉપાય એના રોગ-નિવારણનો હતો.' અનિલનું મન બોલી ઊઠયું: અને તે સંતોષનો શ્વાસ મૂકીને બંગલામાં પેઠો.

★

૨૮

પાંચ દિવસ, દસ દિવસ, પંદર દિવસએમ કરતાં એક મહિનો પૂરો થવા આવ્યો. અનિ[illegible] પરમારે એક માસની રજા મંગાવેલી તે પણ પૂરી થવા આવી.

સવારે સૂર્યોદય થયે ઊઠવું, ચાપાણી પીને ફરવા જવું, નાહી-ધોઈને જમવું, જમીને બેઘડી સૂઈ જવું, ઊઠીને પાછા ચાપાણી ને ફરવા જવાનું, રાતે આવીને વાળુપાણી અને પછી મધરાત સુધી પાને રમવાનું કે નવલકથા વાંચવાનું કે ગાવાબજાવવાનું. આમ ઊગે તેવો આથમે ને આથમે તેવો ઊગે એમ દિવસો આંખ મીંચીને ઉઘાડે ત્યાં પસાર થઈ જતા હતા.

સરયૂનું શરીર, કોઈએ જાદુની લાકડી ફેરવી હોય તેમ વળી રહ્યું હતું. શરીરમાં લોહી ભરાયું, ચહેરા પર લાલી આવી, આંખમાં ચમક આવી, અવાજમાં જોર આવ્યું, મન સ્વસ્થ બન્યું. જાણે કદી મગજ પરનો કાબૂ ગુમાવ્યો જ નથી એવી એ શાંત અને સ્વસ્થ બની. અનિલનો આનંદ આસમાને ચડ્યો હતો. સરયૂને

જીવતરમાં સ્વાદ આવતો હતો. પરમારને પોતાની હાજરીની સાર્થકતા જણાઈ હતી.

પણ સરયૂએ મનનું સ્વાસ્થ્ય મેળવ્યું તેની સાથે જ એની વિચારશક્તિ, વિવેકબુદ્ધિ પણ જાગૃત થઈ. એણે જાગીને જોયું તો પોતે અને પરમાર બન્ને જે માર્ગે જઇ રહ્યાં હતાં તે માર્ગ લપસણો હતો, એમ લાગ્યું. એ માર્ગ કોઇ પણ સુશિક્ષિત, ખાનદાન અને સુશીલ કુટુંબના ફરજંદોને છાજે તેવો ન હતો. એમાં નહોતી માનવતા કે નહોતી નીતિમત્તા. એમને પરસ્પર પ્રેમ હતો. પરસ્પર ભાવ હતો એ ખરું, પણ બન્નેને માટે એક હૈયું તલસી રહ્યું હતું એ વાત સરયૂના મનમાં વારંવાર ડંખવા લાગી.

મનની રોગી દશામાં એને પરમારનો સહવાસ પ્રિય લાગ્યો હતો. અત્યારે નીરોગી દશામાં એટલો જ પ્રિય લાગતો હતો પણ એ જાગી અને એણે જોયું કે, મનમાં કોઇક વસ્તુ ડંખ મારી રહી છે. એ વસ્તુ કઇ છે તેનો વિચાર કર્યો તો એને સ્પષ્ટ રીતે જણાયું કે, અનિલની વિરલ ઉદારતા અને એક મૂંગી, અબોલ, અબુધ છતાં હેતાળ હૈયાવાળી પોતાના જેવી જ સ્ત્રીનો–લાગણીનો વિચાર પોતાને અંદરથી ડંખી રહ્યો છે. વિચારશીલ પરમાર વિવેકી છતાં વિવેક ચૂકયો છે. એ અવિચારી વર્તન તરફ ઢળી રહ્યા છે. એને એ માર્ગે ખેંચનાર હું છું. તો એને એ તરફથી વાળવાની જોખમદારી પણ મારી જ છે. આમ વિચારો આવતાં સરયૂ ઘડીભર મૂંઝાઇ જતી. કયાંક પછી પોતે મન ઉપરનો કાબૂ ગુમાવી બેસશે એવો એને ભય લાગતો હતો. હાથમાં આવેલો ધનભંડાર સરી જવાની બીકે કોઈ કંજૂસ મારવાડી મૂંઝાય એમ સરયૂ મૂંઝાઇ રહી હતી. અત્યારે એ મૂંઝવણનો પડઘો પરમારના મન ઉપર પણ પડયો.

એકવાર સવારને પહોરે તેઓ ફરવા નીકળ્યાં. અનિલ ઇરાદા-

પૂર્વક વહેલી સવારે ઘોડેસ્વાર બનીને બહાર એકલો નીકળી પડતો, તેથી સરયૂ ને પરમાર સવારે એકલા જ નીકળતાં. કોઈ વાર શિલા પર તો, કોઇ વાર તળાવને કાંઠે, તો કોઇ વાર ઝાડની નીચેની ડાળે બેસતાં અને કલાકો સુધી વાતો કરતા; એ રીતે આજે પણ એક મોટી કાળી શિલા પર આવીને બન્ને બેઠા, રોજ સરયૂ કંઇક ગાતી. પરમાર કંઈક વાંચતો, ને એ સાંભળતી. આજ આખે રસ્તે સરયૂ કશું બોલી નહિ અને શિલા પર બેઠી. સરવરના શાંત નીર સામે તાકી રહી.

પરમારે પૂછ્યું: 'કેમ આજ કાંઈ બહુ ગંભીર લાગો છો?' ત્યારે જ સરયૂએ પરમાર સામે જોયું. પરમારને પણ ભીતિ લાગી કે ક્યાંક સરયૂ પાછી ભ્રમિત ન બની જાય.

પણ સરયૂનું મગજ આજે બરાબર ઠેકાણે હતું. પરમારના ભ્રમિત થતા મગજને ઠેકાણે લાવવા સારુ જ આજે એ આટલી ગંભીર બની હતી. પરમાર એ વસ્તુ કળી શક્યો નહીં. એટલે શરૂઆતના દિવસોમાં સરયુને માથે ને વાંસે હાથ ફેરવીને પંપાળતો એમ આજે પણ એ નજીક આવ્યો ને પીઠ પર હાથ મૂકીને નજરમાં નજર સમાવી પૂછ્યું: 'કેમ સરૂ, શો વિચાર કરે છે?'

સરયૂએ ધીમે રહીને પરમારનો હાથ દૂર કર્યો. પોતે સ્વસ્થ બન્યા પછી એણે પરમારનો સ્પર્શ કદી સહી લીધો ન હતો. આજે તો એ સ્પર્શમાં રહેલું જોખમ પૂરેપૂરું સમજી હતી અને એ દૂર કરવા માટે જ આટલી ગંભીર બની હતી.

'પરમાર,' સરયૂ બોલી, પરમારે સામે જોયું: 'અનિલ જેવો જુવાન તમે કદી જોયો છે?'

પરમાર પ્રશ્નનો મર્મ સમજ્યો નહિ. સરયુએ સમજાય તે રીતે પોતાના મનોભાવ વ્યક્ત કર્યાઃ 'હમણાં હમણાં મને અનિલના જ વિચારો આવ્યા કરે છે. મારી ઉપરનો તેનો પ્રેમ કેટલો ઊંડો ને નિષ્કામ છે! એનો વિશ્વાસ કેવો અચળ છે! મારા સ્વાસ્થ્ય માટે એમણે કેટલી વેદના અને હાડમારી વેઠી છે! પરમાર, મારી ઉપર જ નહિ, તમારા ઉપર પણ એનો એવો જ અપૂર્વ વિશ્વાસ છે. અનિલમાં આવી અદ્ભુત ઉદારતા હશે એનો મને સ્વપ્ને ય ખ્યાલ ન હતો.'

સરયૂ અટકી. પરમારને પણ કંઈક સમજાયું. પોતાનો હાથ કપાળ પર રહેતા તોય કલાકો સુધી આંખ મીંચીને પડી રહેનાર સરયુએ શા માટે હાથ અળગો કર્યો અને શા માટે આજે એ આટલી ગંભીર બની એ? એને ઊંડા ઊતરીને વિચારવાની ટેવને લીધે એણે પોતાનું અંતર તપાસ્યું તો જણાયું કે, સરયૂની માંદગી દરમિયાન તેને ઊંઘ આવે એ હેતુથી જ કપાળ પર હાથ મૂકી એ બેસી રહેતો ત્યારે ચિત્તની જે સ્વસ્થતા અને અંતરનો આનંદ જણાતો તે હમણાં હમણાં જણાતો ન હતો. હમણાં તો પોતે સ્પર્શસુખ અનુભવતા ભ્રમરની જેમ લીન બની જતો અને વિવેકવિચારવિહીન બનતો જતો હતો તે પણ જણાયું; એટલે સરયૂની સામેથી નજર પાછી ફેરવી અને નીચે જમીન તરફ વાળી અને સરયૂના કથનનું રહસ્ય એ વધારે વિચારવા લાગ્યો.

સરયૂ પરમારનો મનોભાવ સમજી ગઈ અને ધીમેથી એણે આગળ ચલાવ્યું, 'પરમાર માઠું ન લગાડશો. તમે મારે માટે જે કર્યું છે તે સગા ભાઈથી વિશેષ કર્યું છે. પણ, મને લાગે છે અનિલ કરતાં જે વ્યક્તિનો વિચાર મને વધારે ડંખે છે તેની

વાત પણ મારે કરી દેવી જોઇએ.' આમ કહીને સરયૂ ફરી અટકી.

પરમારનું સાંનિધ્ય—માનસિક અને શારીરિક અને શારીરિક, એને એટલું બધું પ્રિય હતું કે એ આ વાતથી પોતે ગુમાવી બેસશે એવા ભયથી સરયૂ ધ્રૂજી ઊઠી; છતાં મનની વાત મનમાં છુપાવવા કરતાં કહી નાંખવાથી જ કેટલીકવાર માણસને શાંતિ થાય છે. એનાથી કહ્યા વિના રહેવાતું જ નથી. એ રીતે જ સરયૂએ પણ વાત કહી નાખી.

'પરમાર તમારા તરફનું વલણ હું કેમે કર્યું આ જિંદગીમાં છોડી શકત કે કેમ તે સવાલ હતો, પણ અનિલનું ઔદાર્ય અને એક મૂંગી, અબુધ, અજ્ઞાન બાળાનું નિર્દોષ હૈયું, એ બે વસ્તુએ મને જગાડી છે. મજબૂત બનાવી છે. રૂપાબેન પણ મારા જેવી જ એક સ્ત્રી છે. તમારા પ્રત્યેનું મારું આકર્ષણ તીવ્રતર હોય ત્યાંસુધી તમે પણ મારા પ્રત્યે એટલા જ આકર્ષાઓ એ સ્વાભાવિક છે. મેં સૌ પહેલાં જ્યારે જાણ્યું કે, તમે પરણેલા છો ત્યારે મને ભારે આઘાત થયેલો. પણ, આજે લાગે છે, એ સ્ત્રીનું સૌભાગ્ય પણ સચવાવું જોઇએ.' સરયૂએ સહેજ પોરો ખાધો.

×

'પરમાર, તમને આ તરફ ખેંચી રાખવા અને અનિલના આકર્ષણની, એના અદ્ભુત પ્રેમની—અવગણના કરવી એ બન્ને વસ્તુ મને અન્યાયી લાગે છે, એમાં અમારા બન્નેનું સોહાગ જોખમાય છે. આજસુધી આટલી સાદી વાત પણ મને કેમ ન સમજાઈ તેનું મને આશ્ચર્ય થાય છે.' સરયૂ અટકી અને પરમાર સામે જોઈ રહી. પરમારને તો આ વસ્તુ પહેલેથી જ સમજાતી હતી. એને તો ડગલે ને પગલે અનિલ અને રૂપાં સામે તરતાં હતાં. એ બન્નેના ભારે વિશ્વાસનો પોતે દ્રોહ કરી રહ્યો છે એ પણ પોતે સ્પષ્ટ રીતે જોઈ શકતો હતો.

રાતે પથારીમાં પડયા પડયા અર્ધ નિદ્રાવસ્થામાં જાણે સરયૂને એ કહેતો હતો કે: ' તારે મને ભૂલી જવો જોઈએ. અનિલ જેવા દૈવી હૈયાના ઉદાર માનવીનો વિશ્વાસ, પ્રેમ અને સહવાસ તને મળ્યો છે એ તારું સદ્‌ભાગ્ય છે અને તારે મને ભૂલી જવો જોઈએ. કારણ કે તારા જેવી જ એક સ્ત્રી, જે બહુ ભણેલી નથી, બહુ સંસ્કારી નથી, છતાં હેતાળ અને ગૃહિણીના કેટલાક ઉત્તમ ગુણો ધરાવનારી છે, એ સ્ત્રીની ખાતર પણ તારે મને ભૂલી જવો જોઈએ.'

આ, શબ્દો સરયૂને કહેવા માટે કેટલીય વાર પરમારને હોઠે આવીને પાછા વળ્યા હતા. સરયુનું સ્વાસ્થ્ય સુધર્યા પછી અનિલની ગેરહાજરીમાં, એકાંતમાં સરયુને મળતાં, સરયૂ સાથે વાત કરતાં, ફરવા જતાં પરમારનું મન પાછું પડતું હતું. અનિલને આગ્રહ કરીને સાથે લેવા એ મનમાં બોલી જતો હતો, પણ, કોણ જાણે કેમ તે સરયૂને એક ય વાત કરી શકયો નહિ. પુરુષ ગમે તેવો વિચારશીલ અને બળવાન ગણાતો હોય છતાં ન્યાયબુદ્ધિ અને કર્તવ્યપરાયણતામાં સ્ત્રી હંમેશાં આગળ વધી જાય છે. જે વસ્તુ પરમાર કહી શકતો ન હતો, કહેવા જતાં સરયૂનો સહવાસ તૂટવાનો એને ભય લાગતો હતો, તે જ વસ્તુ સરયૂએ સામેથી કહી ત્યારે પરમાર મૂંગો બની ગયો. પરમાર પણ ન્યાયી અને કર્તવ્યપરાયણ હતો, પણ એની બુદ્ધિ ઉપર મોહનું પ્રબળ આવરણ ચડયું હતું. એ દૂર કરવા અસમર્થ બનતો જતો હતો. સરયુ, પોતે જાગી તેવું જ એ 'દૂર કર્યું' અને પરમારને જગાડયો.

ઘણીવાર સુધી બન્ને એ વિચારોનાં પવિત્ર રજકણોનાં સ્પર્શથી પ્રસન્નતા અનુભવતાં ત્યાં ને ત્યાં બેસી રહ્યાં.

*

ફરીને પાછાં બંગલે આવ્યાં ત્યારે અનિલ તેમનું સ્વાગત કરવા માટે પગથિયા ઉપર ઊભો હતો.

છ માસ પહેલાં પરમારે સાથે આવવાની ના પાડવાથી જે કાર્યક્રમ રદ કરવામાં આવ્યો હતો તે દ્વારકાની યાત્રાનો કાર્યક્રમ પરમારે પોતે જ ઘડયો. દિવસ અને ગાડી નક્કી કરી એ પ્રમાણે પત્ર પણ લખાયો. સરયૂએ પ્રવાસની તૈયારી કરી. અનિલ સાથે આવવા તૈયાર થયો.

એવામાં અમદાવાદથી શાંતિલાલ ઝવેરીનો તાકીદનો પત્ર આવ્યો. સરયૂની પ્રકૃતિ સુધર્યાથી પોતે રાજી થયાનું જણાવી લખ્યું હતું: 'તમારું બન્નેનું અમેરિકા અભ્યાસ અર્થે જવાનું તુરતમાં નક્કી કરેલ છે. આ પત્ર મળ્યે પહેલી ગાડીએ રવાના થાઓ.'

સરયૂએ અમદાવાદની તૈયારી કરી અમેરિકાના કાર્યક્રમે દ્વારકાની યાત્રાને રદ કરી. પરમારે પણ એ વાતનો સહર્ષ સ્વીકાર કર્યો.

સરયૂ અને પરમારની વાતચીતો, વાતાવરણમાં ફેરફાર, ભાવાભાવ, બધું જ અનિલ સંપૂર્ણ રીતે સમજી શકતો હતો. સરયૂના મનને આ રીતે વાળવા માટે એ અંતરથી પરમારનો આભારી હતો. પણ સ્વભાવે ઓછાબોલો હોવાથી એ ભાવ હ્રદયમાં જ અત્યાર સુધી સમાવ્યા હતા. છૂટા પડવાની ઘડી આવી એટલે એ ભાવ ઊછળી આવ્યો.

આબુ પરથી ત્રણે સાથે જ ઊતર્યાં. મહેસાણાથી છૂટા પડતાં અનિલ પરમારને ભેટી પડયો. સજળ નયને બોલ્યો: 'તમારો આભાર કદી નહિ વિસરું!' પરમારે રૂમાલ કાઢી આંસુ લૂછ્યાં. સરયૂ પણ આગળ આવી અને પરમારને નીચી નમીને પગે લાગી. પરમારે એકદમ હાથ પકડી લીધા.

'સરૂ બેન, પ્રભુ તમને સદા સુખી રાખે.'

'આજે તમે મારા સાચા ગુરુ ઠર્યા.' સરયૂનું હૈયું ભરાઈ આવ્યું. ત્રણે જણ એકબીજાં સામે સ્થિર આંખે જોઈ રહ્યાં.

ગાર્ડે સીટી મારી. ગાડીએ પાવો માર્યો. અનિલ-સરૂ ડબામાં ચડયાં, ગાડી ચાલી. પરમાર દેખાયા ત્યાં સુધી બન્ને જણ પાછું વાળી જોઈ રહ્યાં. અને પરમાર, બન્નેની જીવનયાત્રાને સફળ ઇચ્છતો ત્યાં ને ત્યાં જ ઊભો રહ્યો.

★

નવાં પુસ્તકો

૧	વિલોપન	ઝ. મેઘાણી	૩-૦
૨	માણસાઈના દીવા	,,	[illegible]
૩	સંસાર	,,	૦-૧૨
૪	ચપટી ધૂળ	,,	૦-૧૨
૫	સંત દેવીદાસ	,,	૧-૦
૬	મેઘાણીની નવલિકાઓ ખંડ ૧-૨		૬-૮
૭	તુલસીક્યારો	ઝ. મેઘાણી	૪-૦
૮	[illegible]	,,	૩-૦
૯	[illegible]	,,	૦-૪
૧૦	[illegible]	,,	૨-૦
૧૧	પાદરનાં તીરથ	જ. દલાલ	૨-૮
૧૨	કદમ કદમ બઢાયે જા	વર્મા-પરમાર	૩-૮
૧૩	કેળવણીની પગદંડી	નાનાભાઈ	૩-૦
૧૪	[illegible]	મૂળશંકર ભટ્ટ	૧-૮
૧૫	[illegible]	દર્શક	૧-૦
૧૬	પિયો ગોરી	મેઘાણી	૧-૦
૧૭	[illegible] ભાગ ૨-૩	પ્રેમચંદજી	૫-૦
૧૮	ક્રાન્તિ	મનિ ગુરજી	૬-૦
૧૯	આપણું નાગરિક જીવન	મ. મેઘાણી	૩-૦
૨૦	વિજ્ઞાનનાં વ્યાપક સ્વરૂપો	પ. શાહ	૨-૦
૨૧	દાંત અને દાંતના નૈસર્ગિક ઉપચાર	જુ. મો. દવે	૩-૦
૨૨	ધરતીનો અવતાર	પેટલીકર	૨-૮
૨૩	આતિથ્ય	ઉમાશંકર જોષી	૬-૦
૨૪	વક્તા કેમ થવાય	મ. દેસાઈ	૨-[illegible]
૨૫	બંદીઘર	દર્શક	૩-૦
૨૬	મન્વંતર	રમણિક મેઘાણી	૪-૦
૨૭	ભાવના	પેટલીકર	૨-૮
૨૮	કાળચક્ર	ઝ. મેઘાણી	૨-૦
૨૯	મેઘાણી સ્મૃતિગ્રંથ		૩-[illegible]
૩૦	[illegible]	મ. મેઘાણી	[illegible]
૩૧	ગાંધીજીની સાથે	પુરાતન બુચ	[illegible]

ભારતી સાહિત્ય સંઘ લિ.

પોસ્ટ બૉક્સ નં. ૬૭૮ મુંબઈ ૧

પોસ્ટ બૉક્સ નં. ૭૨ અમદાવાદ